કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૮ · અંક ૬ · જૂન ૧૯૭૧

તંત્રી · બચુભાઈ રાવત



જર્મન કલાકાર આલ્બ્રેખ્ટ ડ્યુરર – વિવિધ રૂપે (જુઓ આ અંકમાં)

સુવર્ણ અંક –
૫.૭૦

ખંડ-૧ 'કુમાર'માં ઇ. ૧૯૬૨થી આવતી સળંગ લેખમાળા ગ્રંથ-સ્વરૂપે

આત્મકથાનક

જેને ગુજરાત રાજ્ય તરફથી ઇ. ૧૯૬૮ના જીવન-કથા-આત્મકથા સાહિત્યના શ્રેષ્ઠ ગ્રંથ તરીકેનું રૂા. ૧૦૦૦)નું પ્રથમ પારિતોષિક મળ્યું છે.

મોટા ને લાંબા કદનાં ૩૦૦ પાનાં, પુષ્કળ સ્વઅંકિત રેખાચિત્રો તથા વિરલ ફોટોગ્રાફો સાથે

પાકા પૂઠામાં રૂા. ૧૨-૫૦ (પોસ્ટેજ માફ)

કુમાર કાર્યાલય લિમિ૰

૧૪૫૪ રાયપુર • અમદાવાદ-૧

આજકાલના વાઘલીયા અને ઉતાવળીયા જીવનમાં જ્યારે ભૂખ વગર અને કસમયે લીધેલ ભોજન પચાવવા માટે અગર તો આવા ભોજનથી થતા ઝાડા, અપચો, આફરામાં 'ચરક'ના

ઓટોઝાઇમ

(સ્વાદિષ્ટ ટોનિક-પ્રવાહી-ટીકડી)

લીવરમાંથી નીકળતા પાચક રસોને વધારી દસ્ત સાફ લાવી લોહીના રાતા રજકણો વધારી વજન વધારવામાં મદદ કરે છે.

CHARAK PHARMACEUTICALS BOMBAY

દરેક જાણીતા દવાવાળાને ત્યાં મળે છે

અગર વી. પી. પી.થી મંગાવો

ચરક ફાર્માસ્યુટીકલ્સ, મુંબઇ-૧૧

કુમાર જૂન ૧૯૭૧ • અંક ૫૭૦

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

આલ્બ્રેખ્ટ ડ્યુરર-વિવિધ વયે — પૂઠું
આલ્બ્રેખ્ટ ડ્યુરરની કૃતિઓ — મુખચિત્ર પાછળ
એના અંતરની ઘટા (કલાકાર: મોહિની બક્ષી) — પૂર્ણરંગી મુખચિત્ર
અજંટાના કલામંડપો (અનુકૃતિ: રવિશંકર રાવળ) — ત્રિરંગી પાછલી પ્લેટ
આલ્બ્રેખ્ટ ડ્યુરરની કૃતિઓ — પાછલી પ્લેટ

કાવ્યો

ડોકિયું (ફીરનસ્), કાળું ટીલું (મીન બલોલી)
આભલાં (કનુભાઈ જાની), ચૂંચવાયલું પ્રારબ્ધ (સુશીલા ઝવેરી) — ૨૦૨

ચરિત્ર

આલ્બ્રેખ્ટ ડ્યુરર — બિહારીલાલ ટાંક — ૨૦૩
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક-૧૧૦) — રવિશંકર રાવળ — ૨૧૨

વાર્તા

લક્ષ્મણરેખા — કલહંસ જોષી — ૨૧૦
હીરાની વીંટી — ૨૧૧
હમરાઝ (લઘુકથા) — પદમશી ધારશી છાડવા — ૨૧૪
યોગ્યતા (વૈતાળ પચ્ચાસી-૧૧) — વિનોદ ભટ્ટ — ૨૨૩

લેખો

તમારો તારુણ્યપ્રવેશ (વિચારવિશેષ) — ૨૦૭
પ્રોમીથિયસ — કનુભાઈ જાની — ૨૦૮
મરડો (રોગોપચાર-૬) — વૈદ્ય નગીનભાઈ ઓઝા — ૨૧૩
મનોમંથન — કાકાસાહેબ કાલેલકર — ૨૧૪
પ્રથમ શારીરિક ફેરફારો (તારુણ્યની તકલીફ-૯) — ડૉ. શિવપ્રસાદ — ૨૨૨
૬ ઘટનાઓમાંની પહેલી (અંતરગઠરી-૪૦) — ચન્દ્રવદન મહેતા — ૨૨૪
શતરંજનો કોયડો-૧ — સુરેશ મોદી — ૨૨૭
ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ (૧૮) — ડૉ. પ્ર. સુ. વૈદ્ય — ૨૨૮


વિભાગો

રંગપૂરણી હરીફાઈનું પરિણામ — ૨૦૯
સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા, બે મહાકવિ) — ૨૧૫
સ્વ. નસીમ (ઊર્મિની ઓળખ-૨૧) — જલન માતરી — ૨૧૬
કલાવાર્તા (સ્વ. કૅપ્ટન નારાયણભાઈ ખેર, લોકપ્રિય ચિત્રકાર) — ૨૧૮
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૨૬
ટપાલટિકિટની કથા-૬ — યશવંત મહેતા — ૨૨૯
માધુકરી (એક ગુણિયલ ગૃહલક્ષ્મી, પથ્થરોમાં લિંગભેદ) — ૨૨૯
આ માસ ઇતિહાસમાં — ૨૩૨
છેલ્લું પાનું — ૨૩૩


કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ ૧-૭૫

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે




નુરેમ્બર્ગ ઈ. ૧૪૯૯માં. જે અનેક પહલુઓથી આલ્બ્રેખ્ટ ડ્યુરરે ચિત્રસાધના કરેલી તેમાં એક પાસું દશ્યચિત્રોનું પણ હતું. અલબત્ત, ચિત્રકળામાં દશ્યાલેખનની સ્વતંત્ર શાખાનો એના સમયમાં બહુ વિકાસ નહોતો થયો અને કદાચ ડ્યુરરે પોતે પણ એને એ રીતે નહોતું વિકસાવ્યું; પણ જે કંઈ નવું જુએ તેને કાગળ પર ઉતારી લેવાની એને જે ટેવ હતી તેથી અનેક અવનવી ચિત્રનોંધો સાથે સુંદર દશ્યો પણ આપણને મળ્યાં છે. પ્રવાસનો પણ એને એવો જ શોખ હતો, એટલે એ રીતે પણ એણે ઘણાં સુંદર દશ્યો ઉતાર્યાં હતાં. એનાં આ ચિત્રો જેમ વૈવિધ્યથી તેમ વાસ્તવિકતાથી યે ભરપૂર છે. એ પાંચસો વર્ષ પહેલાંનાં છે એવું લાગે જ નહિ એટલી આગવી અને સચોટરીતે એણે એ કરેલાં છે. એટલાં જ સચોટ છે એનાં અન્ય અભ્યાસચિત્રો. નીચે ડાબી બાજુ આપેલું 'સસલું' એની એ શક્તિનું પ્રમાણ છે. ડ્યુરરનું જે વિશાળ પરિચિત વર્તુળ હતું તેમાંથી અનેક વ્યક્તિઓનાં એણે તસવીરચિત્રો કર્યાં છે. પણ તેમાં સ્ત્રીઓની તસવીરો પ્રમાણમાં ઓછી છે. એક મત એવો છે કે એને એમાં ઓછી ફાવટ હતી; પણ એ યુગમાં જાહેરજીવનમાં સ્ત્રીઓ ઓછી દેખાતી અને એનો સામાજિક દરજ્જો પણ ઊંચો નહોતો તેથી આવું બન્યું હોય એ કદાચ વધુ સાચું છે. બાકી સ્ત્રીસૌંદર્યને એ ન જોઈ શકે એવી તો એની આંખ નહોતી જ. નીચે એવી એક તસવીર આપી છે.



સસલું: ડ્યુરરનું જગવિખ્યાત સુંદર જળરંગી પ્રાણીચિત્ર



ઈલ્ઝબેથ ટ્યુચર: ડ્યુરરે કરેલી એક ઉમદા તસવીર



એના અંતરની ઘટા: કલાકાર મોહિની બક્ષી - આ ચિત્ર વિષે તેઓ પોતે જ કહે છે: 'પહાડી પરની વૃક્ષઘટાઓ વચ્ચેથી રોજ પસાર થતાં અને આવતી જતી મોસમનાં ગીતો સાંભળતાં સાંભળતાં કુદરતનાં અવનવાં સ્વરૂપો જોઈ મનમાં ઘણી વાર આવી આકૃતિનું દર્શન થતું. અંતરમાં થતું આ સકળ વનરાજિ તારા જ ફેલાએલા હાથ કે શણગાર જેવી નથી લાગતી? વૃક્ષોની આ શોભામાં તું પોતે જ નથી? પુષ્પોની ઢગલાબંધ માળા પહેરે તો યે ખૂટે નહિ એવા આ અલૌકિક વૈભવનો રાજા તું જ આ જંગલમાં વસેલો નથી શું? અને એક વાર રેશમી ખાદી પર બાટિક દ્વારા એ મન વિભોર કરતા ભાવઆકારને મૂર્તિમંત કરી દીધા. એક અસ્વાભાવિક માનવીય કે દૈવી આકાર એમાં કેન્દ્રસ્થાને છે. એની ચોમેર બાજુ ઝાડપાન ને વેલવેલીઓ વીંટળાએલાં છે. વૃક્ષઘટાની વચ્ચેવચ્ચે દેખાતાં સૂર્યકિરણોના ઝબકારા એના ભીતરી પ્રકાશનું ભાન કરાવે છે.'



ઍગ્નિસ: લગ્ન પછી તુરતના જ ગાળામાં એક વખત વિચારમગ્ન બેઠેલી પત્નીના તેનાથી અજાણતાં આલ્બ્રેખ્ટ ડ્યુરરે આ એક સ્કેચ કરી લીધેલો. પાછળથી તેણે તેમાં પોતાની સહી સાથે પ્રેમોદ્રેકથી લખ્યું: 'મારી ઍગ્નિસ'. આ ચિત્રનોંધ એણે મળેલી તકને ઝડપી લઈને અને પોતાની લાક્ષણિકતાથી પ્રેરાઈને મ એક અંગત સ્મૃતિ તરીકે જ ઝડપથી કાગળ પર ઉતારી લીધેલી. પણ તેમાં યે વિચારમગ્ન નવવધૂની મુગ્ધતાને ઝડપવામાં ડ્યુરરની ત્વરિતાલેખનની શક્તિ તથા પાછળથી ઉમેરેલા ઉષ્માભર્યા બે શબ્દોમાં એ કાળે પત્ની પ્રત્યેના તેના મનોભાવોનું દર્શન થાય છે.

નીચે: એની જ પણ જરા વધુ ચીવટથી કરેલી એની એક પુષ્પછોડની અભ્યાસનોંધ.



ડૅકિયું / ઉશનસ્

· વૈતાલીય ·

જળ આ જરી શાન્ત થાય તો
  પડયું જે વેરવિખેર ખંડિત
પ્રતિબિંબ પુનશ્ચ સંહિત
  થઈ જાયે મળી પૂર્ણ ચંદ્રનું;
  પણ આ વેરી ઠરે જ શાનું તે?

જળ આ જરી નીતરે, ઠરે
  ક્ષણ અચ્છોદ સમું, ક્ષણાર્ધ યે;
ફરકચે જતી શર્ફરી[1] સમી
  તળિયે કોઈ પિયાસી આંખડી
અહીં કોઈ નિગૂઢ લીન છે
  પણ ચ્હેરો પકડાય પૂર્ણ ના.
સખી, આ જરી નીતરે કની...
ભવથી અહીં કો ઝળુંબિયું,
  પરખી તો લઉં 'કોનું ડૅકિયું.'

[1] માછલી

અશાંત સંક્ષુબ્ધ જળમાં લાંબા સમયથી કોઈ નિગૂઢ ચહેરો પ્યાસી આંખે ડૅકિયું કરી રહ્યો છે, પણ આ પાની જરા શાંત થાય, નીતરે ને ઠરીને અચ્છોદ સમાં સ્થિર થાય તો એ ચહેરો પકડી શકાય ને?

કાળું ટીલું / મૌન બલોલી

· કટાવ ·

મોલ લચેલાં ખેતર એવાં
આઘાં નાઠાં, જાણે;
સાંજ પડે ને
મૂઠ્ઠી વાળી જાય ભાગતી છાયા.
છેવાડે ઊભેલા પેલા ચબૂતરાને
ખેસવતાં ખેસવતાં આજે
શ્હેર વચોવચ લાવ્યા.
સિમેન્ટ કેરા અડાબીડ તોતિંગ
જંગલો મધ્યે આજે
અજવાળાનું ચામાચીડિયું ભટકે,
માથા ઉપર સૂરજ જાણે
ફાંસા જેવો લટકે.
ચંદ્ર બાપડો, રાંક ચાંદની
વીજ-થાંભલા નફ્ફટ;
કોઈ મવાલી જેમ પડયા છે
પડછાયા પણ લંપટ.
કલરવનાં સહુ ઝાડ સૂકાઈ ગયાં
પાંદડું એક મળે ના લીલું,
લોલકની આ ટિક્ટિક્ જાણે
કોલાહલને ભાલે કાળું ટીલું.

નિસર્ગરસ્ય ગ્રામજીવનને ભરડો લઈ ભરખી જતી શહેરી સંસ્કૃતિના આક્રમણનું આલેખન.

આભલાં / કનુભાઈ જાની

· કટાવ ·

આભલાં ગાજયાં!
ધરબાએલાં,
ધૂળ થએલાં
બીજ તે જાગ્યાં!
આભલાં ગાજયાં!

આભલાં ગાજયાં!
સાવ કોરાં ધાક
શૂન્ય કેરાં
ઊંડળ ડોલ્યાં;
ઊમટી આવ્યું
અતલ આખું!
અવકાશે
અંઘોળ શાં આંજયાં!
આભલાં ગાજયાં!

આભલાં ગાજયાં!
ઊખડયું પાતાળ,
શ્વસવા લાગ્યાં
ધૂળનાં ઢેફાં,
કયારીઓ બની
કબરો હાલી,
ઊંચેરે માથે
લીલોતરી હાલી,
વગડા હાલ્યા,
સાવ સૂકેલાં
પાંદડે-જાગ્યાં
ગાનથી છાજયાં!
સાદના પાડી
કટકા તેણેક
ગહેકતા મનમોરા રાજયા!
આભલાં ગાજયાં!

આભલાં ગાજયાં!
સાવ સૂકીલંઠ
કેડીઓ હાલી,
તીરાડોનાં સાંધણ હાલ્યાં,
પર્વત કેરી કંદરા હાલી,
જોગંદરની ધૂણીઓ હાલી,
વખડા કેરી
બખોલ વંકી
વીજ કેરે સનકારે હાલી,
અંધકારોના
ઓળા ચપોચપ
વેલડિયુંની વીજને બાઝયા!
આભલાં ગાજયાં!

આભલાં : ચોમાસાના આગમનનું ચિત્ર; ગૂંચવાયલું પ્રારબ્ધ—સમૃદ્ધ પણ સંતતિહીન દંપતીનું, સ્વજનના ઘરની મુલાકાતને અંતે જાગતું.

ગૂંચવાયલું પ્રારબ્ધ

સુશીલા ઝવેરી

· છંદ હરિગીત ·

અમારો બાદશાહી ઠાઠ...
સભર સમૃદ્ધિભર્યાં
ગૃહઆંગણું દીવાલ
ને ખૂણેખૂણા;
ને એ જ સમૃદ્ધિતણો
અમ ચાલમાં કેફી ખુમાર...
વળી કોઈ અનેરી
લાગણીના તત્ત્વથી અંતર
ઉભય અમનાં ભર્યાં;
ને તૃપ્તિ બસ દાંપત્યની.
ગૃહ-સજાવટમાં
કશી ઊણપ નહીં.
ના એક ચીજ આઘી ખસે,
મન મહીં એ વાતનું
હુંપદ વસે.

એક દી' મળવા ગયાં કો
સ્વજન ઘર.
ત્યાં કર્યાં
દીવાલ-દરવાજે
હથેલીની ઘણી રેખા સમા
આડા ઊભા લીટા
બકુલના મૃદુલ કરથી.

જોઇ એ
ઉદ્ગાર સહસા
સરી પડ્યો : 'રે નૂતન!
આપણા ગૃહની ઘણી
શોભા મહીં આજે દીસે
સુજને ઊણપ.
જો તું આ
દીવાલ-દરવાજા તણું
કેવું સુશોભન!'

ને નૂતન
નયનાનાં નેણોમાં
નજર નાખી
કશી છુપાવવા ભીનાશને
પાંપણનો પરદો
સહજમાં ઢાળી ગયો;
ને નયના નિજ
પેન્સિલની રેખા સમા
ગુંચવાયલા પ્રારબ્ધ પર
નિશ્વાસ ખેંચી મૂકતી.

કવિલોક ગુજરાતી કવિતાનું ત્રૈમાસિક મુખપત્ર : શ્રી વસુદેવ સ્માર્તનાં ઋતુચિત્રોથી મંડિત પૃષ્ઠ, કવિઓના નિજી હસ્તાક્ષરોમાં તેનાં કાવ્યો સાથેની તસવીરો તથા પરિચય, અને અભ્યાસ-ઉપયોગી ગદ્યલેખો તેમ જ નવાં કાવ્યસર્જનો સાથેનું, શાળામહાશાળાઓ તથા કવિતારસિકો માટેનું ત્રૈમાસિક. વાર્ષિક રૂ. ૬ / કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ-૧



◁આલ્બ્રેખ્ટ ડયુરર: ચિત્રમાં બારીની નીચે જાતે લખેલી નોંધ પ્રમાણે પોતાની ૨૮ વર્ષની વયે એણે આ આપ-છબિ ચીતરી છે. આવી નિજી-તસવીરો ઉપરાંત ઘણાં ચિત્રસંયોજનોમાં પણ એણે એક પાત્ર તરીકે પોતાની જાતને મૂકી છે. આ વર્ષે એના જન્મની પંચશતાબ્દીની ઉજવણી નિમિત્તે જર્મનીમાં પ્રકટ થએલા એક સુંદર પોસ્ટરની છાપ 'વેસ્ટ જર્મન ન્યૂઝ'ના સૌજન્યથી આ અંકના પૂઠા પર આપી છે. તેમાં પણ ડયુરરે પોતે જ આલેખેલી પોતાની વિવિધ વયની મુખાકૃતિઓ તથા એની લાક્ષણિક સહીનું સુંદર આયોજન છે.

યુરોપના કલાક્ષેત્રમાં ઇટલીનું નામ મોખરે છે, અને લીઓનાર્દો દ વિન્ચી, માઇકેલૅન્જેલો અને રાફાએલ જેવા પ્રતિભાવાન કલાકારોએ એને અનોખી જેબ આપી છે. પણ આ માઇકેલ-ઍન્જેલો અને રાફાએલ જ્યારે પોતાની કારકિર્દી ઘડી રહ્યા હતા અને લીઓનાર્દો પોતાની બહુમુખી પ્રતિભાને અનેક ક્ષેત્રે અજમાવી રહ્યો હતો ત્યારે આ સંસ્કારજગતથી વિખૂટા જર્મનીમાં એકલપંડે અને આપબળે કલાના માધ્યમ દ્વારા પોતાના જીવનકાર્યની સિદ્ધિ માટે એક અદનો આદમી મથી રહ્યો હતો. આજથી પાંચસો વર્ષ પહેલાંના જર્મનીને ધ્યાનમાં રાખીને જોતાં એના એ પ્રયત્નોએ જે સાફલ્ય પ્રાપ્ત કર્યું હતું એ અનોખું ને વિરલ હતું એટલું જ નહિ, માઇકેલૅન્જેલો, રાફાએલ અને આગળ જતાં એલ ગ્રેકો જેવા જગવિખ્યાત કલાકારોનાં સર્જનો પર પણ એની અસર પડી હતી!

આલ્બ્રેખ્ટ ડયુરર એનું નામ. આજે પાંચ સો વર્ષ પછી પણ વૂડકટ અને ઍન્ગ્રેવિંગનાં ક્ષેત્રોમાં તો એની ખ્યાતિ એટલી ઉજ્જ્વલ છે કે એને પડછે એણે બીજાં ક્ષેત્રોમાં કરેલું કાર્ય—સ્વપ્રયત્ને વિકસાવેલા નાનાવિધ ચિત્રાલેખન-પ્રકારો તથા ચિત્રકામના સિદ્ધાંતોને સમજાવતા એના લેખનના પ્રયાસો—લગભગ ઢંકાઈ જાય છે. એ જમાનામાં ચિત્ર-કળા મોટે ભાગે દેવદૂતો ને સંતોનાં તથા કંઈક અંશે આશ્રયદાતાઓનાં છબિચિત્રોમાં જ પર્યાપ્ત થઈ જતી. પણ સાંસ્કૃતિક પુનરુદયના આ-રંભના એ કાળે પ્રજા એક નવો જ વળાંક લઈ રહી હતી અને રૂઢિગત ધાર્મિક વર્ચસ્વ સામે માર્ટિન લ્યૂથર જેવા સુધારકો જીવને જોખમે માથું ઊંચકી રહ્યા હતા ત્યારે, એ પલટાતા યુગના પ્રભાવો ઝીલીને તેને કળા દ્વારા વ્યક્ત કરવાનું કાર્ય આલ્બ્રેખ્ટ ડયુરરે જર્મનીમાં લગભગ એકલે હાથે કર્યું. વૂડકટ અને ઍન્ગ્રેવિંગમાં અભિવ્યક્તિની અને કૌશલની એણે સર કરેલી ટોચે પહોંચવાનું તો બીજાઓ માટે આજ સુધી જર્મનીમાં કઠિન રહ્યું છે. અને એટલે જ આજે એ દેશ પોતાના એ પ્રતિભાવાન પુત્રની પાંચસોમી જયંતી મોટા ઉત્સાહથી ઊજવી રહ્યું છે.

પણ એણે જે ભૂમિને ગૌરવ આપ્યું છે એ દેશ એના વડવાઓનો ન હતો. જર્મની તો ડયુરર કબીલાનું બીજું રહેણાક હતું. જોકે આલ્બ્રેખ્ટનો જન્મ, કાર્ય ને મૃત્યુ ત્યાંનાં નુરેમ્બર્ગ ને ફ્રૅંકોનિયા નગરો સાથે જ સંકળા-એલાં છે, પણ એના પૂર્વજોનો ઇતિહાસ તો હંગેરી તરફ દોરી જાય છે.

આજે નામશેષ બની ગએલા ગ્રૉસવર્ડાઈન (Grosswardein)થી ચાળીસેક માઇલ દૂર આયટાસ (Aytas કે Eytas) નામે ગામમાં એ કુટુંબનું અસલ રહેઠાણ. આયટાસ એટલે દ્વાર (Tür). તે ૫રથી ડયુરરના પિતા પોતાના નામ સાથે Türer—ટયુરર લખતા અને એમની કુલ-સંજ્ઞામાં પણ ખુલ્લા બારણાનું આલેખન હતું. પણ હંગેરી-થી આવ્યા હોવા છતાં એમનામાં મૅગ્યાર લોહી નહોતું. ડયુરરે બહુ ચીવટથી બનાવેલા એના પિતાના ચહેરા પરથી તેઓનો વંશ હંગેરી તરફનો હોવાનાં કોઈ લક્ષણો જણાતાં નથી; એટલે મનાય છે કે ઈ. ૧૨૪૧નાં મંગોલ આક્રમણો પછી વેરવિખેર થઈ ગએલી હંગેરીની જ-ર્મન વસાહતોમાંથી એમનો કબીલો ઊતરી આવ્યો હશે. ત્યાં તેઓ ખાણમાં કામ કરતા કે ઢોર ઉછેરતા. આમ કેટલી પેઢીઓ ગઈ એ તો રામ જાણે, પણ આલ્બ્રેખ્ટના પિતામહ ઍન્ટની ડયુરર સોનીનો વ્યવસાય કરતા. એના ત્રણ પુત્રોમાંનો એક આલ્બ્રેખ્ટ (ચરિત્રનાયક-નો પિતા) પણ આ બાપીકા ધંધામાં પડયો ને એને પરદેશ ખેડવાની ઇચ્છા થતાં ઈ. ૧૪૫૫માં એ જર્મની આવી નુરેમ્બર્ગમાં સ્થિર થયો.

નુરેમ્બર્ગ અને દક્ષિણ તથા પશ્ચિમ જર્મનીનાં શહેરોમાં ત્યારે સમૃદ્ધિની છોળો ઊડતી હોઈ ત્યાંના પૈસાદાર અને સત્તાશાળી વર્ગમાં સોનાચાંદીની કારીગરીની સતત માગ રહેતી. નુરેમ્બર્ગ ઉપરાંત સ્ટ્રાસ-બર્ગ, કોલોન અને ઑગ્સબર્ગમાં કારીગર સોનીઓની બોલબાલા હતી. એમનું એક વગદાર ને વ્યવસ્થિત મંડળ પણ ચાલતું ને તેમની દુકાનો-માં કલાકૌશલનો વિકાસ થતો રહેતો. સોની આલ્બ્રેખ્ટ નુરેમ્બર્ગના સોનાર મંડળના પંચનો સભ્ય ને પોતાની શેરીના કુટુંબોનો નાયક પણ બનેલો. આગળ જતાં એ ટંકશાળમાં નિરીક્ષક અને પારેખ પણ થએલો. નુરેમ્બર્ગમાં એણે પોતીકું મકાન પણ રાખેલું જે એક ભદ્ર લત્તામાં હતું અને ત્યાંના જાણીતા ચિત્રકાર વૉલ્ગેમુટ (Wolgemut), વૈદ્ય અને ઇતિહાસકાર હાર્ટમાન શેડેલ (Hartman Schedel), મુદ્રક-પ્રકાશક કૉબર્ગર (Koberger) અને લહિયા ન્યૂડૉર્ફર (Neudorfer) જેવા એના પડોશી હતા. આમ, આ આલ્બ્રેખ્ટ સોનીનું ત્યાંના સમાજમાં એક પીઢ અનુભવી અને ઉસ્તાદ કારીગર તરીકે મોભાદાર સ્થાન હતું.

આ આલ્બ્રેખ્ટ સોનીને ત્યાં ઈ. સ. ૧૪૭૧ની ૨૧મી મેએ આપણા ચરિત્રનાયક આલ્બ્રેખ્ટનો જન્મ થયો. કુલ અઢાર ભાઈભાંડુઓમાં આ આલ્બ્રેખ્ટ ત્રીજો હતો. શાળાભ્યાસની પણ એને તક મળી, જે એ જ-માનામાં કારીગર વર્ગમાં લગભગ અસંભવિત હતી. મોટો થતાં ઘરની પરંપરાગત કોઢમાં થતી કારીગરીથી તો એ પરિચિત થયો જ; પણ એને ખાસ નાદ તો ચિત્રકાર બનવાનો જાગ્યો. ત્યારે ત્યાં ચિત્રકાર્યની ગણના પણ કારીગરીની તોલે જ થતી હતી એટલે પિતાની ઇચ્છા તો તેને કુશળ સોની બનાવવાની જ હતી, પણ કોઢમાં દીકરાનો જીવ કૉળતો ન જોવા-થી અંતે એને પડોશના માઇકેલ વૉલ્ગેમુટને ત્યાં ઉમેદવારીમાં મૂકયો.

વૉલ્ગેમુટની ત્યારે ત્યાં ચિત્રકાર તરીકે મોટી નામના હતી. કિશોર આલ્બ્રેખ્ટ એને ત્યાં શીખવા રહ્યો એ અરસામાં જ એણે એક આખો ઇતિહાસ ચિત્રિત કરવાનું કામ રાખેલું, જેમાં આલ્બ્રેખ્ટને પ્રસંગચિત્રો-

ઇટલીના ઉચ્ચ સંસ્કારપ્રવાહથી વિખૂટા રહેલા જર્મનીમાં પરંપરાગત સોની કબીલામાં જન્મેલો એક

સામાન્ય કારીગર આલ્બ્રેખ્ટ ડ્યુરર

જેણે ઉચ્ચ કલાની લગનીથી દૂર દેશાવર ખેડીને તેનું ઝરણ વાળી લાવી એકપંડે ને એકલે હાથે અખંડ ઉદ્યમ અને પ્રબલ પરિશ્રમભરી એકલવ્યની ઉપાસનાથી તેને સ્વદેશની કલામાં સમરસ કર્યું અને નવોત્થાનકાળનો જર્મનીનો મહાન કલાકાર બન્યો. પોતાના એ પ્રતિભાવાન પુત્રની પાંચસોમી જયંતી આજે જર્મની ઊજવે છે.

નાં આલેખનોનો ઘણો સારો મહાવરો મળી ગયો. વૉલ્ગેમુટ વૂડકટની કોતરણીમાં પણ નિષ્ણાત હતો એનો લાભ આલ્બ્રેખ્ટને મળ્યો. ચારેક વર્ષની આ તાલીમ પછી આલ્બ્રેખ્ટ કૉલ્માર અને આલ્સેસના પ્રવાસે ગયો જ્યાંથી બાલ જઈ એણે ગ્રંથચિત્રો માટે થોડાં વૂડકટ કર્યા. ત્યાં તો ૧૪૯૪માં પિતાએ એને લગ્ન માટે નુરેમ્બર્ગ પાછો બોલાવી લીધો.

એ લગ્ન જૂના કાળનું વ્યવહારલક્ષી હતું. એ સમયના ધાતુકામના એક ઘણા અચ્છા કારીગર અને નુરેમ્બર્ગની નગરપાલિકાના એક જવાબદાર અમલદાર હાન્સ ફ્રે (Frey) તથા આલ્બ્રેખ્ટ સોની એ બે વડીલોએ પોતાનાં પુત્ર-પુત્રી વચ્ચે એ લગ્ન યોજ્યું હતું. પુત્ર આલ્બ્રેખ્ટ અને પુત્રી ઍગ્નિસે તો એનો સ્વીકાર જ કરી લેવાનો હતો. ડ્યુરર કુટુંબને મન આ એક પૈસાપાત્ર અને મોભાદાર કુટુંબ સાથેનો નાતો હતો, અને હાન્સે દીકરીને સારો એવો દાયજો પણ આપ્યો. ડ્યુરરે તેના આધારે ૧૪૯૭માં પોતાની 'વર્કશૉપ' ચાલુ કરેલી જ્યાં એ પોતાનાં વૂડકટ બનાવતો ને છાપતો. પણ એના આ લગ્નજીવન વિષે બહુ સ્પષ્ટ માહિતી પ્રાપ્ય નથી. અન્ય બધી બાબતોમાં નોંધ અને પત્રો દ્વારા પોતાના વિચારો ને અભિપ્રાયો વ્યક્ત કરનાર ડ્યુરર આ બાબતમાં લગભગ મૂગો રહ્યો છે. જો કે પોતાની એ નવપરિણીતાના, તેની જાણ વિના કરેલા એક સુંદર ને સ્વાભાવિક સ્કેચ નીચેની સહી સાથે એણે ઍગ્નિસને 'મારી ઍગ્નિસ' કહી નિર્દેશી છે; પણ તે પછી પોતાનાં માતાપિતા વિષે જે ઉષ્માભરી નોંધો એણે કરી છે તેવી ઉષ્મા એણે પત્ની વિષે ક્યાં યે દર્શાવી જણાઈ નથી. ડ્યુરરના એક ખાસ મિત્ર પિર્કહાઇમરે ઍગ્નિસને 'અવળચંડી, ઈર્ષાળુ અને વઢકણી' વર્ણવી છે. ઈટલીની પોતાની સફર વેળા ડ્યુરર પત્નીને ઘેર જ રાખી ગએલો તે, તથા ઍન્ટવર્પમાં એક યજમાનને ત્યાં પોતે એકલો જ એમની સાથે જમવા બેસશે અને પત્ની તથા નોકરાણી અલગ બેસશે એ પ્રમાણે કરેલી માગણી, આ હકીકત એના લગ્નજીવન પરત્વે કંઈક આશ્ચર્ય જેવી લાગે છે.

લગ્ન પછી થોડા જ વખતે એ ઇટલી જઇને થોડા માસ વેનિસમાં રહ્યો ત્યાંની એને એટલી તો માયા લાગી કે જર્મની પાછા ફરવું ગમતું નહોતું. કેમ કે ઈટલીમાં એણે નવી કળાનાં દર્શન કર્યાં એટલું જ નહિ, પણ કલાકારોની ગણના વિદ્વાનો, તત્ત્વજ્ઞો ને ભદ્ર સમાજની તોલે થતી જોઈ. પોતાનાથી અજાણ એવું કલાનું જુદું જ રૂપ એણે ત્યાં જોયું. રંગની એક નવી જ નજાકત તેણે અહીંનાં ચિત્રાલેખનોમાં પ્રીછી. માનવપાત્રોના ચિત્રણમાં પણ ઇટાલિયન અભિગમ એણે ઠીકઠીક જાણી લીધો. એના આ બધા નવા જ્ઞાનની અસર ત્યાર પછીની તેની કૃતિઓમાં ઊતરી છે. વૂડકટ અને ઍન્ગ્રેવિંગથી આગળ વધી એણે કેટલાંક ચિત્રો પણ કર્યાં. ઈટલીની એ પહેલી ટૂંકી સફરેથી આવીને એણે બાઈબલના છેલ્લા પુસ્તક પર આધારિત 'ધી ઍપૉકૅલિપ્સ' નામની વૂડકટની વિખ્યાત ચિત્રમાળા સર્જી.

માનવપાત્રોના આલેખનમાં એને મૂળથી જ રસ હતો. ઈટલીમાં એણે એ વિષે વધુ સમજદારી મેળવી, પણ તે પછી તો એણે પોતાની રીતે જ એ પ્રશ્ન ઉકેલવા અપાર મહેનત કરવી પડી; કેમ કે માનવદેહના અભ્યાસની જે સવલત ઇટલીમાં હતી એ નુરેમ્બર્ગમાં લભ્ય નહોતી. શરીરનાં અંગઉપાંગોની રચનાના અભ્યાસ માટે મૃત માનવદેહનું છેદન, તેમજ ચિત્રકામ વખતે નિર્વસ્ત્ર માનવપાત્રને સામે બેસાડવાનું જર્મનીમાં એને માટે જરા યે શક્ય નહોતું. અને એટલે જ ઈટલીની સફરમાંથી મેળવેલી દૃષ્ટિથી એણે જર્મનીમાં ચિત્રાલેખનમાં જે નવાં તત્ત્વો દાખલ કર્યાં તેનું ત્યાંની કળાના વિકાસમાં પાયાનું ને મોટું મહત્ત્વ છે. દૂર દેશાવર ખેડીને કલાના નવા મર્મ અને નવા કૌશલ માટેની એની લગન અને સિદ્ધિ માટેના એના એકલવ્ય જેવા આ પુરુષાર્થે એને ત્યાંના કલાવિકાસના ક્ષેત્રમાં ઘણા ઊંચા સ્થાને મૂકી દીધો.

અશિક્ષિત કારીગરમાંથી પોતાનાં આ ખંત અને જહેમત વડે જ એ પાંચપાંચ સદીઓ સુધી અનોખી બની રહે એવી સિદ્ધિનો સ્વામી બન્યો. પોતાની ત્રૂટીઓનું એને અચૂક ભાન હતું, ને એવું જ પોતાના નિશાન પર એનું અચૂક લક્ષ! એ જે કઠોર વાતાવરણમાં ઊછર્યો હતો તે જોતાં એ ઈટલીની સુસંસ્કૃત ભૂમિકા પર પોતાની કલા-અભિવ્યક્તિ





જમણે છેડે: પોતાની આવડત અને વ્યવહારદક્ષતા વડે નુરેમ્બર્ગના સોની સમાજમાં તથા રાજ્યની સેવામાં પ્રતિષ્ઠિત સ્થાન પામનાર ડ્યુરરના પિતા આલ્બ્રેખ્ટ ડ્યુરર; ને (વચ્ચે) ૧૫ વર્ષની વયે પરણી, ૧૮ સંતાનોની માતા બની, ગરીબી, નાનીમોટી માંદગી, કૌટુંબિક ઉપહાસ-ઉપેક્ષા અને નવ નવ વર્ષનું વૈધવ્ય તથા નિઃસંતાન પુત્રનો ગૃહસંસાર જોયા પછી યે સ્વસ્થ સહનશીલ રહેલી તેની માતા બાર્બરાની કલાકાર પુત્ર આલ્બ્રેખ્ટ ડ્યુરરે કરેલી તસવીરો.




રજૂ કરી શકે તેમ ન હતું. પણ એણે પ્રચંડ પુરુષાર્થ ખેડવા માંડચો અને સ્વદેશમાં એણે પોતાની મહત્ત્વાકાંક્ષા સમી પીંછીની કળાને લાકડાં પર વૂડકટમાં અને પતરાં પર ઍન્ગ્રેવિંગમાં ઉતારવા માંડી. માત્ર કાળી રેખાઓની એ એકરંગી છાપોમાં યે ડ્યુરરે તેજ અને છાયા, અગ્નિની જ્વાળા અને પ્રકાશમાં કિરણો, ઘટાટોપ વાદળો ને કડાકા કરતી વીજળી, નજાકત ને ભવ્યતા, માનવદેહમાં દેખાતી બધી ભાવભંગિ—અરે એના અવાજના ભાસ સુધ્ધાં એણે એમાં પ્રત્યક્ષ કરી બતાવ્યાં છે; અને તે પણ એટલાં સંપૂર્ણ રીતે, કે એમાં ક્યાં યે રંગનું ટપકું સરખું યે મૂકવાનું જરૂરી લાગતું નથી. જો કે ડ્યુરર પોતે તો પોતાનાં એ સર્જનો પ્રતિ જુદી જ દૃષ્ટિથી જોતો હતો. એના પત્રો અને અન્ય લખાણો પરથી સમજાય છે કે વૂડકટ ને ઍન્ગ્રેવિંગ કરતાં એ પોતે તો 'ચિત્રકામ'ને જ વધુ મહત્ત્વ આપતો હતો.

વેનિસમાં વસતા જર્મન વેપારીઓની તસવીરો ચીતરવા નિમિત્તે તેને ફરી ૧૪૯૫માં ત્યાં જવાની તક મળી. 'ધ ફીસ્ટ ઑાવ ધ રોઝ ગાર્લૅન્ડ્ઝ' નામનું એક અતિ સુંદર ચિત્ર તેણે ત્યારે કર્યું (આજે એ પ્રાગમાં સંઘરાએલું છે) અને તે પર ઈટલીના નામી ચિત્રકારોની પણ પ્રશંસા મેળવી. તેની આ ચિત્રશક્તિથી પ્રભાવિત થઈ વેનિસના પ્રખ્યાત ઉસ્તાદ ચિત્રકાર બેલિનીએ ભારે કિંમતે એની ચિત્રકૃતિઓ માટે માગણી કરેલી, અને રાફાએલે તો ડ્યુરરના હાથની એકાદ કૃતિ મેળવવા માટે પોતાનું એક ચિત્ર એને ભેટ મોકલેલું! જ્યાં 'કારીગર' ને 'કલાકાર' બંને 'ટકે શેર' સરખા ગણાતા એવા સ્થળે એનો વસવાટ છતાં અખંડ શ્રમયજ્ઞ કરતા રહીને, પોતાના કમ-કદર સમાજ વચ્ચે, અન્ય જવાબદારીઓ નિભાવવા સાથે ચિત્રકળાની આવી ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા પાછળ ડ્યુરરને કેટલો પુરુષાર્થ ખેડવો પડચો હશે એ આજે પાંચસો વર્ષ પછીના સુફિયાણા સમયમાં કદાચ આપણે નહિ કલ્પી શકીએ.

ઈટલીની બીજી ને લાંબી યાત્રા બાદ પાછા ફરીને ડ્યુરરે એ ઉપરાંત (પોતાના વિકાસ માટે) ગણિત, ભૂમિતિ, લૅટિન ભાષા અને માનવતાવાદના સાહિત્યનો પણ અભ્યાસ વધાર્યો. વિચાર અને જીવનના એના આ વળાંક પર લીઓનાર્દો ને માન્ટે(ગ્ન)ચાની અસર લાગે છે. ઈટલીમાં તો આ બધું સામાન્ય હશે, પણ જર્મનીમાં એ અપૂર્વ જ હતું.

સ્વદેશ આવ્યા પછીના ઈ. ૧૫૧૦થી ૧૫૨૦ના દશકામાં—અને ઈ. ૧૫૧૨માં મૅક્સિમિલિયનના દરબારમાં શાહી ચિત્રકાર તરીકે નિમણૂક પામ્યા પછી—ડ્યુરરે પોતાનાં અનેક વિખ્યાત ઍન્ગ્રેવિંગ તૈયાર કર્યાં. આ ગાળામાં એ વધુ ચિત્રો તો ન કરી શક્યો, પણ જે કર્યાં તેમાં તેણે ઈટલીની સફરથી મેળવેલા અનુભવની અસર સ્પષ્ટ છે. મૅક્સિમિલિયને કરેલી એની નિયુક્તિને પુનઃ માન્યતા અપાવવા તથા મૅક્સિમિલિયનની ગાદીએ આવનાર ચાર્લ્સ પાંચમાના દરબારમાં રજૂ થવા એ ૧૫૨૦માં સકુટુંબ નેધરલૅન્ડ્ઝ ગયો. ઈટલીના પહેલા પ્રવાસ વેળા એ માત્ર-



ડ્યુરર વધુ તો એનાં વૂડકટ અને ઍન્ગ્રેવિંગનાં સમર્થ અને મબલખ સર્જનોથી વિખ્યાત છે. ઝીણામાં ઝીણી વિગત સાથે દાખવેલી પટગૂંથણીના કૌશલમાં એ લગભગ અજોડ રહ્યો છે. એની બધી જ કલાકૃતિઓમાં આલેખન-સામર્થ્યની પરાકાષ્ઠા, યંત્ર સમી ચોકસાઈ અને અલૌકિક ધૈર્યનાં દર્શન થાય છે. અહીં આપેલી એની બે કૃતિઓ : 'ધ લાઈફ ઑાવ ધ વર્જિન' નામક પુસ્તકનું ઉઘાડ-ચિત્ર (પાનાને મથાળે) તથા 'ગેંડો' એની વૂટકટ (કાઠ ખોદાઇ)ની ઉત્કૃષ્ટતાનાં દ્યોતક છે.

પોતાની કારીગરી વડે જ ઓળખાનાર એક અજાણ્યો જુવાન હતો, પણ હવે એ આલ્પ્સની ઉત્તરના પ્રદેશનો સૌથી વધુ ખ્યાતનામ ઉસ્તાદ બની ગયો હતો. એનાં વૂડકટ, ઍન્ગ્રેવિંગ તથા ચિત્રકામે તેને અજોડ ખ્યાતિ અપાવી દીધી હતી. જ્યાં જ્યાં એ જતો ત્યાં સૌકોઈ એને મળવા ઉત્સુક રહેતા. પોતાની સાથે પણ એ પોતાનાં વૂડકટની સંખ્યાબંધ છાપ લેતો ગયો હતો—વેચવા જ નહિ, પોતાના સાથીઓ અને ચાહકોને ભેટ આપવા પણ. નવા રાજાનો રાજ્યાભિષેક જોવાની તક સાથે એને પુનઃ નિયુક્તિ પણ મળી ગઈ. તે પછી ઍન્ટવર્પ, વગેરે અનેક સ્થળે એ ફર્યો. સર્વત્ર એનું બહુમાન કરવામાં આવ્યું, અને જેની એણે જીવનભર અભીપ્સા સેવી હતી એવી કલાકાર તરીકેની મોભાદાર પ્રતિષ્ઠા તેણે માણી.

પાછા ફરતાં ઝીલૅન્ડના એક ભેજમય વિસ્તારમાં તણાઈ આવેલી મૃત વ્હેલને જોવા જવાનું કુતૂહલ એ રોકી ન શક્યો. પણ એ કળણ-ભર્યા પ્રદેશની જે સફર એણે વેઠી તેણે એને હમેશ માટે તાવ લાગુ પાડી દીધો ને એને પરિણામે જ ઈ. ૧૫૨૮માં એનું નિઃસંતાન અવસાન થયું.


પોતાની મહેચ્છા છતાં ડ્યુરર પૂર્ણરંગી ચિત્રો બહુ વધારે નથી કરી શક્યો, ને જીવનના કેટલાક ગાળામાં તો એણે લગભગ નહિવત્ ચિત્રકામ કર્યું છે; જ્યારે બીજી બાજુ, વૂડકટ અને ઍન્ગ્રેવિંગનો એનો પ્રવાહ સતત અને જુમલો ઘણો મોટો રહ્યો છે. હકીકતે તો ચિત્રકળા અને ગ્રાફિક્સ અંગે એના જીવનમાં એક ઊંડો સંઘર્ષ ચાલતો રહ્યો હતો, જે એની કૃતિઓમાં ને કેટલીક વાર એના સર્જનના માધ્યમની પસંદગીમાં જોવા મળે છે. એનાં આરંભનાં ચિત્રો બીજાની સરખામણીમાં મૂકી શકાય તેવાં હોવા છતાં થોડાં લુખ્ખાં લાગે છે, પણ તે પછી પોતાના વિકાસ પ્રતિ સતત જાગરૂક રહી એણે એમાં નવું ઊંડાણ સિદ્ધ કરી લીધું છે. પોતાના કલાકૌશલ અને પીંછીની પ્રવાહિતા વચ્ચે એણે સંવાદિતા સાધી લીધી છે. એક આદર્શ, પ્રમાણભૂત અને સુંદર માનવદેહને કઈ રીતે સિદ્ધ કરવો અને ચિત્રાવકાશમાં એને કઈ રીતે વધુમાં વધુ જીવંત બનાવવો એની સમજ ને સિદ્ધિ મેળવવા માટે ડ્યુરરે જે પ્રયત્નો કર્યા, અને પોતાના એ પ્રયાસોના સાર રૂપ જે લખાણ કર્યું છે એ ડ્યુરરના કલાવિકાસ માટેના પુરુષાર્થને ગૌરવ અપાવે છે.

જર્મની પોતાના રૂઢિગત રોમન કૅથલિક ખયાલોથી છૂટું પડી નવોત્થાન (રૅનેસાં)ની ભાવનાઓ પ્રતિ ઢળવાની તાણ અનુભવી રહ્યું હતું ત્યારની સ્થિતિને લક્ષમાં લઈએ તો ડ્યુરરની પ્રતિભાને કંઈક વધુ સારી રીતે સમજી શકીએ. એનાં સર્જનોમાં અતુલ સમૃદ્ધિ છે. પ્રાકૃતિક દૃશ્ય કે કુદરતના કોઈ ટચુકડા સર્જનનો અભ્યાસ હોય યા કોઈ સિદ્ધાંત કે સ્વપ્નના ખયાલો હોય, કોઈ માનવીની તસવીર હોય કે કોઈ કથાનું પ્રસંગચિત્ર, એ બધાંમાં ડ્યુરર સદાનો એક મહાન વાસ્તવવાદી રહ્યો છે. એના અગ્રચારીપણામાં જ મધ્યકાલીન રૂઢિબદ્ધતાએ રૅનેસાંની સાહસિકતા ભણી પગ ઉપાડ્યા. એના કાળના બધા કલાપ્રવાહો એના કાર્યમાં સુમેળભરી ગૂંથણી પામ્યા. પોતાની જોમભરી ને નિશ્ચયાત્મક શૈલી વડે એણે આપણને સરળ ને જટિલ બંને જગતનું દર્શન કરાવ્યું.

નવોત્થાનકાળના એ મહાન જર્મન કલાકારનો સર્જનકાળ જર્મન કલાનો સુવર્ણયુગ હતો. સતત જાગરૂકતા અને પુરુષાર્થ વડે એક કારીગરની કક્ષાએથી ઉચ્ચ કલાકારના દરજ્જે પહોંચેલા ડ્યુરરે પોતાના કાળના સંદર્ભમાં જે પ્રતિભા દાખવી છે તેવી પ્રતિભા ત્યાર પછીનો કોઈ જર્મન કલાકાર કદાચ બતાવી નથી શક્યો. **બિહારીલાલ ટાંક**



નુરેમ્બર્ગમાં કલાકાર આલ્બ્રેખ્ટ ડ્યુરરનું ઘર અને (નીચે) તેનો અભ્યાસખંડ



લેખકો-કલાકારોને નિમંત્રણ

'કુમાર'માં પ્રકટ થતા લેખો-કાવ્યો-ચિત્રો વગેરે માટે ચાલતાં નીચેનાં પારિતોષિકો પ્રત્યે લેખકો–કલાકારોનું લક્ષ ખેંચીએ છીએ:

- શ્રી હરિઃૐ આશ્રમ (નડિયાદ) તરફથી જીવનનાં ઉચ્ચ મૂલ્યોના ઘડતરમાં પ્રેરણા રૂપ થઈ પડે તેવાં જીવનચરિત્રો કે મૌલિક વાર્તાઓ માટે રૂ. ૫૦.
- શ્રી હરિઃૐ આશ્રમ તરફથી ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં સત્ત્વશીલ વ્યક્તિ-ચિત્રો કે પ્રસંગાલેખનો માટે રૂ. ૫૦.
- હરિઃૐ આશ્રમ તરફથી ભાવકોની ઉચ્ચ રસવૃત્તિને પોષે એવી શ્રેષ્ઠ ને મૌલિક પૂર્ણરંગી ચિત્રકૃતિ માટે રૂ. ૫૦.
- વર્ષભરની શ્રેષ્ઠ મૌલિક નવલિકા માટે 'કુમાર' તરફથી રૂ. ૩૦.
- જીવસટોસટનાં સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વર્ષભરની શ્રેષ્ઠ વાર્તા માટે રૂ. ૨૫.

તમારો તારુણ્યપ્રવેશ

જેમ કન્યાઓમાં એકદમ સ્ત્રીત્વ પ્રકટ થવા લાગે છે તેમ કિશોરમાં પૌરુષીય પુખ્તતા એકાએક દેખાવા લાગતી નથી. પુખ્તતાનો કિશોરને માટેનો સમય ક્રમબદ્ધ અને ધીરેધીરે આગળ વધે છે. આ વયમાં કન્યાઓની પેઠે કિશોરોના પણ આગવા પ્રશ્નો ઊભા થાય છે. એમાં કદાચ મુખ્ય પ્રશ્ન 'સ્વપ્નદોષ'નો કહી શકાય.

રાત્રે ઊંઘમાં એકાએક તમે જાતીય ઉત્તેજના પામો અને સમજી પણ ન શકો તે પહેલાં તમને વીર્યસ્રાવ થઈ જાય. કદાચ એ વખતે ઊંઘમાં તમે કોઈ મીઠું સ્વપ્ન પણ જોતા હો. કુદરત તમારી અંદર પણ કામ કરી રહી છે એની આ એક નિશાની છે. એમ જ માનો કે કુદરત તમારા જાતીય અંગોની કામગીરીને ચકાસી રહી છે—જેમ કોઈ યંત્રને કાર્યરત કરતાં પહેલાં ચકાસી જોવાય છે તેમ. આથી મૂંઝાવાની જરૂર નથી. ઊલટું જો આમ ન થાય તો એ કદાચ ચિંતાનો વિષય ખરો. સાથોસાથ એ પણ ખયાલમાં રહે કે આ હજી તમારી જાતીય પુખ્તતાનો આરંભ છે.

ક્યારેક તમે જોતા હશો કે તમારું જાતીય અંગ તમારી અનિચ્છા છતાં ઉત્તેજના પામી જાય છે. તમે એથી કદાચ લજ્જા પણ અનુભવતા હશો. કેટલીક ચોપડી કે ચિત્રો યા સાથી મિત્રોની કેટલીક તરંગી વાતોની અસર પણ તેમાં તમે અનુભવતા હશો. પરંતુ આવું થાય એથી બહુ ચિંતિત થવાની જરૂર નથી. તમારાથી અજાણ તમારા અંતરમાં સુપ્ત રહેલી પ્રજોત્પત્તિની ભાવના અને તમારા શરીરમાં જાતીય જાગૃતિની આરંભની પ્રક્રિયા તમને પુરુષ બનવા માટે તૈયાર કરી રહી છે. આ સહજ અને સામાન્ય પ્રક્રિયા છે. એની મૂંઝવણ મિત્રોમાં રજૂ કરી એ વિષે સારાનરસા ટીખળના ભોગ બનવાની તમારે જરૂર નથી. તમે જે અનુભવી રહ્યા છો એ જ અનુભવ તમારી વયના બીજા સૌ કિશોરોને પણ થતો જ હોય છે.

પરંતુ એક બીજી જાતીય ક્રિયા એવી છે કે જેની સાથે થોડેઘણે અંશે તમારું મન પણ સંકળાએલું છે. એ છે તમારા જાતીય અંગની સ્પર્શજન્ય આનંદની લાગણી. આ આનંદ અવારનવાર કે વારંવાર મેળવવાનું તમને ગમવા માંડે તો એની એક બૂરી લત પડી જાય છે. આ એક એવી લત છે જેને તમે કદી પ્રકટ ન કરો, તેમ એ છુપાવી પણ ન શકો. એમાં લપસ્યા પછી વારંવાર ને નિરર્થક વીર્યસ્રાવ થવાની અસર તમારા ચહેરા પર, શરીરના વિકાસ પર અને તમારા માનસ પર પણ પડે જ છે, જે સહેજે પ્રકટ થઈ જાય છે. એ ટેવમાં રાચતું જતું મન, અને તમે પોતે, બીજી અનેક જવાબદારીઓથી વિમુખ બની જઈને તમારો જીવનમાર્ગ ચાતરી જવાનો આની પાછળ એક ભય છે.

તમે કદાચ નહિ જાણતા હો કે મુક્ત આહારના પાચન બાદ છયે રસોમાંથી જે રસ બને છે તેમાંથી લોહી, લોહીથી માંસ, માંસમાંથી મેદ, મેદથી અસ્થિ, અસ્થિથી મજ્જા ને મજ્જાથી વીર્ય ઉત્પન્ન થાય છે. શક્તિ અને ટકાવ માટે લેવાતા આહારનું એ શરીરને લાભપ્રદ છેલ્લામાં છેલ્લું સત્ત્વ ગણી શકાય. પુરુષોનું બલ વીર્ય છે. 'વીર્યવાન' વિશેષણ તો જાણો છો ને? જાતીય ઉત્તેજના બાદ એક જ વીર્યસ્રાવમાં લગભગ પોણા બે થી બે કરોડ શુક્રજંતુઓ શરીર બહાર નીકળી જાય છે. ઉપરાઉપર થતા સ્રાવમાં એની જાત અને પ્રમાણમાં ફેર પડતો જઈ એની ઘટ્ટતા અને શુક્રજંતુઓની સંખ્યા ઘટતી જાય છે. આ તો પુખ્ત પુરુષના વીર્યની વાત થઈ. ન ભૂલશો કે તમે હજી એ પુખ્તતાએ તો પહોંચ્યા પણ નથી, ત્યાં અત્યારથી તમારા પૌરુષનું જે અસલ સત્ત્વ છે તેને કાચી વયે જ વેડફી નાખો એ કઈ રીતે યોગ્ય ગણાશે?

તમે જાણો છો કે આપણું મન અને શરીર બહુ ઝડપથી કોઈ પણ બાબતથી ટેવાઈ જાય છે. એક વાર તમે ધૂમ્રપાન આદરો કે પછી એના વ્યસનમાં લપસી પડવું મુશ્કેલ નથી. એવું જ આ લતનું પણ છે. જો તમે એમાં લપટાયા તો પછી અમુક સમયે તમને એના વિના ચેન નહિ પડે. એટલું જ નહિ, પણ ચા-કૉફીના વ્યસન પછી જેમ અન્ય તંદુરસ્ત પીણાંમાંથી રસ ઊડી જાય છે તેમ, તમને યે કદાચ પછી સ્વસ્થ અને સ્વાભાવિક જાતીય જીવનમાં રસ ન પડે એવી સ્થિતિ પણ આવવાનો સંભવ ખરો! આ ટેવમાં તમને આનંદ મળતો હશે, પણ એ કંઈ તમારું સાચું જાતીય જીવન થોડું છે! આ તો કૃત્રિમ આનંદ છે. અને હજી તમે જાતીય રીતે પૂરી પકવતાને ક્યાં પામ્યા છો? તમારું સમગ્ર લગ્નજીવન તો હજી બાકી છે.

વળી આ પ્રશ્નની સાથે તમારી જાત પરના તમારા કાબૂનો પ્રશ્ન પણ જોડાએલો છે. એ આત્મશક્તિની ખીલવણી એ તો જીવનની એક સિદ્ધિ છે. ને દૃઢ નિર્ણય તથા અડગ પ્રયત્નથી શું સિદ્ધ નથી થતું? જીવનવ્યવહારનાં અન્ય બધાં ક્ષેત્રોમાં જાત પર કાબૂ રાખનારા તમે જાતીય બાબતોમાં એને ચોખલિયાપણું કહી હસી કાઢી ન શકો. ગલીપચી કરે એવાં વર્ણનોવાળી નવલકથાઓ ને સિનેમા ફિલ્મોમાં જોવા મળતા નાયકનાયિકાનાં પ્રેમ-પરાક્રમો એ તમારા જીવનનો આદર્શ નથી જ. ભાષામાં જેમ વ્યાકરણ છે, વ્યાવસાયિક ને સામાજિક જીવનમાં જેમ નીતિ-નિયમોની પાળ છે, તેમ જાતીય જીવનમાં પણ વ્યાકરણ તદ્દન જરૂરી છે. એટલું જ નહિ, પણ એના પર ઊલટો વધુ ભાર મુકાવો જોઇએ. અને એ ત્યારે જ સંભવે કે જ્યારે વ્યક્તિ પોતે સારાનરસાનો ભેદ સમજી પોતાની જાત ઉપર યોગ્ય કાબૂ મેળવે. આટલા માટે જ જાતીય વૃત્તિઓની લોભામણી લાલચો પ્રકટવાના તમારા આ જીવનકાળમાં એને પણ યોગ્ય દૃષ્ટિબિંદુથી સમજી લેવી જરૂરી છે.

માટે તમને આ કૃત્રિમ આનંદમાં જ રાચવું ગમતું હોય તો તમે ભારે મોટી ભૂલ કરો છો બલ્કે મૂર્ખાઈ કરો છો એમ કહેવું જોઇએ. મનના કલ્પિત આ આનંદમાં રાચીને તમે તમારા ભવિષ્યના સાચા જાતીય સંતોષનો આનંદ ગુમાવી રહ્યા છો. આ કાલ્પનિક રોમાંચકતાને તમે સાચા જાતીય જીવનની સાથે કદી સરખાવી ન શકો. માણસના જાતીય જીવનમાં તેની દૈહિક તૃપ્તિ સાથે લાગણીઓ ને ચારિત્ર્યનાં પાસાં પણ ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

જાતીય જીવનમાં આમ એકાકી બની રહેવાનું તમને શેં ગમે? સામી જાતિ સાથે ઐક્ય સાધી એકબીજાને પૂરક બની રહેવામાં તો ખરી સાર્થકતા છે. 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં' એ કથનની પાછળ ઘણો અર્થ સમાયો છે.

સ્ત્રી અને પુરુષ બંને વચ્ચે તફાવત છે. પુરુષમાં શારીરિક તાકાત છે ખરી, પણ તૃપ્ત જીવન માટે પત્ની દ્વારા એના સંસારમાં ઋજુતા અને સુખચેનભર્યા દિલાસાની પણ એને જરૂર છે. છેક બાળપણથી એને મા રૂપે યે સ્ત્રીની જરૂર રહે જ છે. સ્ત્રી વિના પુરુષ અને પુરુષ વિના સ્ત્રી અધૂરાં છે. બંનેમાંથી એકે પૂર્ણ નથી. બંનેને એકબીજા પાસેથી કંઈક મેળવવાનું છે અને બંનેએ એકબીજાને કંઈક આપવાનું પણ છે. જાતીય જીવનમાં પણ એમના સંસારની તૃપ્તિ માત્ર દૈહિક સ્તર પર જ સંભવિત નથી. એ માટે બીજી અનેક રીતે એણે તૈયાર થવાનું છે, અને એ તૈયારીના કાળમાંથી જ તમે અત્યારે પસાર થઈ રહ્યા છો. માર્ગ ચાતર્યા વિના તમારા લક્ષ્યને બરાબર નોંધી રાખીને તમે આરંભ કરશો તો જીવનયાત્રામાં હજી ઘણુંઘણું જાણવામાણવાની વિશાળ તકો તમારી સામે પડી છે. પણ એ તો જ શક્ય બને, જો તમે કવિ નાનાલાલનું આ સૂક્ત સદા સ્મરણમાં રાખો:

ઓ રસતરસ્યાં બાળ! રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.

જગતના પ્રથમ નાટ્યકાર એસ્કિલસની વિખ્યાત કૃતિ

પ્રોમીથિયસ ની મૂળ કથા અને એસ્કિલસની કળા

લેખક કનુભાઈ જાની



માનવી માટે દેવલોકનો અગ્નિ ચોરી લાવવાની સજા ભોગવતો કરાળ ખડક પર સાંકળે જકડાએલો પ્રોમીથિયસ.

'ડ્રામા' (મૂળ ગ્રીક) શબ્દનો અર્થ જ થાય ('a thing done') 'કાર્ય'. 'પ્રોમીથિયસ બાઉન્ડ'ની ખૂબી એ છે કે એનો નાયક પથ્થરે જડાએલો છે, છતાં એમાં 'કાર્ય' (action) છે. પ્રતિદ્વંદ્વી ઝ્યૂસ હાજર નથી, છતાં એની હાજરી અને નાયક સાથેનો એનો મુકાબલો સતત અનુભવાય છે! આયો સિવાયનાં બધાં જ માનવોત્તર પાત્રો—દેવો, પ્રકૃતિતત્ત્વો વગેરેવાળી, અવાસ્તવિક લાગતી, હેસ્યોડ જેવા પૂર્વકવિઓએ વાપરેલી, જમાનાજૂની દંતકથા લઇ એસ્કિલસે એને અનેક પરિમાણોવાળી દર્શનગર્ભ કથામાં પલટી નાખી. શેલીને મિલ્ટનના સેતાન કરતાં પણ પ્રોમીથિયસનું પાત્ર સુંદરતર લાગ્યું. સેતાનનો બળવો સર્વશક્તીશ એવા સર્વજ્ઞની સામે હોવાથી, એ, તણખલાની વિરાટ સામેની હોડ જેવો લાગે છે; અહીં તો ઝ્યૂસ (દેવ) કે પ્રોમીથિયસ બેમાંથી કોઈ પૂર્ણ નથી. પ્રોમીથિયસ દીર્ઘદ્રષ્ટા છે. એ કાંઈક એવું જાણે છે કે જે દેવાધિદેવ નથી જાણતા. એનું આત્મભાન ઉદ્દામ અહમ્ રૂપે રહે છે ત્યાં સુધી એ નિ:સહાય છે. ઝ્યૂસ સર્વશક્તિમાન છે, તો પ્રોમીથિયસની સહનશક્તિની યે કોઈ અવધિ નથી. એની એ શક્તિ, અતૂટ આશા અને પેલું રહસ્યજ્ઞાન એ ત્રણથી, આખરે એ જીતે છે.

'પ્રોમીથિયસ' એટલે 'અગ્રબુદ્ધિ', 'દેવજ્ઞ'. પોતાનાં આંસુને માટીમાં મેળવી, એણે પ્રથમ માનવ ઘડચો, ને એને જ્ઞાન-વિજ્ઞાન-કલાદિથી દીક્ષિત કર્યો. આમ, આ કથાનુસાર માનવનું નિર્માણ જ થયું છે આંસુમાંથી; છતાં એ આંસુ એવા પુરુષનાં, કે જેણે દેવ કે દૈવ એકેને નમતું ન જોખ્યું, ને જેના જ્ઞાનની દેવને પણ આખરે જરૂર પડી! 'ધી એપિક ઑવ્ મૅન'ની પ્રસ્તાવનામાં પ્રો૦ લૉરેંક ઇસિલી, માનવઉત્પત્તિની વૈજ્ઞાનિક હકીકતો આપ્યા પછી, આખરે એની ઓળખ આપે છે: 'માણસ એટલે સ્વપ્નનો જીવ—ધ ડ્રીમ-ઍનિમલ'. એની એ ઉક્તિની પ્રતીતિ કરાવતી એસ્કિલસ પૂર્વેની માનવઉત્પત્તિ-કથા અદ્ભુત છે.

વિશ્વના આદિકાળે તો હતો એકમાત્ર દુર્વ્યવસ્થાનો અભાવોદધિ (chaos), એમાંથી આદ્યા શક્તિ ગિયા (પૃથિવી) જન્મી. એણે જ યૂરેનસ (દ્યૌ: આકાશ) પ્રગટાવ્યો. આ દ્યાવા-પૃથિવીના યુગલથી ત્રણ પ્રકારની પ્રચંડ શક્તિઓ જન્મી: (૧) ટિટાન્સ નામે એક જાતિ, જેમાં છ પુરુષો હતા ને છ સ્ત્રીઓ; (૨) ત્રણ સાઇકલોપ્સ નામે એકાક્ષી પ્રકૃતિદૈત્યો; (૩) ત્રણ શતહસ્તા, અર્ધશતમુખાળા (સો હાથ અને પચાસ મોંવાળા) દાનવો. દાનવોને તો, જન્મ્યા તેવા જ યૂરેનસે પાતાળે ચાંપી દીધા. ગિયાના માતૃહૃદયે એથી દુ:ખી થઈ, પોતાના ભાઇઓને મુક્ત કરવા ને જરૂર પડયે યૂરેનસને પણ પરાસ્ત કરવા પુત્રોને સમજાવ્યા. બાર ટિટાન્સમાંનો એક નાનો ક્રોનોસ તૈયાર થયો. હૈયેથી લોહ પ્રગટાવી, એનું દાતરડું કરી, ગિયાએ ક્રોનોસને એ આપ્યું. એ વડે એક વાર એણે પોતાના પ્રસુપ્ત પિતાનો વધ કર્યો. એના શરીરના કટકા કરી સાગરમાં પધરાવ્યા. એના રક્તબિંદુઓમાંથી પ્રગટી ફ્યુરીઝ (ઝંઝા); અને કાંઠે તણાએલા ભગ્નાવશેષોનાં ફીણમાંથી પ્રગટી એફ્રોડાઇટ. યૂરેનસને સ્થાને ક્રોનોસનું શાસન આવ્યું. એ ક્રોનોસને જે પુત્ર થશે તે જ એનો પરાભાવ કરશે એવી આગાહી હતી. તેથી એ પોતાના પ્રત્યેક પુત્રને જન્મતાંવેંત ખાઈ જવા લાગ્યો. ગિયાની પુત્રી હિયા એની પત્ની હતી. એણે માની સલાહ લીધી. છેલ્લું બાળક અવતર્યું. ક્રોનોસે એ જાણ્યું; ને તરત ચીરમાં ટબૂરેલી વસ્તુ લઇને પતિ પાસે આવેલ ગિયા પાસેથી એ ઝૂંટવીને ક્રોનોસ, કશું જોયા વિના, એને ગળી ગયો!

પણ એ તો હતો એક પથ્થર! બાળક ઝ્યૂસ તો ઈડા-એડેસ્ટ્રિયા જેવી પરીઓ, એમાલ્થિયા નામે દૈવી અજા અને વનપંખીઓ વગેરેની વચ્ચે ઇડાના પર્વતોમાં ઊછરીને, યુવાન થયો;—કે તરત એણે સાગરપુત્રી મેટિસની સહાય મેળવી. મેટિસે ક્રોનોસને ભોળવીને કાંઈક એવું પાયું કે એક ઘૂંટમાં જ ઊલટી થતાં, બધા જ દેવપુત્રો ને પેલો પથ્થર સુધ્ધાં બહાર પડ્યા. ઝ્યૂસે અંતે ક્રોનોસને હરાવ્યો. એને પાતાળે ચાંપ્યો.

પણ હજી સૌ ટિટાન્સે ઝ્યૂસનું આધિપત્ય સ્વીકાર્યું નહોતું. એમની સાથે દસ વર્ષ સુધી ઘોર યુદ્ધ ચાલ્યું. બળમાં ટિટાન્સ હારે એમ નહોતા. એમનામાંના એક યાપેટસનો એક પુત્ર પ્રોમીથિયસ દીર્ઘદ્રષ્ટા હતો; ઝ્યૂસના વિજયની એને ખાતરી થઈ ત્યારે એણે સલાહ આપી: 'બળથી નહિ, કળથી જીતો.' એની સલાહ મુજબ ઝ્યૂસે પાતાળે બંદી પડેલા શતહસ્તા દૈત્યોને અને સાઈકલોપ્સને મુક્ત કરી, એમની સહાયથી તથા એક દાનવને ધરતીથી અળગો કરવાની યુક્તિ કરીને ને બીજાને હીરાના મોહમાં ફસાવીને, સૌનો કચ્ચરઘાણ વાળ્યો. છેલ્લે પર્વતથી યે ઊંચા પ્રચંડકાય ટાઈફ્યૂસને પણ એણે ચગદી નાખ્યો.

દેવ ઝ્યૂસનો વિજય થયો. તત્ત્વોનું ઘમસાણ પૂરું થયું. જ્વાળામુખી શમ્યા. સાગરે તટની આમન્યા સ્વીકારી. નદીઓ નિશ્ચિત માર્ગ વાળી થઈ. દુર્વ્યવસ્થા હતી, ત્યાં સંવાદિતા સ્થપાઈ. સૌએ દેવનું શાસન સ્વીકાર્યું.

ઝ્યૂસનો વિજય પ્રોમીથિયસને આભારી હતો; એટલે ઝ્યૂસે પ્રોમીથિયસને પણ અમરોમાં સ્થાન આપ્યું. પણ એના બે ભાઇઓએ ઝ્યૂસવિરુદ્ધ બળવામાં ભાગ લીધેલો; એટલે એકને પાતાળે ચાંપ્યો, બીજા ઍટલાસને માથે આખા આભલાનો ભાર મૂકી, ધરતીને છેડે કાયમ ઊભા રહેવાની એને શિક્ષા કરી. ભાઈઓનાં આ દુ:ખે તો પ્રોમીથિયસ મનોમન દુ:ખી હતો જ. એમાં એક નવું દુ:ખ ઉમેરાયું. પોતાનાં આંસુમાંથી પ્રગટાવેલી માનવજાત પ્રત્યે ઝ્યૂસને ભેદભાવ રાખતો એણે જોયો. એને થયું કોઈ ઉપાય તો કરવો જ પડશે.

એક વાર સભા ભરાઈ. માનવ અને દેવ વચ્ચે બલિદાનના ભાગ નક્કી કરવાના હતા. એક આખલાને વધેરીને પ્રોમીથિયસે બે ભાગ પાડેલા. ઝ્યૂસે જ એમાંથી એકની પ્રથમ પસંદગી કરવાની હતી. સારો દેખાતો ભાગ એણે પસંદ કર્યો, ને ખરાબ દેખાતો માનવોને ગયો. ઝ્યૂસે પોતાનો હિસ્સો ખોલ્યો તો ઉપર ઉપર ફૂણી ચરબી, પણ અંદર તો નર્યાં હાડકાં! ક્રોધે ભરાઈ, એણે માનવોને અગ્નિના અધિકારથી વંચિત કર્યા, તો પ્રોમીથિયસે, લેમ્નોસના બેટમાંના દેવોના કારીગર હેફિસ્ટસની (સંસ્કૃત પ્રમાણે સદાયુવાન અગ્નિદેવ 'યવિસ્થ'ની) ભઠ્ઠીઓમાંથી એક પોલી બરુની સળીમાં ભરીને અગ્નિ ચોરી લાવી, માનવોને તે પહોંચાડી દીધો.

ઝ્યૂસે એનું વેર લેવા સામી યુક્તિ કરી. હેફિસ્ટસ પાસે તેણે એક અનુપમ સૌન્દર્યવાળી સ્ત્રી પેન્ડોરા તૈયાર કરાવી, એને હૈયે બેવફાઈ ને હોઠે જૂઠ ભર્યાં, ને પ્રોમીથિયસના ભાઈ એપિમીથિયસ પાસે એને મોકલી. પ્રોમીથિયસની ચેતવણી છતાં એપિમીથિયસે એને સ્વીકારી.

પ્રોમીથિયસે એના ભાઈને એક એવો દાબડો આપેલો જેમાં માનવો માટેનાં વરદાનો છુપાવેલાં હતાં. એ ખોલવાની મના કરેલી, છતાં પેન્ડોરાએ, સ્ત્રીસહજ જિજ્ઞાસાથી, એ ખોલ્યો. અનેક તત્ત્વો એમાંથી બહાર ચાલ્યાંગયાં.તરત એણે એનું ઢાંકણ વાસી દીધું એટલે,એકમાત્ર સારું તત્ત્વ બચી ગયું : આશા.(કેટલાકને મતે પેન્ડોરા જ આ દાબડો લાવેલી, ને તેમાં દુરિતો હતાં. એ ખોલતાં દુરિતો બધાં બહાર ફેલાયાં ને આશા અંદર રહી ગઈ!) આમ માનવજાતનાં વિનાશબીજ પેન્ડોરાને હાથે વવાયાં.

તો યે ઝ્યૂસને સંતોષ ન થયો. એણે પ્રચંડ પ્રલયથી પૃથ્વી જળબંબાકાર કરી દીધી. ત્યારે, પ્રોમીથિયસે અગાઉથી આપેલી ચેતવણીને લીધે, એનો પુત્ર ને પુત્રવધૂ—ડ્યૂકેલિયન અને પાઘરા, એક વહાણને આધારે ઊગરી ગયાં. જળ ઓસર્યે એ બંને ડેલ્ફી ગયાં. દેવને પ્રાર્થના કરી. માનવજાતનું પુનર્જીવન માગ્યું. દેવવાણી થઈ: 'ઝભ્ભાનો કમરબંધ છોડી, મુખ ઢાંકી, તમારા વંશની આદિ વ્યક્તિનાં હાડકાં તમારી પાછળ ઉછાળતાં ઉછાળતાં આગળ ચાલ્યાં જાઓ,' પહેલાં તો બંને મૂંઝાયાં. પછી કોયડો ઉકેલ્યો. મુખ ઢાંકી, રસ્તેથી પથ્થરો ઉખાડી ઉખાડીને પાછળ ઉડાડતાં એમણે આગળ ચાલવા માંડ્યું. તેઓના વંશની આદિ વ્યક્તિ તો હતી ગિયા (પૃથ્વી) અને એનાં 'હાડકાં' તે 'પથ્થરો'. જે પથ્થરો ડ્યૂકેલિયનને હાથે ફેંકાઈને પડ્યા તે પુરુષો થયા, જે પાઘરાથી પડ્યા તે સ્ત્રીઓ થઈ. આમ, માનવ ને ઝ્યૂસ વચ્ચે તો સંધિ થઈ. પણ પ્રોમીથિયસને તો અગ્નિની ચોરી બદલ શિક્ષા થઈ જ. ધરતીને છેડે, શૂન્ય નિર્જનતામાં, સાગરતટે એક ઊંચી કરાડ પર એને જડી દેવાનો આદેશ ઝ્યૂસે હેફિસ્ટસને આપ્યો. મદદે મૂક્યાં ક્રેટોસ અને બિયાને.

અહીંથી 'પ્રોમીથિયસ બાઉન્ડ'નો આરંભ એસ્કિલસે કર્યો છે. મૂળ કથા પ્રમાણે તો, પછી, રોજ એક ગરુડ આવીને પ્રોમીથિયસનું કાળજું કોરી ખાતું, રાત્રે એ ઘા રુઝાઈ જતો ને સવારે ગરુડ એ કોરી ખાતું. એ દુ:ખ વર્ષો સુધી એણે વેઠ્યું. આખરે એની પાસેના રહસ્યને જાણવાના સ્વાર્થથી ઝ્યૂસે હર્ક્યુલસને મોકલી પેલા ગરુડનો વધ કરાવ્યો, અને એ રહસ્ય મુજબ નેરિયસની કન્યા થેટિસનો સંગ છોડ્યો. છેવટે તો, એક દાનવે પ્રોમીથિયસના ભાગ્ય સાથે પોતાનાની અદલાબદલી કરતાં, એ પુન: અમરોમાં પ્રતિષ્ઠિત થયો. માનવોની સઘળી વિદ્યા-કળાઓનો એ પ્રણેતા હોવાથી, ગ્રીકોએ એને ઍકેડેમીની મધ્યે સ્થાપેલો.

આ કથાવસ્તુ પર ઍસ્કિલસે ત્રણ નાટકોની એક ટ્રાયૉલૉજી રચેલી. એમાંનાં ત્રણ નાટકોમાંનું આ એક. બીજાં બે–'પ્રોમીથિયસ અનબાઉન્ડ' અને 'પ્રોમીથિયસ ધ ફાયરબેરર'—મળતાં નથી. (એમાંના એકની કલ્પના કરીને શેલીએ, અને બીજાની કલ્પના કરીને રૉબર્ટ બ્રિજીઝે—'માસ્ક'ના સ્વરૂપે—રચનાઓ કરી છે.) અહીંનો ઝ્યૂસ, 'ઓરેસ્ટિયા'-માંના એસ્કિલસના ઝ્યૂસ કરતાં, સાવ ભિન્ન જ છે! એમ કેમ? કલ્પના-સ્વાતંત્ર્ય? કે પલટાએલા દર્શનનું આ પરિણામ? હેલન વગેરેના એના આલેખનથી સ્પષ્ટ બને છે કે સ્ત્રીની સંમોહનશક્તિનો એસ્કિલસને ખ્યાલ છે. તો પછી આ કથામાં એણે પેન્ડોરાની વાત કેમ સાવ ત્યાગી? મિલ્ટને તો સૅમ્સનની કથામાં ડલાઈલાને નથી વિસારી. આવા અનેક પ્રશ્નોથી વિવેચકોને સદા પડકારતી આ કૃતિમાંથી માનવ મહત્તાનો એ પ્રધાન સૂર સતત ઊઠ્યા કરે છે–જે આપણા પૃથ્વી સૂક્તમાંથી પણ ઊઠે છે:

'દ્યૌ, પૃથ્વી, અંતરિક્ષે આ, મને આકાશ આપિયું,
ને મેધા વિશ્વદેવોએ, પાણીએ સૂર્ય અગ્નિએ.
હું છું પ્રભાવશાળી ને, ઉત્તર નામ ભૂમિમાં
વિજયી સર્વજિત્ છું ને, જેતા સર્વ દિશા મહીં.'*

એસ્કિલસનું આ નાટક 'પ્રોમીથિયસ બાઉન્ડ' પણ માનવમહત્તાનું પૃથ્વી સૂક્ત છે.

*(રા. વિ. પાઠક કૃત 'પૃથ્વી સૂક્ત'ના ભાષાન્તરમાંથી, શ્લોક ૫૩-૫૪.)

ફ્રેબ્રુઆરી અંકમાં જાહેર થએલી રંગપૂરણી હરીફાઈનું પરિણામ

'અ' વિભાગ ૧૨ થી ૧૮ વર્ષની વયનાંઓ માટેના આ વિભાગ માટે મળેલાં ૭૧ ચિત્રોમાંથી વૈદ્ય યાસિનભાઈ હાસમભાઈ (નડિયાદ)ને પહેલું (રૂ. ૧૦નું) અને વઢવાણના કૃષ્ણપ્રસાદ હરિપ્રસાદ રાવલને બીજું (રૂ. ૭નું) ઈનામ મળે છે.

'બ' વિભાગ. ૧૯ થી ૨૪ની વયનાઓના આ વિભાગમાં ૧૮ જણે ભાગ લીધો અને તે પણ નિરાશાજનક લાગ્યો. માંડ પચાસ ટકા ગુણવાળાં ચિત્રો એક-બે મળ્યાં. તેને પારિતોષિક તો અપાયાં છે, પણ હવે પછી પૂરતા ગુણવાળાં ચિત્રો નહિ હોય તો ઈનામો મોકૂફ રખાશે. પહેલું ઈનામ (રૂ. ૧૫) કુંઢેલા (ડભોઈ)ના છીબુભાઈ આપાભાઈ પટેલને અને બીજું (રૂ. ૧૦) દ્વિવેદના બાબુભાઈ ગાંડાભાઈને આપ્યું છે.

રંગપૂરણી હરીફાઈનો હેતુ

આપેલી ચિત્રરેખાઓમાં સુયોગ્ય રંગ પૂરવાની આ સ્પર્ધા કોઈ સાહજિક યોજના નથી. અમે ચિત્રકાર્યને એક સામાજિક સંસ્કારપ્રેરક અને સર્જક પ્રવૃત્તિ માનીએ છીએ. આજકાલ અક્ષર અને શબ્દજ્ઞાનનું પાંડિત્ય એટલું વિસ્તર્યું છે કે તેમાં દૃષ્ટિ, અવલોકન અને રંગના આનંદ વિસારે પડી જાય છે. તેની તરફ પ્રજાને સભાન કરવા અમે માત્ર વૃક્ષો, ટેકરીઓ, તળાવ, પશુ, વ્યક્તિ, આકાશ, વાદળો, પ્રતિબિંબો, વાહન વગેરે પ્રાદેશિક સ્વરૂપોવાળાં જ ચિત્રો આપવા વિચાર્યું છે. ઘણા ચિત્રકામ કરનારા કાશ્મીરના પહાડોના, સમુદ્રના કે સરોવરોમાં ફરતી નૌકાનાં ચિત્રો કરે છે અને કૃત્રિમતાભરી રચનાઓ કરે છે. તેમને તેમની ક્રિયા-કસોટી માટે યોગ્ય નમૂના પૂરા પાડવા એ આ સ્પર્ધાનો પ્રથમ હેતુ છે.

બીજી વાત એ છે કે શાળાશિક્ષણમાં ચિત્રકામ એક પાઠ્ય વિષય બન્યું છે અને સરકારી રીતે તૈયાર થએલા શિક્ષકો તેના વર્ગો સંભાળે છે. દર વર્ષે રાજ્ય તરફથી એની પરીક્ષાઓ પણ લેવાય છે, જેમાં આશરે ત્રીસ હજાર વિદ્યાર્થીઓ બેસે છે અને હજારોને 'એલિમેન્ટરી' અને 'ઈન્ટર મીડિયેટ' બે ગ્રેઈડનાં પ્રમાણપત્રો મળે છે.

આ વિદ્યાર્થીઓ માનતા હોય છે કે તેઓ ચિત્રકામની પરીક્ષા આપી ચૂક્યા છે. એમને રંગકામ કે ચિત્રકામ ખરેખર કેવું આવડ્યું છે તેનું સંશોધન શિક્ષણખાતાના નિયામક અધિકારીઓ કરતા હોય તે ખરું. અમે આ સ્પર્ધા દ્વારા તેમની દૃષ્ટિની, રંગક્રિયાની અને સૌંદર્યભાનની કસોટી માગી છે અને તે માટે બે વર્ગો પણ પાડ્યા છે.

પહેલી સ્પર્ધામાં ૭૧ હરીફોએ ભાગ લીધો છે, પણ અમારે ખેદ સાથે કહેવું પડે છે કે પૂરા ૧૦૦ ગુણ તો શું પણ ૭૫ કે ૮૦ ગુણ ધરાવતા નમૂના પણ મળ્યા નથી. છતાં સઘળા પૈકી જે એકબે શ્રેષ્ઠ લાગ્યા છે તેને ઠરાવ્યા પ્રમાણે પારિતોષિક મળશે.

અમને એમ પણ લાગ્યું કે કદાચ સારું ચિત્રકામ જાણનાર કેટલાકો 'કુમાર'ના ગ્રાહક થવા જેટલા સાધનસંપન્ન નહિ હોય; તેથી હવે પછીની હરીફાઈ માટે 'કુમાર'ના ગ્રાહકોથી ઇતર વિદ્યાર્થી જે સારું ચિત્રકામ જાણતા હોય તેમણે ૩૦ પૈસાની ટિકિટ કુમાર કાર્યાલય પર મોકલી આપતાં 'કુમાર'નું સ્પર્ધાનું પાનું તેમને મોકલી આપવામાં આવશે. 'કુમાર'ના વાચકો પણ વિશેષ નકલ ચાહશે તો તેઓ આ જ શરતે વધારાનું પાનું મેળવી શકશે. જેઓ રૂબરૂ લઈ જવા માગતા હોય તેમને માત્ર ૧૦ પૈસા ભરવાના રહેશે. દરેક સ્પર્ધાપાત્ર ચિત્રની પાછળ પોતાનું પૂરું નામ, વય, શાળા, ગામ, અભ્યાસ તેમજ વાલી કે શિક્ષકની ખાતરી આપવી.

ધીરેધીરે ઘેરાતાં જતાં વાદળ છેવટે તૂટી પડયાં અને...
કેટલાકને ન ગમે એવી વાર્તા

લક્ષ્મણરેખા

કલહંસ જોશી

સરકારી નોકરીમાં બાપુજીનો હોદ્દો ઊંચો હોઈ સૌ એમને માન આપતા. ઘરનાં બધાં પણ એથી ગૌરવ લેતાં. ઘરમાં હાલ બાપુજી, બા, હું અને તૃપ્તિ એટલાં જ હતાં. બાપુજીના વડીલ બંધુ જેને અમે દાદા કહેતા તે યુવાન વયે જ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે કુટુંબ સાથે જઈ વસ્યા હતા અને બધી રીતે સુખી હતા. એમનો નિખિલ પણ દેશમાં પરણી તુરત આફ્રિકા પાછો ચાલ્યો ગયો હતો અને તે તથા માનસી ત્યાંના મુક્ત વાતાવરણમાં સરલ પણ સ્વતંત્ર જીવન જીવતાં હતાં.

લાંબી રજાઓમાં દાદા, નિખિલ અને માનસી દેશમાં આવતાં ત્યારે અમારા આનંદનો પાર ન રહેતો. એ દેશમાં રહે એટલો વખત તો હર્ષ અને ઉમંગના હિલોળા રહેતા. દાદા આવતા ત્યારે સૌને ગમતી વસ્તુઓની ભેટ સાથે લાવતા. વળી આફ્રિકાથી જે કંઈ રકમ બચાવી લાવતા તે બાપુજીને સોંપી દેતા, અને બાપુજી તેને બાપીકા ઘરને સમારવા-સુધારવા કે વધારવામાં તથા બીજી અનેક વ્યાવહારિક બાબતોમાં ખર્ચતા. તેનો હિસાબ કોઈ રાખતું નહિ કે કોઈ માગતું પણ નહિ. વસ્તુતઃ દાદાજીની કે બાપુજીની કોઈ અલગ મિલ્કતો ન હતી, તેમ તેવી જુદાઈ પણ ક્યારે ય જોવામાં આવી ન હતી. અમારું સંયુક્ત કુટુંબ આદર્શ ગણાતું, અમારું ઘર પાંચમાં પૂછાય તેવું તેને આગેવાન લેખાતું.

દાદા ઘરભંગ હતા એટલે આફ્રિકાના જીવનને અને પોતાને અનુકૂળ બને એવો એમણે નિખિલનો ઉછેર કર્યો હતો. એની આવડત અને કુશાગ્ર બુદ્ધિ ગ્રૅડ્યુએટોને શરમાવે તેવી હતી. વળી તેનું વ્યક્તિત્વ એથી યે વિશેષ છાપ પાડે તેવું હતું. માનસીમાં ખાસ વિશેષ વ્યક્તિત્વ કે અસાધારણ આવડ કે બુદ્ધિની ચમક ન હતી, છતાં આ યુગની સ્ત્રીઓમાં ખૂટતું એવું એક વિશેષ તત્ત્વ—ચાંદની જેવું તેનું સૌમ્ય ને મધુર સ્ત્રીત્વ બધાંને વશ કરી મૂકતું. તેના જેવો સરલ સ્નેહાળ સ્વભાવ, કુટુંબવત્સલતા અને અધીનતા બીજે ભાગ્યે જ જોવા મળે તેવાં હતાં.

આફ્રિકાની સ્થિતિ વણસી રહી હતી. હિંદીઓ તરફ આફ્રિકનોમાં સતત વિરોધ અને વિષવમન થઈ રહ્યાં હતાં. આથી દાદા ત્યાંનો ધીકતો ધંધો, સધ્ધર આજીવિકા, ઊંચું જીવનધોરણ અને અનેક અન્ય પ્રલોભનો જતાં કરીને સકુટુંબ કાયમ માટે દેશમાં રહેવા આવી ગયા અને અમે સૌ અમારી સંયુક્ત કુટુંબની રીતે સાથે રહેવા લાગ્યાં.

એક દિવસ તૃપ્તિ મને કહે: 'નિખિલભાઇનો અને ભાભીનો સ્વભાવ આમ તો મને ગમે. પણ જુઓને એમને સ્હેજ મોડા ઊઠવાની ટેવ, અને દાદા વળી ખૂબ વહેલા ઊઠે.'

હું કંઈ બોલ્યો નહિ એટલે તૃપ્તિએ આગળ ચલાવ્યું: 'દાદાને વહેલું નાહવાનું ગરમ પાણી જોઇએ; નાહી લે એટલે તુરત ચાનો પ્યાલો એમની સામે મૂકવો જ જોઇએ; ત્યાર પછી જ એઓ સંધ્યા-ગાયત્રી કરે.'

મેં કહ્યું: 'આમ તો બાપુજીને પણ એવી જ ટેવ છે ને?' એ કહે: 'એ ખરું, પણ બા કેટલાં ખેંચાઈ રહે છે તે જોયું? ભાભી લગાર વહેલાં ઊઠતાં હોય તો સારું, અહીં કંઈ આફ્રિકા પેઠે નોકરચાકર છે?'

હું કંઈ બોલ્યો નહિ પણ બાએ આ સાંભળ્યું એટલે વચ્ચે બોલતાં કહ્યું: 'તૃપ્તિ! એકનાં ગોવાળ ને સોનાં યે ગોવાળ; જરા ધીરજ રાખીશ તો માનસી પોતાની આફ્રિકાની ટેવો બદલશે.' મેં કહ્યું: 'બા ખરું કહે છે:'

આજે વટસાવિત્રી વ્રત હતું. તૃપ્તિ વહેલી ઊઠી આઠ વાગ્યે પૂજા માટે તૈયાર થઈ ગઈ હતી. માનસી પણ વહેલી તો ઊઠી હતી પણ હજુ તૈયાર નહોતી થઈ. બન્નેને સાથે જ પૂજા કરવા જવું હતું, એટલે તૃપ્તિ તલપાપડ થઇ રહી હતી, અને મોડું થવા માટે ચીડાતી હતી. માનસી નિખાલસ સ્મિત વેરતી ઉતાવળ કરી રહી હતી. છતાં તૃપ્તિથી આટલું સહન ન થયું ને માનસી સામે આખો દહાડો મોં ચડાવી રહી. મેં તથા બાએ એ જોયું પણ દુર્લક્ષ કર્યું. સાંજ પહેલાં તો માનસીએ તૃપ્તિને રીઝવી-મનાવી પોતાની કરી લીધી છે એમ મેં જોયું.

રોજ સાંજે હું ને નિખિલ સાથે જ ફરવા જતા. પ્રથમપ્રથમ તો રસ્તામાં અમારી વાતો ખૂટતી જ નહિ, પરંતુ હવે મુખ્યત્વે નિખિલ જ બોલ્યા કરતો અને હું ક્યારેક જ કંઈ જવાબ આપતો. આજે વાતો કરવાનો મને જરા યે ઉમંગ ન હતો. નિખિલે વાતની શરૂઆત કરી છતાં હું મૂગો જ રહ્યો. આથી તેને કંઈ ગમ્યું નહિ. તે કહે: 'પરેશ! મૂંગા-મૂંગા ફરવાની મઝા ન આવે.' મેં કહ્યું: 'હું આજે વાતો કરવાના મૂડમાં નથી. તારે જવું હોય તો જા નિખિલ!' અને એમ કહી રસ્તાની એક તરફ વિરામ માટે સુધરાઈએ મૂકેલા બાંકડા પર હું બેસી ગયો.

'ત્યારે હું જાઉં છું, પરેશ.' એણે કહ્યું. હું કંઈ બોલ્યો નહિ, પણ એ આટલું જ કહી ઉતાવળે ઘર ભણી જતો રહ્યો તેનું મને ઊંડું દુઃખ લાગ્યું. એણે મારા આવા મૂડ માટે કારણો માગ્યાં હોત, વધુ પૂછગાછ કરી હોત, અગર બાંધછોડ કરી મને સમજાવી લેવા કંઈ પ્રયત્ન કર્યો હોત તો તે મને ગમત; પણ આમ, મારી જાણે એને મન કશી ગણના જ ન હોય એમ, વધુ કંઈ પણ ન બોલતાં જતો રહ્યો તે મને ખૂંચ્યું; અને તે રાત્રે જમતી વખતે પણ હું નિખિલ સાથે બોલ્યો નહિ.

ઘણુંખરું દાદા અને બાપુજી સાથે જ જમવા બેસતા. આજે કંઈ જરૂરી કામને લઇ બાપુજી હજુ ઑફિસથી આવ્યા નહોતા. દાદા એમની રાહ જોતા જમવા ન બેઠા. આજે બાજુમાં પાડોશીને ત્યાં સત્યનારાયણની કથા હતી ત્યાં જવાની બાની ઇચ્છા હતી. બધાંને જમાડી, બાપુજી માટે થાળી ઢાંકી પછી પોતે ત્યાં જશે એવી બાની ધારણા હતી, પણ દાદાને વારંવાર બોલાવવા છતાં એઓ જમવા ન ઊઠયા અને બાપુજી આવ્યા પછી એમની સાથે જ જમવા બેઠા.

જમી રહ્યા પછી બાપુજી રૂમમાં ગયા ત્યારે બાએ બાપુજીને કહ્યું: 'તમે મોડા જમવા આવ્યા અને અમારી કથા રહી.' બાપુજી કહે: 'કેમ? બધાંએ જમી લેવું હતું ને!' બા કહે: 'મારે તો તમે જમો પછી જ જમવું હતું, પરંતુ મોટા ભાઈ કહે, "ઉતાવળ શી છે? અમે બન્ને સાથે જ જમીશું; એમને આવવા દો." બીજું તો કંઈ નહિ, પણ કામવાળો ચાલ્યો જાય પછી અમારા ભોગ ને? વાસણ કોણ માંજે? રસોડું કોણ સાફ કરે? મોટા ભાઇએ આ સૌની મુશ્કેલી જાણવી જોઈએ. આ આફ્રિકા થોડું જ છે કે જેમ કરીએ તેમ ચાલે?'

બાપુજી કહે: 'આખી જિંદગી ચાલ્યું તો હવે કેમ ન ચાલે? આ ઘર જ...' બા કહે: 'આ ઘર અને આપણે ભલે એમનાં હોઈએ, પણ...'

બાપુજી કહે: 'હું બધું સમજું છું...' આ સાંભળી બા મૂગાં તો રહ્યાં, પણ બાપુજીનો દાદા માટેનો આવો પક્ષપાત તેમને રુચ્યો નહિ.

બે દિવસની ડિસ્ટ્રિક્ટ પછી બાપુજી આજે જ ઘેર આવ્યા હતા. દરમ્યાન ઘરનું વાતાવરણ વધુ તંગ બન્યું હતું એમ એમને લાગતું હતું. એમના સદા પ્રફુલ્લિત રહેતા ચહેરા ઉપર આજે ઉદાસી ને કંટાળો સ્પષ્ટ જણાતાં હતાં. બાપુજી એમના સ્વભાવ પ્રમાણે કંઈ રસ્તો જરૂર કાઢશે એમ અમને સૌને લાગ્યા કરતું હતું. આજે પોતે ઑફિસે આવી શકશે નહિ એમ એમણે કહેવડાવી દીધું હતું અને પોતાના ઓરડામાં કંઈક

માનસિક ચિંતા અને મથામણમાં પડ્યા હોય તેમ જણાતું હતું. પરિણામે ઘરનું વાતાવરણ વધુ ગંભીર બન્યું હતું.

બપોરે બાપુજી તથા દાદા વણબોલ્યા બેસી જમી રહ્યા કે તરત બંને પોતાના ખંડોમાં જતા રહ્યા. હું અને તૃપ્તિ ધારતાં હતાં કે બાપુજી આવું બધું સહન નહિ કરે ને આજ સાંજ સુધીમાં કંઈક નવીન બનશે જ. કદાચ દાદા અને બાપુજી વચ્ચે કંઈ વિખવાદ થઈ પડે ને પરિણામે બાપુજી કે દાદા પોતાનાં કુટુંબીની અલગ રહેવાની વ્યવસ્થા પણ કરે.

રોજ તો વામકુક્ષી પછી દાદા અને બાપુજી ચા સાથે જ પીતા. આજે એ બન્નેને બોલાવવા છતાં વચલા ખંડમાં આવ્યા નહિ, એટલે તૃપ્તિ અને માનસી દાદા અને બાપુજીની ચા એમના ઓરડાઓમાં આપી આવ્યાં; પણ બેમાંથી કોઈ ચાને અડચું સુધ્ધાં નહિ અને બન્ને પ્યાલા ભરેલા જેમના તેમ પાછા આવ્યા.

સાંજ પડતાં સુધીમાં તો દાદાની એક ચિઠ્ઠી નિખિલે બાપુજીને પહોંચાડી, પણ નિરુત્તર. આ શુષ્ક વાતાવરણમાં માનસી તથા નિખિલ દાદાના રૂમમાં ગયાં તો ખરાં જ, પરંતુ કંઈ પણ બોલ્યા સિવાય તુરત પાછાં ફર્યાં.

મને તથા તૃપ્તિને ચેન પડતું ન હતું. અંતે તૃપ્તિ કહે: 'બાપુજીનો સ્વભાવ કડક છે એ તો હું જાણું છું, પરંતુ દાદા પણ આટલા ક્રોધી સ્વભાવના હશે એ તો આજે જ જાણ્યું.' મેં કહ્યું: 'આ બધામાં મને તો બાની હાલતની જ દયા આવે છે. એમનું હૈયું વારંવાર ભરાઈ આવે છે. જોને માનસી તો બા પાસેથી આજે ખસી જ નથી. એ પણ...'

'આ ધૂંધવાટમાંથી, કંઈક ભડકો જરૂર થશે; બાપુજી–દાદા ઝગડી તો નહિ પડે ને? અરેરે! એમ થશે તો શું થશે?' તૃપ્તિ ચિંતા કરી રહી.

સાંજ નમી ગઈ. અંધારાં ઊતરી ચૂક્યાં. રોજનો વાળુ કરવાનો સમય નજીક આવી રહ્યો હતો. અમ સૌની મીટ બાપુજીના અને દાદાના ખંડ તરફ મંડાએલી હતી. ઘરનું વાતાવરણ વધુ તંગ બની રહ્યું હતું.

અચાનક બાપુજીના રૂમનો દરવાજો ખૂલ્યો, હલચલનો કૈંક અવાજ આવ્યો ને બાપુજીને સામેના દાદાના ખંડમાં જતા અમે જોયા, એમણે બારણું અટકાવ્યું, પણ એ બરાબર બંધ ન થતાં અંદર શું બને છે તે જોવાની અમને તક મળી. હું અને નિખિલ બન્ને ત્યાં જોઈ રહ્યા. અમારી પાછળ જ તૃપ્તિ અને માનસી આવી ઊભાં. બાની અધીરાઈ પણ છાની ન રહી. તે રસોડાને ઉંબરે અજીઠે હાથે આવી ઊભી.

અમે જોયું: દાદા સોફાચેર પર કંઈ વાંચતા બેઠા હતા. બાપુજીને જોતાં વાંચવાનું પુસ્તક દૂર મૂક્યું અને લુખ્ખી આંખે એમની સામે તાકી રહ્યા. બાપુજી ધીમેધીમે નજીક ગયા. બેમાંથી કોઈ અક્ષરે ય બોલ્યું નહિ. બાપુજી આગળ વધ્યા અને ઝડપભેર બેસી દાદાના પગ પકડી લીધા, પોતાનું માથું એ ચરણોમાં મૂકી દીધું અને તેને આંસુથી પલાળી દીધા. દાદાએ પોતાના બન્ને હાથે એ માથું ઊંચકી છાતીએ લગાડી દીધું. દાદાના પહેલાંના નિસ્તેજ વદન પર પ્રસન્નતા ને સંતોષનું તેજ પ્રસરી રહ્યું.

અને કોણ જાણે ક્યારે મારો તથા નિખિલનો હાથ એકમેકને પકડી જોરથી ભિડાઈ ગયો ને બંનેએ ક્યારે એકબીજાને બાથ ભરી લીધી!

પાછળ ફરી જોયું તો તૃપ્તિ અને માનસી તો ક્યારનાં એકબીજાને હેતમાં વળગી પડ્યાં હતાં. એમની આંખોમાં હર્ષનાં આંસુ સમાતાં ન હતાં. અને બા તરફ મારી નજર જતાં એટલું જ બોલી શકાયું: 'બા!'

બાનું કરચલીએ શોભતું મુખ અમને આનંદમાં પ્રફુલ્લિત જોઈ સ્મિતનાં ફૂલ વેરી રહ્યું અને કહ્યું: 'ભાઈ! આ તો પૂર્વજોનાં પુણ્યની લક્ષ્મણરેખા, એને કોણ ઉલ્લંઘી શકે?'

દાદા બાપુજીના ખભાનો ટેકો લઈ રોજ પેઠે વાળુ કરવા ઊઠ્યા ત્યારે બહાર ઘનઘોર ઘેરાએલો વરસાદ એક ભારે ઝાપટું નાખી જતો રહ્યો હતો અને આકાશ નિઃરભ્ર શીતળ ચાંદની વેરી રહ્યું હતું. □



હીરાની વીંટી

દુર્ગાદાસ કપરી ભીડમાં આવી પડ્યો હતો. માબાપના મરી પરવાર્યા પછી આ વિશાળ સંસારમાં તેને એકલો છોડી જનારા એકમાત્ર નિકટના સગા તેના નાના તેને વારસામાં એક મૂલ્યવાન હીરાની વીંટી આપતા ગયા હતા; પણ સાથે વીલમાં શરત કરતા ગયા હતા કે અન્ન અને દાંતને વેર થવા જેવી અફલ સ્થિતિમાં તે આવી ન પડે ત્યાં સુધી તેનાથી તે વેચાય નહિ અને; દુર્ગાદાસે એ શરત પાળવાનું વચન આપી તેમના મોંમાં મરતી વખતનું છેલ્લું પાણી મૂક્યું હતું.

તો હવે સટ્ટાબજારનું આવતું મોટું વલણ ચૂકવવું કઈ રીતે?

પણ દુર્ગાદાસ અમદાવાદી ખેલાડી હતો. તેના નાનકડા પણ શોખીન સજાવટવાળા આવાસમાંની એકેએક ચીજનો પૂરી કિંમતનો વીમો તેણે કટકે કટકે ઊતરાવી લીધો હતો. પણ પોળને નાકે આવેલા કોઈકના એ ભાડાના મકાનને ત્રીજે માળે સહેલાઈથી આગ લાગે એ શક્ય ન હતું.

સિગારેટ સળગાવીને મુશ્કેલીનો તોડ કાઢવાનો વિચાર કરતો હતો ત્યાં, તેની નજર સિગારેટના મોગરા સાથે ચમકી રહેલી હીરાની વીંટી પર પડી. એક તુક્કો તેના મગજમાં ચમકી ગયો ને પ્રસન્ન મનથી તે આજના શ્રાવણી સોમવારનો લાભ લેવા ભીમનાથને આરે નાહવા ઊપડ્યો.

મિરઝાપુર આગળ આવી પહોંચતાં તેણે ડાબી બાજુને રસ્તેથી પોતાને નીચલે માળ રહેતા ઘરધણીના છોકરાને ઉતાવળો ઉતાવળો પોતા તરફ આવતો જોયો. પણ ભીમનાથ કૅમ્પની બસ, સામેના સ્ટૅન્ડ પર ઊપડતી હતી. તે દોડીને એમાં ચડી બેઠો, અને પાછળ દોડતો આવતો મોહન એક ધીમી બૂમ પાડી નિરાશ બની ઊભો રહી ગયો.

ભીમનાથને આરે જઈ તે નાહ્યો ને ઘડેલી યોજના મુજબ તેના હાથ પરની હીરાની વીંટી સાબરમતીનાં ઊંડાં પાણીમાં ગરક થઈ ગઈ.

વળતાં, ત્રીજી વાર 'મેરા નામ જોકર'ની ફિલ્મ જોઈને તેના ગીતના સૂર ગુંજતો ઘેર આવીને તે વીમા કંપનીને કાગળ લખવા બેઠો. પોતે બપોરનો કેવી રીતે ઘર બહાર નીકળી ગયો હતો ને એ કમનસીબ સાંજે ક્યાંક્યાં ફર્યો હતો તેનું વિગતવાર વર્ણન, ચતુર સટોડિયાની સર્વ ખબરદારીથી તેમાં તેણે કર્યું, ને છેવટે આશા વ્યક્ત કરી કે પોતે તો એ વીંટી પાછી જડી આવે એમ જ ઇચ્છે છે. માતામહની મરતી વેળાની એ મોંઘી ભેટના બદલામાં વીમા કંપની તેની પૂરી કિંમતના રૂ. ૫૦૦૦ ચૂકવી આપશે તો પણ તેને તો ગએલી ખોટનો વસવસો જ રહી જવાનો.

પત્ર પર બીજી ઑગસ્ટની તારીખ પણ તેણે ખૂબ સ્પષ્ટતાથી નાખી,

(અનુસંધાન 'પચ્ચીસ વર્ષ પહેલાં'ને છેડે)

૫૫૫
ભાવનગરમાં
કુટુંબની આપત્તિઓ

જીવનપટનાં સ્મૃતિચિત્રો



રવિશંકર રાવળ
[આત્મકથાનક-૧૧૦]

તા. ૧૨ ઑક્ટોબર ૧૯૨૦ના રોજ હું ભાવનગર પહોંચી ગયો. પિતાશ્રીની તબિયત ઘણી ગંભીર હતી, પણ ઉપચારો કરવામાં તેઓ બહુ દૃઢ અને નિયમિત હતા. એમણે ક્વચિત જ આવી લાંબી બીમારી ભોગવેલી. હાલ તેઓ ભાવનગર બૅંકના અધિકારી હતા. એટલે સવાર-સાંજ નોકરો, કારકુનો અને દાક્તર-વૈદ્યોની પૂરી સહાયસારવાર હતી. તેમની બાજુના જ ખંડમાં મેં પણ મારી પથારી નાખી.

દિવાળી સુધીમાં સૌને આરામ થયો, પણ મારો દમ મને હેરાન કરતો રહ્યો. એવામાં મારા પિતાશ્રીની તબિયત જોવા રામજી વૈદ્ય આવ્યા. એ વખતે રામજી વૈદ્યની શહેરમાં વાતો થતી. વડતેજના દરવાજે ગાંધિયાણું કરતાંકરતાં, ઘેર શાસ્ત્રી રોકી, થોડું વૈદક કરી, ઘરાકો દર્દ બતાવે તે પર દવાની પડીકીઓ, ઉકાળા ને ગોળીઓ આપતા થયા. ફક્ત એક આનાથી વધુ કદી લેતા નહિ. એમની દુકાને દરેક કોમના દરદીઓની ભીડ જામતી. કવિઓ, વિદ્વાનો, સંગીતજ્ઞાતાઓ આવે તેનો એ ભારે સત્કાર કરતા. કોઈકોઈને માટે ઘેરથી ચા પણ કરીને મંગાવતા અને વિવિધ વિષયો પર વાતો કરતા. વિદ્વાન વૈદ્યો તેનો પ્રસાર થતો જોઈ દાઝતા પણ ખરા. આમ સાદું વૈદું કરતાંકરતાં તેણે ગાડી-ઘોડા રાખ્યાં અને નવું ઘર બાંધ્યું. મોટામોટા માણસોને ત્યાં રોજ ખબર પૂછવા જાય, આયુર્વેદની વાહવાહ બોલે અને આયુર્વેદનું વિદ્યાલય થવું જોઈએ એવો પ્રચાર કરે.

એક વાર એ મારા પિતાશ્રીની તબિયત જોવા આવ્યા ત્યારે ડૉક્ટરોની ઠીક નિંદા કરી. પોતે કેટલાક દીવાનો-અધિકારીઓને આયુર્વેદના ઉપચારોથી આરામ કર્યાની મોટી વાતો કરી. મારા પિતાશ્રીને દવા ઉપરાંત રોજ ઉત્તમ ઘીનો શીરો ભોજનમાં લેવા કહ્યું.

રામજીભાઈ પોતાની શક્તિની વાતો પ્રસારનાર બેચાર મિત્રોને રોજ ભેગા કરતા, ચા-પાણીથી તેમનો સત્કાર કરતા, અને દુકાન પાસે એક-બે ખુરશીઓ તેમને માટે રાખતા. કોઈ આવે તો તેમને પણ ઘણી વાર વાતો કરતા બેસાડતા, જેથી બીજાઓ ઉપર છાપ પડતી. મને પણ તેમણે દમના ઉપચાર બતાવવા ઘેર બોલાવ્યો. ત્યાં પોતે મોટા ઠાઠથી ઠાકોરજીની પૂજા કરતા હોય; એકાદ શાસ્ત્રી આયુર્વેદનો પાઠ સંભળાવે તેની ચર્ચા થાય; પછી ક્યાંક કોઈને મળવા-જોવા જાય, એટલો વખત એમના પુત્રો દુકાનનો થડો સંભાળે. તેઓ ફરીને આવે ત્યાં મારા જેવા ખાસ દરદીઓ પણ રાહ જોતા હોય. મારી કોઈને ઓળખાણ આપે, મને તેમની ઓળખાણ કરાવે. કવિશ્રી દુલા કાગને મેં પહેલવહેલા તેમની દુકાન પાસેની ખુરશી પર જોએલા. રામજી વૈદ્ય કવિઓના પૂરા અનુરાગી હતા.

એમણે મને એક માસ દૂધભાતના ખોરાક પર મૂક્યો. હું દૂબળો પડતો ચાલ્યો ને કંટાળ્યો. એવામાં એક પરિચિત ડૉક્ટરે એફિડ્રીનની ટીકડી બતાવી ને દમને દબાવવાનો કીમિયો મને હાથ લાગ્યો. પણ એથી દમને તેના પાયા ઊંડા નાખવાની મેં સગવડ આપી. એફિડ્રીનની અસર થતી જોઈ વૈદ્યને છોડી હું તેના આધારે દિવસો ગુજારવા લાગ્યો.

૫૫૬ રવિવર્મા અને ગ્રિફિથસનાં ચિત્રોની નકલો


કંઈ કામ વિના મને ચેન પડતું નહોતું એટલે મારા પિતાશ્રીએ મારું મન સ્થિર થાય એવું કોઈ કામ કરવા કહ્યું. મને એકાએક સ્ફુર્યું કે ભાવનગર મહારાજાના સંગ્રહમાં રવિવર્મા અને ગ્રિફિથ્સે કરેલાં ચિત્રો છે. તેનું મૂલ્ય ત્યાં થોડા જ સમજતા. તેની નકલો હું બહાર લાવી શકું તો કળાની એક સેવા થાય. તે વખતે સર પટ્ટણીના હાથમાં રાજ્યસત્તા હતી એટલે મારા પિતાશ્રી પાસેથી ભલામણપત્ર લઈ એ ચારે ચિત્રો થોડા વખત માટે માગી લાવવા હું તેમની પાસે ગયો. અનંતવાડીના બંગલે હું તેમને મળ્યો કે તરત મુલાકાત આપી અને ખાનગી ખાતાને હુકમ મોકલ્યો કે એ ચિત્રો મને મુકામ પર પહોંચાડી દેવાય. ત્રીજે દિવસે રાજ્યના ખટારામાં એ ચિત્રો મારે ત્યાં આવી ગયાં. જોયું તો ચિત્રો બિસ્માર હાલતમાં હતાં. તેને ફ્રેમો નહોતી, ચોકઠાં પર ખીલીઓ મારી મહેલના કયે ખૂણે એ ચોડાયાં હશે તે કોણ જાણે. વચ્ચે પણ કાણાં હતાં. ગ્રિફિથ્સનું પ્રસિદ્ધ ચિત્ર 'અજન્તાના યાત્રીઓ' પણ તેમાં હતું.

મેં અમદાવાદ પત્ર લખી આવતા-જતા સાથે કૅનવાસ મંગાવી લીધાં અને મૂળ ચિત્રો પરથી ટ્રેસિંગો લઈ મારા કૅનવાસ પર રેખાઓ ઉતારી લીધી. વનમાળીદાસ કરીને મારા એક મિત્ર અગાઉ મારી પાસેથી થોડું ઑઈલ પેઇન્ટિંગ જાણીને જાત-મહેનતે તસ્વીરો કરતા થયા હતા તેમણે મને ચિત્રો પૂરાં કરવામાં પૂરા મનથી સહાય કરી. (એ હતા વાળંદ જ્ઞાતિના સંસ્કારી યુવક. સાઇન-બોર્ડ પેઇન્ટરમાંથી તસ્વીરો કરતા થએલા. પછી રાજા-રજવાડાંનાં હજારોની કિંમતનાં ચિત્રો કરતા થઈ ગયા હતા.) આ ચિત્રો મારી અમૂલ્ય સંપત્તિ બન્યાં. મહિના પછી મૂળ ચિત્રો રાજ્યના ખાનગી ખાતાને લખતાં પાછાં લઈ જવામાં આવ્યાં. આમાં સર પટ્ટણીની ઉદાર દૃષ્ટિનું એક સુંદર સ્મરણ મારી પાસે સચવાયું છે.

૫૫૭ કાકાનું અવસાન

હજુ મારા પિતાશ્રીની તબિયતમાં અશક્તિ ખૂબ હતી. હું ઠીક થતો જતો હતો અને મારી પાસે જે થોડું કામકાજ હતું તે કર્યા કરતો હતો. અમદાવાદથી બચુભાઈ તરફથી નિયમિત સમાચારો મળતા હતા. તેમાં અવારનવાર આગળ શું કરવું તેની સામસામી ચર્ચાઓ થતી હતી. બચુભાઈ નવજીવનની એકધારી દૈનિક કામગીરીથી વ્યાકુળ થયા કરતા હતા. કળા, રસિકતા કે નાવીન્ય, સાહસ કે સમાજ-ઉત્કર્ષ માટે પ્રબળ દોરવણી આપતું કોઈ સામયિક પત્ર નહોતું. અમે નવી પ્રજા માટે દિશાઓ ઉઘાડતું એક સામયિક કાઢવાની યોજના વિચારતા થઈ ગયા હતા. પણ મારું આરોગ્ય હજી નવો મોરચો કરવા જેવું થઈ શક્યું નહોતું અને કેટલો સમય ભાવનગર રોકાવું પડશે તે નક્કી નહોતું. એવામાં અમારા કુટુંબમાં ન ધાર્યો વજ્રઘાત જેવો પ્રસંગ બની ગયો.

મારા કાકા હરિલાલ રાવળ કાઠિયાવાડ રેલવેમાં ભાગલા પડ્યા તે વખતે ભાવનગર રેલવેના ઑડિટ ઈન્સ્પેક્ટર બની ગયા હતા અને રેલવે લાઈન પરનાં સ્ટેશનોના હિસાબો જોવા રોજબરોજ પ્રવાસમાં જતા. દૂરના સ્ટેશને જાય અને એકબે દિવસનું રોકાણ થાય ત્યારે રસોઇયો-પટાવાળો સાથે લઇ જતા ને બાકીનો વખત તે ઘર આગળ કામ કરતા. આથી નગરમાં અને જ્ઞાતિમાં પણ તેમનો માનમોભો વધ્યાં હતાં.



કાકા હરિલાલ રાવળ

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬

મરડો

પેટમાં મરોડ થઇને મલોત્સર્ગ થાય તેને મરડો કહે છે. આયુર્વેદમાં આને 'પ્રવાહિકા' (મલપ્રવૃત્તિ વખતે પ્રવાહણ-જોર કરવું પડે તે પરથી) તથા સાંપ્રત વિજ્ઞાનમાં 'ડીસેન્ટ્રી' કહે છે.

ઝાડાની યોગ્ય ને પૂરતી ચિકિત્સા કરવામાં ન આવે અથવા ઝાડા મટયા પછી પથ્યપાલનમાં કાળજી રાખવામાં ન આવે તો મરડો થઈ જાય છે. બજારુ ખોરાકનો અતિરેક, અજીર્ણ છતાં અતિ આહાર, વગેરેથી આંતરડાની શ્લેષ્મિક કળા (મ્યૂકસ મેમ્બ્રેઈન) ક્ષોભ પામી આળી બની જાય છે ને ઘસાય છે. તેથી મળમાં પરુ જેવો ચીકણો પદાર્થ અને ક્યારેક લોહી પણ દેખાય છે. પેટમાં વાઢ આવવા સાથે વારંવાર સંડાસ જવાની હાજત થાય છે, ને જોર કરવા છતાં બહુ થોડો મળ જ નીકળે છે. એક વાર સંડાસ જઈ આવ્યા પછી તરત જ ફરીથી જવું પડે છે. આથી રોગી શારીરિક રીતે અત્યંત થાકી જાય છે. તેના પગ તૂટે છે, ચક્કર આવે છે તથા બેચેની જણાય છે. ઉગ્ર મરડો ક્યારેક જીવલેણ પણ બને છે.

ચિકિત્સા

૧) લોટવાળો ચીકણો ખોરાક બંધ કરવો. બીજો હળવો ખોરાક પણ ન લેવાય તો સાકર-જીરુ-મીઠું નાખેલું મોળા દહીંનું ઘોળવું માત્ર લેવાય તો તે ખૂબ ફાયદો કરશે. મરડો હળવો પડયા પછી મગની દાળવાળી ખીચડી, મગની રેડ દાળ અને ભાત કે બાજરીના લોટની પાતળી રાબ લઈ શકાય.

૨) મળના પાચન માટે હરડેચૂર્ણ લેવું. બાળકોને દીવેલથી લાભ થશે. આ બંને ઔષધોથી ઝાડા વધશે તેવી માન્યતા ખોટી છે. મળનું પાચન થવાથી મરડો તરત જ કાબૂમાં આવી જશે.

૩) છાશ કે એરંડિયા સાથે સૂંઠ લેવાથી પણ ઘણો ફાયદો થાય.

૪) કડાછાલનું લૅટિન નામ છે 'હેલેરોના ઍન્ટી ડીસેન્ટ્રિકા'. સ તેના મરડાવિરોધી ગુણને લીધે જ પડયું હશે. કડાછાલનું ચૂર્ણ કે તેની બનાવટ કૂટજ ઘનવટી કે કૂટજારિષ્ટ મરડો રોકવામાં સમર્થ છે. કડાછાલના ફળ ઈંદ્રજવનું ચૂર્ણ પણ એમાં ઉપયોગી છે.

૫) શિવાક્ષાર પાચન ચૂર્ણ, વૃદ્ધ ગંગાધર ચૂર્ણ, બિલ્વાદિ ચૂર્ણ, જાતિ ફલાદિ ચૂર્ણ, કપૂર રસ, કપૂરાસવ વગેરે ઔષધો પણ વાપરી શકાય.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા

તેમનો પરિવાર પાંચ પુત્રોનો હતો. હજી બધા જ સગીર અને નિશાળે જતા હતા, પણ કાકાને તેમનાં વેવિશાળ થઈ જાય તેની બહુ ચિંતા રહેતી, કારણ કે એ પૈકી કોઈ શક્તિ, સ્વરૂપ કે અભ્યાસમાં વિલક્ષણ જણાતો નહોતો. અમો કાકા-ભત્રીજા વચ્ચે બહુ સારો સ્નેહ હતો, એટલે ઘણી વાર તેઓ તેમની ચિંતા મારી આગળ વ્યક્ત કરતા. જૂના જમાનાના પોતાના લગ્નસંબંધમાં પણ એમનું જીવન સંતોષભર્યું નહોતું. મારાં કાકી બીચારાં અભણ ને આંખે ઓછું દેખતાં. ઘરકામનું વૈતરું કરતાં મોટાં થએલાં, તે જમાનાને સમજી શકતાં નહિ. ઘણી વાર અણસમજથી કાકાના કોપનો ભોગ થતાં ક્લેશ અનુભવતાં. આમ કાકાને સાંસારિક સ્વસ્થતા મળી નહોતી અને વ્યગ્ર રહેતા. બીજી રીતે તેમના ઑફિસકામમાં અધિકારી તરીકે કાબેલિયત વખણાતી. તેઓ સ્વભાવે ઉગ્ર ને તરવરાટિયા હતા, પણ મારા પ્રતિ બહુ માયાળુ હતા. હું તેમની પાસે નાનપણના લ્હાવ પામેલો. મારી ઘણી માંદગીમાં તેમની શુશ્રૂષા મળતાં નિરાંત અનુભવતો. તેમની પ્રતિ મારી મમતા ઊંડી હતી.

એક દિવસે સાંજે તેમના આવવાને સમયે એક ઘોડાગાડી ઘર આગળ આવી ઊભી. તેમાંથી તેમની ભાવનગર પરા (ગઢેચી)ની ઑફિસના બે કારકુનોએ તેમને બેભાન જેવા નીચે ઉતાર્યા ને ઘરમાં ખાટલો ઢળાવી સુવાડયા. બપોરથી તબિયત બગડેલી અને બેચેન હાલતે સૂઈ રહેલા. રેલવેના ડૉક્ટરે દવાઓ આપી હતી ને સાંજની સ્ટાફ-ટ્રેઈનમાં ઘેર રવાના કર્યા હતા. બસ, એ ખાટલે પડયા પછી એ ઊઠયા જ નહિ. રાત્રે ડૉક્ટર આવી ગયા. પેશાબ બંધ થયો હતો, પેટ ચડયું હતું ને તે તરફડતા હતા. નળી મૂકી થોડો પેશાબ કરાવ્યો. ઘરમાં બધાં મૂંઝાઈ ગયાં. મારા પિતાશ્રી હજુ અશક્ત હતા, તે પરાણે દાદર ઊતરી ભાઈ પાસે આવી બેઠા. કાકા આમતેમ માથું હલાવતા પરાણે થોડા બોલ કહી શક્યા: 'ભાઈ, નહિ બચું એવું લાગે છે. છોકરાંનું ધ્યાન રાખજો.' મને કહે: 'તું પહોંચતો થયો છે. તારા ભાઈઓની ખબર રાખજે.' પછી બે જ દિવસ ટકી રહ્યા.

ત્રીજી ડિસેમ્બર ૧૯૨૦ની રાત્રે ૧૦ વાગ્યે હું મારા ખંડમાં જઈ સૂઈ ગયો હતો ત્યાં મેં રોકકળ સાંભળી. નીચે ઊતરી કાકાના ઘરમાં ગયો ત્યાં એમનું શરીર જમીન પર સાથરો કરી મૂકેલું હતું. મારા બાપુજી દુઃખી-દુઃખી થઈ ડૂસકાં લેતા હતા. મેં કાકાનું છેલ્લી વાર શ્વાસહીન મુખ જોયું અને મારી વ્યથા પણ છલકાઈ ગઈ. મેં પહેલું વડીલજનનું મૃત્યુ જોયું.

૫૫૮ અમદાવાદનો ફરી સાદ

ભાવનગરમાં આમ ધાર્યા કરતાં વધુ રોકાણ થઈ ગયું. પિતાશ્રી માંદગીથી સાવ અશક્ત થઈ ગયા હતા તેમાં કાકાના મૃત્યુએ ભારે આઘાત કર્યો. હવે તેઓ એકલા જ બન્ને કુટુંબના વડીલજન હતા અને સૌના યોગક્ષેમ માટે ચિંતા કરનાર એક જ હતા, એટલે ગમે તેમ કરી પથારીમાંથી ઊભા થયે જ છૂટકો હતો. રામજી વૈદે એક ઉપચાર-ટુચકો બતાવ્યો તે સફળ થયો અને ફરી ટટ્ટાર થઈ દરબાર-બૅન્ક તેમજ ઘરની જવાબદારી સંભાળતા થઈ ગયા. મારા માટે રામજીભાઈએ બતાવેલો દમ મટાડવાનો પ્રયોગ ધાર્યું પરિણામ આપી શક્યો નહિ એટલે તેમનો ઉપચાર છોડી અમદાવાદ જઈ કાર્યક્ષેત્ર સંભાળવા નિશ્ચય કર્યો.

બચુભાઈના ઉપરાઉપર પત્રો આવતા હતા. કંઈ સતર્ક કાર્ય થતું નહોતું તેથી તે કંટાળવા લાગ્યા હતા. તેમનું માનીતું પત્રકારત્વ ખીલવવા તેમણે બેચાર હસ્તલિખિતો તૈયાર કરવા માંડયાં હતાં. મેં જણાવ્યું કે સ્ત્રીઓ, પુરુષો, સાક્ષરો માટે ઘણાં પત્રો છે. આપણે પ્રજાજીવન ખીલવવું હોય તો શાળા અને ઘરની વચ્ચે સંબંધ સાંધતું વ્યવહાર, સાહસ અને ચારિત્ર્યમાં સજગતા તથા તાલીમ આપે એવું પત્ર ઘડવું જોઈએ.

૫૫૯ માસિકનું નામ મળ્યું

એ વખતે ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ, ગિજુભાઈ અને હરભાઈએ શિક્ષણમાં વિદ્યાર્થીવૃંદને નવયુગની દીક્ષા આપવા બહુ તેજ કક્ષાએ કામ ઉપાડયું હતું, તેમાં મારા સ્વજનોનાં બાળકો ઊછરી રહ્યાં હતાં. કેટલાંક ગિજુભાઈના બાળમંદિરથી પ્રારંભ કરી માધ્યમિક શિક્ષણ સુધી પહોંચી ગયાં હતાં. તેઓ પૈકી અનંત અને ઉપેન્દ્ર બંને મોખરે હતા અને તેમના માર્ગદર્શન નીચે નરેન્દ્ર બધેકા, વિનાયક પંડયા વગેરેનું નાનું મંડળ તેમનું હસ્તલિખિત માસિક 'કુમાર' ચલાવતું હતું તે તેમણે મને બતાવ્યું. મારા મનમાં ચાલતા વિચારોને તે જોઈ વેગ મળ્યો અને બાળકો શું વિચારે છે, શું ચાહે છે, કેમ વાતો કરે છે તેનો સાક્ષાત્ અભિગમ થયો. મનમાં સંકલ્પ થયો કે અમારું સામયિક આવા ઊગતા કિશોરોની જ કક્ષા સંભાળશે અને નામ પણ 'કુમાર' જ રાખીશું. આમ 'કુમાર' માસિકની નામ-સંજ્ઞા એ બાલમંડળને આભારી છે. એ બાળકોનો મારા પ્રતિ ઘણો જ આદર ને સ્નેહ હતો. તેઓ ચિત્રકામ, વિજ્ઞાન ને પ્રવાસના રસિયા હતા. હું જાઉં ત્યારે મારી સાથે વાતો કરવા ટોળે મળતા. 'વીસમી સદી'માં પ્રકટ થતાં મારાં ચિત્રોથી પ્રભાવિત હતા. કોઈ કોઈ વાર મારાં ચિત્રો પરથી નકલો પણ કરતા. એમને મેં માસિક પ્રકટ કરવાના મારા મનોરથ જણાવ્યા અને તેમણે ખૂબ જ ઉત્સાહથી તે વધાવી લીધા, એટલે મારી ભાવનાઓમાં નવો વેગ આવ્યો. (ચાલુ)

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૪ છત્રપતિની આરતી

તે વખતના અમારા કૉલેજ જીવનમાં રાષ્ટ્રીયતા, સ્વરાજ્ય-ભાવના અને વિદેશી–અંગ્રેજી–રાજ્ય પ્રત્યે તિરસ્કાર ધીરેધીરે પેસવા લાગ્યાં હતાં. (ઈ. ૧૯૦૪થી ૧૯૦૭ના એ દિવસો હતા.) શહેરમાં રહી કૉલેજમાં ભણવા આવનાર 'ડે સ્ટુડન્ટ'ની વાત નોખી હતી, પણ છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીઓનું એક જાતનું સામાજિક સંગઠન હોય જ છે, અને અસંખ્ય વિષયોની ચર્ચા પણ ત્યાં ચાલવાની. આવા વાતાવરણમાં કેટલાક અતિ આગ્રહી, અતિ પ્રચારક હોવાના જ. જ્યારે કેટલાકમાં તો જાગૃતિનું નામ પણ ન મળે. અમે થોડાક વિદ્યાર્થીઓ કાંઈક ઠરેલ પણ પ્રગતિશીલ ગણાતા હતા.

બબ્બે વિદ્યાર્થીઓ દીઠ એક ઓરડી અમને મળતી. પોતાને અનુકૂળ સાથી પસંદ કરવાની છૂટ હોવાથી વિદ્યાર્થીજીવન શાંતિથી ચાલતું. ભોજન માટે ત્રીસત્રીસ, ત્રીસત્રીસ વિદ્યાર્થીઓની ક્લબો હતી. દરેક ક્લબનું પોતાનું વાતાવરણ ખરું. એ વિષે મેં લખ્યું હશે (અથવા લખીશ.)

ઓરડીની દીવાલ ઉપર મનગમતા ફોટો રાખવા એ તો સ્વાભાવિક વાત હતી. ઘણાખરા વિદ્યાર્થી પોતાના જ ફોટો રાખતા. કેટલાક પ્રિન્સિપલના અને પોતાના પ્રોફેસરોના રાખતા. કેટલાક (પણ બહુ જ થોડા) રામ, કૃષ્ણ, શિવ કિંવા દેવીનાં ધાર્મિક ચિત્રો રાખતા. પિતાના અને બીજાં સગાંવહાલાંના ફોટો રાખનારા જવલ્લે જ નીકળતા.

હવે રાષ્ટ્રભક્તિનો જુવાળ આવ્યો એટલે લોકમાન્ય તિલક જેવા નેતાઓના ફોટો વિદ્યાર્થીઓની ઓરડીની દીવાલ પર દેખાવા લાગ્યા. આગળ જતાં, સરકારે જેમને સજા કરી હતી એવા દેશભક્તોના ફોટો ખાસ જણાવા લાગ્યા. તે એટલે સુધી કે રૅન્ડ અને આયર્સ્ટ જેવા ગોરાઓનાં ખૂન કરનાર ચાફેકર બંધુના ફોટો (જે બજારમાં સસ્તે ભાવે મળતા) પણ છડેચોક દેખાવા લાગ્યા. એની જાણ પ્રોફેસરોને થઈ એટલે એક પ્રોફેસર બધી ઓરડીઓ તપાસવા આવ્યા ને કડકરીતે આજ્ઞા કરવા લાગ્યા: 'આવા ફોટો તમારાથી અહીં ન જ રખાય.' કો'કવાર પ્રોફેસરો ઓરડીમાં ભેગા થએલા વિદ્યાર્થીઓને ઉપદેશ પણ આપે. ગંભીરપણે કહે: 'દેશભક્તિની અમને કદર છે. દાદાભાઈ નવરોજી, નામદાર ગોખલે (જે એક વખતે આ કૉલેજના માનીતા પ્રોફેસર હતા) એવાઓના ફોટો રાખો તો કોઈ ના નહિ પાડે; પણ રાજદ્વારી ખૂન કરનાર ચાફેકર જેવાના ફોટો તમે આમ રાખો તે કેમ ચાલે? સરકાર આવતી કાલે કૉલેજ બંધ પણ કરી દે. તમે જાણો છો કે કેટલી ઉદાત્ત ભાવનાથી કેળવણીની આ સંસ્થા સ્થપાઈ છે. આવી સંસ્થાની હસ્તી તમારે જોખમમાં નહિ મૂકવી જોઇએ.'

કૉલેજમાંથી કાઢી મૂકશે એ બીકે કેટલા યે છોકરાઓ માની ગયા. પણ છત્રપતિ શિવાજી તો મહારાષ્ટ્રનું પૂજાસ્થાન. ત્રણસો વર્ષ પહેલાં થઈ ગએલા. એમના ફોટો પણ ન રાખવો એ ન્યાય ક્યાંનો?

બેજવાબદાર તોફાની દળની પ્રચારપ્રવૃત્તિ અમે પસંદ ન કરીએ. મારા જેવા કેટલાક કહે: 'છીછરો પ્રચાર શા કામનો? કૉલેજને જોખમમાં આણીએ એ આપણને ન શોભે. એટલે આપણે અમુક સંયમ તો પાળવો જ જોઈએ. ચાફેકર બંધુના ફોટો હટાવ્યા ત્યારે આપણે કશી તકરાર ન કરી; પણ શિવાજીની પણ છબિ ન રખાય એ તો જોહુકમીની હદ થઈ. આની સામે તો થવું જ જોઇએ. પાંચે ક્લબના પ્રતિનિધિઓ (અને બીજા પણ) ભેગા થયા. મેં કહ્યું કે એકલદોકલ વિદ્યાર્થીને કૉલેજ ધમકાવી શકે. આપણે જે કરીએ તે સંગઠિત પ્રયત્ન થવો જોઇએ. આપણે તોફાની નથી, ઠરેલ છીએ એની પણ ખાતરી થવી જોઇએ.

આ મારું છેલ્લું ડહાપણ કોઇને ગમ્યું નહિ પણ સંગઠિત પ્રયત્નની સૂચના માન્ય થઈ. અને અમે નક્કી કર્યું કે વિદ્યાર્થીઓ પોતપોતાની ઓરડીમાં શિવાજીનું ચિત્ર રાખવું હોય તો રાખે અથવા ન રાખે, પણ દરેક ક્લબમાં જમવાના મોટા ઓરડામાં શિવાજીની મોટી રંગીન તસવીર ફ્રેમ કરીને રાખવી. પાંચે પાંચ ક્લબમાં છબિઓ હશે તો તે ખસેડવાની કૉલેજના અધિકારીઓની હિંમત નહિ થાય.

એક જણે સૂચના કરી કે છબિઓ રાખીએ એટલું બસ નથી. રોજ સાંજે જમતાં પહેલાં ચિત્ર આગળ ઊભા રહી આપણે શિવાજીની આરતી ગાઈશું. બીજા એક જણે એ સૂચનાને ટેકો આપતાં કહ્યું કે આપણે આરતી એટલા જોરથી ગાવી કે અધ્યાપક-નિવાસ સુધી આપણો અવાજ પહોંચી જાય. (બરાડા પાડવાની સૂચના મને ગમી નહિ. પણ વિરોધ કરે કોણ? મેં બોલવાનો પ્રયત્ન કર્યો પણ મારો અવાજ કોઈના કાન સુધી પહોંચ્યો પણ નહિ.) ઠરાવ પસાર થયો. શહેરમાં જઈ અમે શિવાજીની મોટી મોટી તસવીરો ખરીદી. આટલાં બધાં ચિત્રો એકદમ કૉલેજમાં જાય છે એનું આશ્ચર્ય બજારના લોકોને થયું. કોઈ પણ માણસ આટલી જિજ્ઞાસાથી પૂછે તો ના પાડવા જેટલા અમે અરસિક ન હતા. અમારી વાતો શહેરમાં ફેલાઈ. એમ નક્કી થયું કે વારાફરતી એકએક ક્લબમાં ભેગા થઈ શિવાજીની પૂજા કરવી અને આરતી ગાવી.

બસ, ધાર્યા પ્રમાણે કાર્યક્રમ પાર પાડ્યો. અમારો વિરોધ ન કરવામાં જ પ્રોફેસરોએ ડહાપણ માન્યું. સજા થશે તો એને પહોંચી વળીશું વગેરે નિશ્ચયો અમે કર્યા હતા તેની કશી જરૂર ન રહી.

અમને ભીતિ હતી કે ટર્મ પૂરી થયા પછી બધા વિદ્યાર્થીઓ ઘેર ગયા પછી ઉત્સાહ મોળો પડશે. કૉલેજ તરફથી વિરોધ થયો હોત તો અમારી ઉજ્જવલ દેશભક્તિ ભભૂકી ઊઠત. પણ કૉલેજ તરફથી કશું પગલું ન ભરાયું એટલે ઉત્સાહ નહિ ટકે એવી અમારી બીક હતી. અમે નક્કી કર્યું કે ખરી કસોટી રજાના દિવસો પછી જ છે. એટલે રજા પૂરી થાય તે પહેલાં જ કેટલાક વિદ્યાર્થીઓ ઘેરથી આવ્યા. એમણે શિવાજીની પૂજા-આરતી બાકાયદા ચાલુ કરી. એક વાર શરૂ થઈ એને બંધ કરે કોણ?

અમારો કૉલેજનો અભ્યાસકાળ પૂરો થયો અને અમે કૉલેજને કાયમને માટે રામરામ કર્યા તે પછી શું થયું તે હું જાણતો નથી, પણ અમે હતા ત્યાં સુધી છત્રપતિ શિવાજી મહારાજની પૂજા અને આરતી કરવામાં અમે મોળા પડેલા નહિ એ સંતોષ તો અમે મેળવ્યો જ.

લઘુકથા

હમરાઝ

પદમશી ધારશી છાડવા

વીસ વર્ષનો ભૂતકાળ એની કથનીથી ખુલ્લો થયો. કરાચીમાં થએલું એ તોફાન,—જ્યારે તે સાત વર્ષનો હતો અને પાંચ વર્ષની સલીમાનો પાડોશી હતો. ભાગલા વખતનાં એ તોફાને બધાંને વેરવિખેર કરી નાખ્યાં. પોતાને બાપ જોડે ઊભા પગે નાસવું પડ્યું. સલીમા સાથે બાપે કરેલો લગ્નનો વાયદો એળે ગયો. ફક્ત સ્મૃતિ રહી. આજે સ્મૃતિ વાસ્તવિક્તા બની ફરી સામે આવી રહી હતી.

દિલ્હીમાં આગમન, વિદ્યાર્થી તરીકેની ઝળહળતી કારકિર્દી ને પછી જાસૂસી ખાતામાં નોકરી. કોને ખબર એને આ કામ કરવું પડશે? જે એની પરણેતર થવાની હતી તેને જ જાસૂસીના આરોપ હેઠળ પકડવી પડશે?

અને પ્રેમે ફરજ પર વિજય મેળવ્યો. પાકિસ્તાનનું ષડયંત્ર ખુલ્લું થયું. એક નારીની યાતના પૂરી થઈ. 'હમરાઝ' હવે મળી ગયો. □

સાહિત્યસંપર્ક


બે મહાકવિ

શેક્સ્પિયર

શેક્સ્પિયર જેવા સર્વકાલીન સાહિત્યસર્જકની અભ્યાસપકડમાંથી સાચા ભાવકો ને ચાહકો ક્યારેય છટકી શક્યા નથી, છટકી શકશે નહિ. વિશ્વના ખૂણેખૂણે એની પ્રતિભાનો પ્રોજ્જ્વલ પ્રકાશ પથરાએલો છે. આથી જ જગતભરના અભ્યાસીઓ–વિવેચકો એક યા બીજી રીતે શેક્સ્પિયર પર વારી ગયા છે, વર્ષી ગયા છે. આપણી યુનિવર્સિટીઓના અંગ્રેજીના અભ્યાસક્રમમાં આથી જ શેક્સ્પિયર અનિવાર્ય થઈ પડ્યો છે. પરિણામે સૂઝસમજવાળા અધ્યાપકો શેક્સ્પિયરનો ચાહકવર્ગ વિસ્તારતા રહ્યા છે.

આચાર્ય સંતપ્રસાદ ભટ્ટ શેક્સ્પિયરના આવા જ અઠંગ અભ્યાસી અધ્યાપક છે. વર્ષોથી એઓ આ સમર્થ સર્જકનું અધ્યાપન કરાવતા આવ્યા છે ને એ વિષે થએલું એનું ઊંડું અધ્યયન એમની વ્યાખ્યાનધારામાં અછતું રહેતું નથી. એમના શેક્સ્પિયરના અભ્યાસના પરિપાક રૂપ આ ગ્રંથ ગુજરાતીમાં આપીને એ મહાકવિનું ને આપણી ભાષાનું એમણે ગૌરવ કર્યું છે.

ચૌદ પ્રકરણમાં વહેંચાએલા, ૨૪૪ પૃષ્ઠના આ ગ્રંથમાં એમણે શેક્સ્પિયરની પ્રતિભાને સમ્યક્ અર્ઘ્ય આપ્યો છે. મહાકવિના જીવન-સાહિત્યની વિગતોના શુષ્ક સિલસિલાનું પરિગણન કરવા કરતાં એની સર્જકપ્રતિભાનું સરસ નિરૂપણ કર્યું છે તે આ ગ્રંથની અને ગ્રંથકર્તાની ચિરાયું દેણગી રહેશે. સૉનેટકાર અને નાટકકાર શેક્સ્પિયરનું, નટ અને નર શેક્સ્પિયરનું આંતરબાહ્ય વ્યક્તિત્વ સુપેરે ઉપસાવવાનો લેખકનો અભિગમ આનંદપ્રદ બન્યો છે. શેક્સ્પિયરના સમયની અને એ સમયના પોતમાં વણાએલા કવિવ્યક્તિત્વની મુદ્રા લેખકે અહીં સાહજિકતાથી ઊપસાવી આપી છે.



શબ્દકથા : હાંસડી · હાંસવો

'હાંસડી'ના વિવિધ અર્થો છે, પણ તેમાંથી બે વ્યાપક ગણાય : એક–'ગળાનું હાડકું'. બે–'ગળાનું એક ઘરેણું'. આ પાછલો અર્થ 'લાડવો આપીને હાંસડી કાઢી લેવી' એ કહેવતમાં પણ મળે છે. પહેલા અર્થમાં 'ગળાની હાંસડી' એવો પ્રયોગ વધુ થાય છે. આને મળતા શબ્દો બીજી ભારતીય ભાષાઓમાં પણ છે. જેમ કે સિંધી 'હંઝી', હિન્દી 'હાંસ', 'હંસિયા', નેપાળી 'હાંસુલી'– એ પહેલા અર્થમાં; તો હિન્દી 'હંસલી', મરાઠી 'હાંસળી', પંજાબી 'હસલી' એ ઘરેણાના અર્થમાં.

પ્રાકૃતમાં 'અંસ', 'અંસલગ' તથા સંસ્કૃતમાં 'અંસ' એ શબ્દો ખભાના અર્થમાં છે. વળી પ્રાકૃતમાં 'હંસલ' ઘરેણાના અર્થમાં વપરાયો છે.

આ શબ્દોને મળતો બીજો એક શબ્દગુચ્છ દાતરડાના અર્થમાં છે. જેમ કે હિન્દી 'હંસિયા', 'હંસુઆ', 'હંસુવા'. નેપાળી, બંગાળી, બિહારી વગેરેમાં પણ આને મળતા શબ્દો છે. ગુજરાતી 'હાંસવો' (=કોદાળી) કદાચ હિંદીમાંથી આવ્યો હોય. આ શબ્દોના મૂળમાં 'અંસિય' કે 'અંસ્ય' હોય. ગળાની પાસેના ખભા સાથે જોડાએલા હાડકાના આકાર ઉપરથી દાતરડા માટે તે શબ્દ પ્રચલિત બનેલા જણાય છે. 'અંસ'માં 'ઇક' પ્રત્યય લાગીને પછી 'હંસુઆ' જેવાં રૂપ થયાં છે.

સંસ્કૃત પ્રાકૃતમાંના 'અંસ' સાથે સરખાવતાં અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવેલા ઉપર્યુક્ત શબ્દોની એ વિશિષ્ટતા છે કે તેમાં શબ્દના આરંભે હકાર વધારાનો મળે છે: 'અંસ' ઉપરથી નિયમ પ્રમાણે 'આંસડી', 'અંસલી' વગેરે થવાને બદલે 'હાંસડી', 'હંસલી' વગેરે થયા છે.

સંસ્કૃતમાં સ્વરથી શરૂ થતા બીજા કેટલાક શબ્દો પણ આ રીતે શરૂઆતમાં હકારના ઉમેરા સાથે ગુજરાતી વગેરેમાં ઊતરી આવ્યા છે. જેમ કે ઓષ્ઠ–હોટ્ઠ–હોઠ; અર્શસ્–અરસ–હરસ; (દેશ્ય) ઓજ્ઝરી–હોજરી; અવટ–અવડ–હવડ.


હરિવલ્લભ ભાયાણી

રંગદર્શી, મર્માળી શૈલીમાં થએલું આ નિરૂપણ ગ્રંથકારની અંગ્રેજી–સંસ્કૃત–ગુજરાતી ત્રિવિધ ભાષાપકડનો પણ પરિચય કરાવી જાય છે. સમુચિતદૃષ્ટાંતો અને ભાષાશૈલી પરનો અજબ કાબૂ ગ્રંથને અનવદ્ય રીતે આસ્વાદ્ય બનાવે છે. 'Town Council'નું 'નગરસમિતિ', 'Grammer School'નું 'પાઠશાળા', 'Little Latin'નું 'ખપજોગું લૅટિન', 'Venus and Adonais'નું 'રતિ અને ગોપયુવા' વગેરે અનુવાદો ઉપરાંત શેક્સ્પિયરનાં જુદાંજુદાં નાટકોના અલ્પાંશોના મધુર અનુવાદો લેખકની સમર્થ અનુવાદશક્તિનો ક્યાસ આપી રહે છે. અને માટે જ એવી અપેક્ષાનો લોભ પણ રહે કે ભવિષ્યમાં ભટ્ટસાહેબ શેક્સ્પિયરની કૃતિઓના અનુવાદો ક્યારે આપશે? 'જે યુગમાં ગરીબ-તવંગર વચ્ચેનો ભેદ ગામમાં ઘર અને સીમમાં ખેતરના ગોલાલેખાથી પરખાતો (પૃ. ૨૭) જેવી શૈલીમાં કહેવત-રૂઢિપ્રયોગોનો માર્મિક ઉપયોગ કરી લેખક પોતાનું વક્તવ્ય વેધકતાથી રજૂ કરી શક્યા છે. પૃ. ૫૩ પરનું લંડનનું વર્ણન કે પ્રકરણ ચોથાના આરંભના નિરૂપણ જેવાં અનેક સ્થાનો લેખકની મૌલિક સર્જનશક્તિનાં દ્યોતક છે. છતાંય ક્યારેક એક શબ્દની બે જોડણી ('લિલિ' પૃ. ૨૩, 'લીલી' પૃ. ૯૧) કે 'Much Ado About Nothing'નું એક સ્થળે 'રજનુંગજ' અને અન્યત્ર 'વાતનું વતેસર' જેમ ભિન્ન ભાષાંતરોને બદલે સંવાદિતા જળવાઈ હોત તો ઉચિત રહેત.

સમગ્રતયા શેક્સ્પિયર વિષેનો ગુજરાતીમાં આવો પ્રથમ શ્રદ્ધેય અને સમૃદ્ધ ગ્રંથ એક અભ્યાસી અધ્યાપકની કિંમતી ભેટ ગણાશે.

મહાકવિ દાન્તે

પ્રા. વિજય શાસ્ત્રીએ ઇટલીના મહાકવિ દાન્તેના જીવન અને કવનનો આછો પરિચય આપવાનો ૮૯ પૃષ્ઠોની આ પુસ્તિકામાં* પ્રયાસ કર્યો છે. લેખકની યોજના જોતાં પુસ્તકને બે ભાગમાં વહેંચી શકાય: પહેલો ને બીજો લેખ કવિની જીવનરેખા આંકે છે, તો શેષ સાત લેખોમાં એની કૃતિઓને આધારે એની પ્રતિભાનાં વિવિધ પાસાંનો પરિચય કરાવ્યો છે. દાન્તેની ચરિત્રરેખા આપતાં લેખકે મુખ્ય ઝોક તેના પ્રણયજીવન પર મૂક્યો છે. આ દ્વારા કવિના જીવનની અસર એના કવન ઉપર કેવી પડી છે એ દર્શાવવાનો લેખકનો આશય રહેલો છે. 'ડિવાઈન કૉમેડી'ને આધારે પ્રકરણ ૫, ૬, ૭ અને ૮માં કવિની સાહિત્યિક પ્રતિભાને મૂલવવામાં આવી છે; પરંતુ આમાંનાં ત્રણ પ્રકરણોમાં 'ડિવાઈન કૉમેડી'ના ત્રણ ખંડોનો માત્ર અલપઝલપ કથાસાર જ આપ-



વામાં આવ્યો છે. જો આ પ્રકરણોમાં વિશેષ-રૂપે સાહિત્યસમીક્ષા અપાઈ હોત તો સારું થાત.

'The Banquet' અને 'The New Life'ના પ્રણયી દાન્તે, 'Devine Comedy'ને 'De Monarchia'ના રાજનીતિજ્ઞ ને સુભટ ડેન્ટી, 'De Vulgari cloquentia'માં ભાષાવિચારક, માતૃભાષા હિમાયતી અને વિવેચક દાન્તે: આમ મહાકવિની બહુમુખી પ્રતિભાને લેખકે ઠીકઠીક સ્પર્શી છે.

વિદ્યાર્થીઓને કાવ્યરસિકોને એ મહાકવિની પ્રતિભાની ઝાંખી કરાવતી આ પુસ્તિકા એમને દાન્તેના વધુ અભ્યાસ પ્રતિ અભિમુખ કરે એ જ આનું મહત્ત્વ છે. લખાવટ ને વિષયની છણાવટ છાત્રભોગ્ય હોઈ વિદ્યાર્થીઓને આ કૃતિ રુચિકર અને ઉપયોગી થઈ પડશે.


—ધીરુ પરીખ

* 'શેક્સ્પિયર'–લે. સન્તપ્રસાદ ભટ્ટ, પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ- રૂ. ૬;
* 'મહાકવિ દાન્તે', લે. વિજય શાસ્ત્રી, પ્ર. પૉપ્યુલર પ્રકાશન, સૂરત, રૂ. ૩.

આંતર-ભારતીની દિશામાં

'કલકત્તા : ગુજરાત-સંખ્યા'

જાણીતા બંગાળી કવિ શ્રી બુદ્ધદેવ બસુનાં જમાઈ-દીકરી, શ્રી જ્યોતિર્મય દત્ત અને શ્રીમતી મીનાક્ષી દત્ત છેલ્લાં બેએક વર્ષથી 'કલકત્તા' નામનું એક બંગાળી માસિક ચલાવે છે. પતિ-પત્ની બંને સાહિત્યનાં જીવ. બંને બે અઢી વર્ષ અમેરિકામાં યે અધ્યયન-અધ્યાપન માટે રહ્યાં છે. શ્રી જ્યોતિ દત્ત અંગ્રેજી દૈનિક 'સ્ટેટ-સમૅન'ના તંત્રીમંડળમાં અગત્યના સ્થાને હતા. એ પત્રકાર ઉપરાંત કવિ, નાટ્યકાર, વિવેચક



ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૧]

કરાવનાર · જલન માતરી



સ્વ. નસીમ

શયદા, સગીર, સાબિર જેવા પીઢ ગઝલકારોના સમકાલીન સ્વ. નસીમનો પરિચય મુ. શ્રી રામપ્રસાદ બક્ષીના શબ્દોમાં જ આપું તો વધારે ઉચિત લેખાશે. તેઓશ્રી નોંધે છે:

ભાઈ નસીમની ગણના ગુજરાતમાં ગઝલના પુરસ્કર્તાઓમાં થાય છે. જે ચાર કે પાંચ ગઝલકારોએ ગુજરાતમાં ગઝલપ્રવાહને વેગ આપ્યો તેઓમાં એમને સૌ જાણકારોએ સ્થાન આપ્યું છે. પણ એમણે ગઝલનો માત્ર પ્રવાહ જ નથી આગળ ધપાવ્યો, એનું ઊંડાણ પણ પારખ્યું છે અને પરખાવ્યું છે. ગઝલની માત્ર પ્રગતિ નહિ, પણ ઉન્નતિ કરવાની એમની મનીષા હતી. પં. જવાહરલાલે પોતાની એક ઇચ્છા જાહેર કરી હતી, મારી 'રાખ'ને પાણીમાં નહિ, વિમાનમાંથી પૃથ્વી પર છાંટવી. અને ભાઈ નસીમનો શે'ર છે:

'રાખ મારી – મરણ પછી થઈ ગઈ / એક ચાદર ગુબારની જાણે!'

સ્વ. નસીમનું પૂરું નામ હસનઅલી રહીમ કરીમ નાથાણી. એમણે મુંબાઇની એસપ્લેનેડ હાઇસ્કૂલમાં અંગ્રેજી ચાર ચોપડીનું શિક્ષણ લીધું હતું. 'ઇસ્માઇલી' સાપ્તાહિકના તંત્રી-વિભાગમાં ૨૫ વર્ષ સેવા આપી. કૅન્સરના રોગથી એમનું નિધન તા. ૧૮-૧૨-૧૯૬૨માં થયું. 'ધૂપદાન' ગઝલસંગ્રહ ૧૯૬૫માં પ્રસિદ્ધ થયો છે. ઈસ્લામી ઐતિહાસિક સાહિત્યનો સારો અભ્યાસ હતો એટલું જ નહિ ગઝલપિંગળનો પણ એમનો અભ્યાસ ઊંડો હતો.

કૂણાં કુસુમે કે પર્ણે, સુવાસે કે સુરંગે, વસંતે કે શિશિરે કે સુકાએલે તણખલે 'હું જ હું'નાં ગાન ગાનાર સ્વ. નસીમના શે'રોને વાંચીને એમની યાદને તાજી કરીએ.

કરી પાર સીમા, જો અજ્ઞાનતાની,
મને દઈ ગયું જ્ઞાન, અજ્ઞાન આવી!

∞

એક મૃગજળ અખિલ સૃષ્ટિ છે.
રજકણે રજકણે ફરી જોયું.
જઈ શક્યો ક્યાં દિગન્તને આગે?
લાખ સિન્ધુ મહીં તરી જોયું.

∞

પુરાણી રાખમાંથી એક
નવી સર્જાઈ છે સૃષ્ટિ
'નસીમ' એ દિન ગયા, કહેતા હતા
ગુજરાત શું જાણે?

∞

રૂપ નશ્વરને અમે દૈવી પ્રભા કહેતા નથી,
દિવ્યરંગી પ્રેમને રંગીલતા કહેતા નથી.
ઊર્મિઓમાં ઉર માનવતાનું છે ધબકી રહ્યું,
માનવી માનવ છે, એને દેવતા કહેતા નથી.

∞

જિંદગી છોડી ગઈ આ વિશ્વમાં,
મોત મારું મંઝિલે લઈ જાય છે.

∞

એક જિન્દગી નવી છે મૃત્યુની ઓઢણીમાં,
પૂછું છું મોતને હું મળશે જીવન ફરીથી?

પાનખર લઈ બહાર આવી છે
બાગમાં કોઇને નજર ક્યાં છે?

∞

કહે છે કે છે જિંદગી એક બંધન,
જગતપંથે હું તો હરું છું – ફરું છું!

∞

માન્યું કે વિશ્વમાં છે બધા, તે ભલા નથી;
એ પણ છે સત્ય કે જે બધા છે, બુરા નથી.
ઊર્મિનો શોખ કે' છે કે હું ઊડું નભને પાર,
પણ શું કરું કે આદમી હું છું, હવા નથી.
જીવન જીવન નથી ને મરણ પણ મરણ નથી,
શીખું છું એ જ પાઠ હું સંધ્યા-સવારથી.

∞

શ્વાસ ફૂંકે છે શું બજવનારા?
બંસરી થઈ ગઈ છે ગાન હવે!

∞

ગીત ઇચ્છાનું કાં બજી ન શકે?
સાજ મારો છે, તાર મારો છે.

∞

જિંદગી દિલની જુદી, બુદ્ધિની જુદી જિંદગી,
એકમાં સોડમ ભરી છે, એકમાં સોડમ નથી.

∞

પાણી યે ક્યાં નસીબ છે આજ એની કબ્રને?
જે નિત ગુલાબજળ થકી અંઘોળતો હતો!

અને અંગ્રેજી-બંગાળી ભાષાના અચ્છા જાણકાર તથા સિદ્ધહસ્ત અનુવાદક પણ છે. એ હવે 'સ્ટેટ્સમૅન'ની મોટા પગારની નોકરી છોડીને માત્ર કલમને આધારે ટકી રહેવા ઉદ્યુક્ત થયા છે. એમનાં વિદુષી પત્નીનો એમાં પૂરો સાથ છે. 'કલકત્તા' માસિકમાં ભગિનીભાષાઓની પણ ઉત્તમ કૃતિઓ અનુવાદરૂપે પ્રકટ કરવાનો સંકલ્પ દત્ત દંપતીએ કર્યો અને એની શરૂઆત

ગુજરાતીથી કરી. એનું પરિણામ તે આ 'કલકત્તા': ગુજરાત સંખ્યા (ગુજરાત-અંક).

કલકત્તાના ગુજરાતી સાહિત્યમંડળના કાર્યકરોનો પણ ઘણા વખતથી એક ખયાલ હતો કે ગુજરાતી સાહિત્યની થોડી વાનગી અનુવાદ રૂપે પુસ્તકાકારે પ્રકટ કરીને ત્યાંના બજારમાં મૂકવી. તદનુસાર અમદાવાદ-વડોદરામાં વસતા શ્રી તન્મય ગાંગુલી પાસે થોડાં કાવ્યો તથા નવલિકાનો ઉતાવળિયો બંગાળી અનુવાદ કરાવ્યો પણ હતો; અને એ સામગ્રી દત્તદંપતી પાસે મૂકેલી પણ ખરી; પણ કાચા અનુવાદોને કારણે, કે પછી પસંદ પામેલી કૃતિઓ એમને જચી ન હોય તેથી, એ અનુવાદો ખપમાં ન લેવાયા.

આ દરમિયાન, અને તે અગાઉ પણ, ગુજરાતી સાહિત્ય પરિષદનાં અધિવેશનો અને મધ્યસ્થ સમિતિમાં ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ તરફથી શ્રી શિવકુમાર જોશીએ સૂચવેલું કે ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓના અનુવાદ ભગિની ભાષાઓમાં કરાવવાની કોઈ યોજના પરિષદે વિચારવી જોઈએ; ને તેને કલકત્તા-દિલ્હી-મદ્રાસ જેવાં સ્થળોના કાર્યશીલ ગુજરાતી સાહિત્ય મંડળો દ્વારા શી રીતે ઘાટ આપી શકાય તેની વિગતો પણ રજૂ કરેલી પરંતુ એ દિશામાં કોઈએ રસ દાખવ્યો નહિ.

પણ દત્ત-દંપતીએ 'કલકત્તા'નો ગુજરાત અંક કાઢવાનું નિરધાર્યું અને ત્યાંના ગુજરાતી સાહિત્ય મંડળનાં શ્રી જ્યોતિબહેન ભાલરિયાએ થોડી ચૂંટેલી નવલિકાઓ તથા નાટકોના પોતાને ફાવ્યા તેવા બંગાળી-અંગ્રેજી અનુવાદ મીનાક્ષીબહેનને કહી સંભળાવ્યા. એમણે એ અનુવાદો પરથી શુદ્ધ બંગાળીમાં તે તે નવલિકા-નાટકનું રૂપ નક્કી કર્યું, ને ફરીથી તે અનુવાદ શ્રી શિવકુમાર જોષી મૂળ ગુજરાતી સાથે સરખાવતા જાય એ રીતે ફરી વાંચી જવામાં આવ્યા.

કાવ્યોના અનુવાદની જવાબદારી શ્રી જ્યોતિ દત્તે પોતે સંભાળી અને તેની કારવાઈ પણ આ રીતે થઈ. ઉપરાંત ગુજરાતી સાહિત્યમંડળે પોતાના વાર્ષિક 'કેસૂડાં'માં પ્રકટ થએલા શ્રી ખોડીદાસ પરમારના ~ચિત્ર 'કૃષ્ણજન્મ'ના રંગીન બ્લૉકો, ગુજરાતી કળાની છાંટ ઉમેરવા માટે 'કલકત્તા'ના પૂઠા ઉપર છાપવા આપ્યા, ને લગભગ ત્રણ મહિનાની એ સૌની આવી મહેનત પછી 'કલકત્તા'નો ૧૦૦ પાનાંનો ઉપર્યુક્ત ગુજરાત અંક તૈયારથઈ ગયે મહિને બહાર પડચોછે.

અપેક્ષા તો ઘણી વધુ સામગ્રીવાળો દળદાર અંક આપવાની હતી; તે માટે અગ્રગણ્ય ગુજરાતી લેખકો પાસે ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો, ગુજરાતનાં ઇતિહાસ, ભૂગોળ, સંસ્કારપ્રવાહ વગેરેની આછી રૂપરેખાની માગણી કરાઈ હતી, પણ સહકાર સાંપડચો નહિ.

આ 'આંતર-ભારતી' કાર્યને ટેકો આપવા કલકત્તા ગુજરાતી સાહિત્યમંડળે એ અંકની ૨૦૦ નકલો ખરીદી છે, જેની એક નકલ અમને અવલોકનાર્થે મળી છે. રુચિ હોય તેઓ ગુજરાતી સાહિત્ય ભંડાર, ૧૩ અમરતલા સ્ટ્રીટ કલકત્તા-૧ એ સરનામેથી ખરીદી શકશે.

બંગાળી ભાષામાં આ રીતે કદાચ પહેલી વાર ગુજરાતી સાહિત્યની આટલી કૃતિઓ એકસાથે પ્રકટ થાય છે એ વાતનું અમને ગૌરવ છે. અમને એ જાણીને પણ આનંદ થયો કે અન્ય ભગિની ભાષાઓના પણ આવા ખાસ અંકો કાઢવાની દત્ત-દંપતીની ભાવના છે અને તેમાં હજી એક બીજો 'ગુજરાત અંક' કાઢવાનું પણ તેઓ ઇચ્છે છે. અમારા ધન્યવાદ.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



લક્ષ્મી શંકર

તાતાનગરમાં ૧૯મી જૂન ૧૯૨૬ના રોજ જન્મ. કલાક્ષેત્રે વિખ્યાત શંકર પરિવારનાં તેઓ કુલવધૂ છે. ઉદયશંકર અને અમલાદેવી એમનાં જેઠ-જેઠાણી. સિતારવાદક રવિશંકર ને નૃત્યકાર સચીનશંકર તથા દેવેન્દ્રશંકર એમના દિયર. પતિ રાજેન્દ્રશંકર કલાવિવેચક અને 'સંચારિણી' સંસ્થાના સંચાલક. પોતે પણ કલાસાધનાનો આરંભ નૃત્યથી કરેલો, પણ પછી પ્લુરસીને કારણે તે છોડી સંગીત પ્રતિ ઢળ્યાં. છેલ્લાં ૧૪ વર્ષથી દર વર્ષે સોએક જેટલા સંગીત-કાર્યક્રમો આપતાં રહ્યાં છે અને એ માટે ભારત ઉપરાંત નેપાલ, અમેરિકા, કૅનૅડા, ઇંગ્લંડ, ફ્રાંસ, જર્મની, ઇટાલી, ડેનમાર્ક ને નૉર્વે-સ્વીડનના પ્રવાસો પણ કર્યા છે. એમના ગાયનની ૮ લૉંગ પ્લેઇંગ અને ૭૫થી યે વધુ બીજી રેકૉર્ડ ઊતરી છે. પુત્રી વિજયશ્રી પણ સંગીત તરફ ઢળી છે ને પુત્ર કુમાર ચિત્રકાર હોવા સાથે 'પૉપ ટ્યૂન્સ' રચે છે.

૧ તમારો તો સમગ્ર પરિવાર કલાક્ષેત્રે વિખ્યાત છે: આ કલાસાફલ્યનું કારણ?

ઉ. કલાની અભિલાષા અને અખંડ ઉપાસના તથા સતત અભ્યાસ. કલા માટે કંઈ કરીને જ જીવવાની તમન્ના.

૨ સંગીતમાં તમારા પ્રિય રાગો કયા?

ઉ. કૌસ પ્રકારના બધા રાગો. ઉપરાંત તોડી, બૈરાગી, જોગ, અભોગી, યમન વગેરે પણ ગમે. આ બધા મને બહુ પ્રેરક લાગે છે.

૩ તમને ખાસ કેવાં ગીતો ગાવાં ગમે?

ઉ. ખાસ તો ભજનો; પણ શ્રોતા, સમય અને 'મૂડ' ઉપર પણ એનું અવલંબન ખરું.

૪ સંગીત ઉપરાંત તમારા ખાસ શૉખ?

ઉ. વિવિધ વાનગીઓ બનાવવાનો, ભરતગૂંથણ ને સીવણનો તથા વિવિધ ભાષામાં ગાવાનો.

૫ સંગીત સંબંધી તમારું મંતવ્ય કહેશો?

ઉ. સંગીત દિવ્ય જીવનનું દર્શન કરાવે છે. એની પૂજા ને સાધના જીવનમાં પરિવર્તન લાવી એને ઉચ્ચ ભૂમિકામાં લઈ જાય છે. અને આ આરાધના એક જ જીવનમાં પૂરી થતી નથી.

૬ સંગીતમાં તમારા ગુરુ કોણ?

ઉ. પતિયાલા ઘરાનાના ઉસ્તાદ અબ્દુલ રહેમાનખાં પાસે આરંભ કર્યા પછી જ્ઞાન ઘોષ, પ્રો. બી. આર. દેવધર, એસ. એલ. બોડા, લક્ષ્મણપ્રસાદ જયપુરવાલે ને છેલ્લે રવિશંકર.

૭ તમારા પ્રિય ગાયકો ને નૃત્યકારો કોણ કોણ?

ઉ. સ્ત્રી ગાયકોમાં શુભલક્ષ્મી, ગંગુબાઈ હંગલ અને લતા મંગેશકર. શુભલક્ષ્મીનું કર્ણાટકી સંગીત, ગંગુબાઇના આભોગી ને મારવા રાગ તથા મદનમોહન માટે ગાએલાં લતાનાં ગીતો મને વધુ ગમે છે. પુરુષ ગાયકોમાં અમીરખાં-તેના મારવા, દરબારી, શુદ્ધ કલ્યાણ ને હંસધ્વનિ રાગો માટે; બડે ગુલામ અલીખાંની ઠુમરી અને સલામતઅલીના ગોરખ કલ્યાણ, માલકૌસ ને પહાડી રાગ ગમે છે. નૃત્યકારોમાં બાલા સરસ્વતી, યામિની કૃષ્ણમૂર્તિ ને વૈજયંતીમાલા.

૮ અને તમને ગમતા કવિ-લેખકો?

ઉ. બંગાળીમાં રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય, દક્ષિણના ગોપાલકૃષ્ણ ભારતી, હિંદીમાં સુમિત્રાનંદન પંત અને અંગ્રેજીમાં સમર સેટ મૉમ, અગાથા ક્રિસ્ટી, આર્થર કૉનન ડૉઇલ, એ. જી. કૉનિન વગેરેની કૃતિઓ ગમે છે.

લક્ષ્મી શંકર


કલાવાર્તા

સ્વ. કૅપ્ટન નારાયણભાઈ ખેર

તા. ૧૭-૩-'૭૧ની રાત્રિ પોરબંદરના સાગર ઉપર પડેલી સંધ્યાની રહીસહી પગલીઓ ભૂંસી રહી હતી, ત્યારે સાગરકાંઠા નજદીક જન્મેલા ને સાગરના જ સામીપ્યમાં ઊછરેલા ચિત્રકાર નારાયણભાઈ ખેરનો જીવનદીપ હૃદયરોગની લાંબી બીમારી પછી એકાએક બુઝાઈ ગયો, અને પોરબંદરની કલાપ્રિય જનતા તેમજ સંભાવિત સમાજે એક મોટો આઘાત અનુભવ્યો. એમની તબિયત એકંદરે સારી રહેતી, પરંતુ તા. ૧૬મીની રાત્રિથી કશુંક એવું બની ગયું કે બગડેલી તબિયત ફરી સુધરી નહિ ને પરિણામે ગુજરાતે તેના એક સુપ્રતિષ્ઠિત, સજ્જન અને વિનમ્ર કલાકારને સદાને માટે ગુમાવ્યા! એમની કલાસાધના અને જીવનસમાપ્તિના ગાળા દરમિયાન તેમની વૈવિધ્યપૂર્ણ કલાકૃતિઓ અનેક આંતરરાષ્ટ્રીય ગૃહોના શણગારરૂપ સંસ્કાર-સામગ્રી બની ગઈ છે. એમના નિધનથી ગુજરાતના કલાક્ષેત્રે એક વાસ્તવદર્શી સિદ્ધહસ્ત છવિ ચિત્રકારની ખોટ પડી છે.

જૂના પોરબંદર રાજ્યમાં આવેલા માધવપુર પાસેના મંડેર નામના એક નાના ગામમાં ઇ. ૧૯૦૭માં નારણ તેજા ખેર તરીકે જન્મ. કુટુંબ જ્ઞાતિએ ઘેડિયા કોળી, પણ વ્યવસાયે ખેડૂત. પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. તે દરમિયાન વિરામના સમયમાં તથા સાંજે ખાસ ચાલતા ચિત્રવર્ગમાં ચિત્રકલાનું શિક્ષણ લીધું ને તે સમયના સહૃદય કલાશિક્ષક સ્વ. માલદેવભાઇ રાણાની






નાનપણમાં જે ગ્રામપ્રદેશ અને ગ્રામીણ જીવન નારાયણભાઈએ જોએલું તેને મૂર્ત કરતો એક ચિત્રસંપુટ એમણે તૈયાર કરેલો. એમાંનાં બે ચિત્રો: ઉપર, બરડાની ડુંગરાળ કેડી પરથી પસાર થતા રબારી પ્રવાસીઓ અને (નીચે) ઘેડ પંથકના એક ગ્રામ કૂવાનું દશ્ય. ડાબી બાજુ આખરી દિવસોમાં નારાયણભાઈએ પોતે જ આલેખેલી પોતાની છબિ.



પ્રશંસા પામવા જેટલી સિદ્ધિ મેળવી. આ સાથે કલબમાં ટૅનિસ-બૉય તરીકે કામ કરી તેઓ થોડુંક કમાઈ પણ લેતા. તેમાં એક સાંજે ખંભાળા તળાવનું પોતે કરેલું એક ચિત્ર તેમણે પોરબંદરના મહારાણાને બતાવ્યું. કલાપારખુ યુવાન મહારાણા શ્રી નટવરસિંહજીએ એની શક્તિ પારખી ને ચિત્રશિક્ષણ અર્થે તે પારી(સ) જાય કે નહિ એમ પૂછ્યું. અને મંડેર જેવા નાનકડા પછાત ગામના એક તદ્દન પછાત સમાજમાંથી આવેલા આ વિદ્યાર્થીએ હિંમતપૂર્વક હા પાડી દીધી!

ક્યાં મંડેર અને ક્યાં પારી(સ)? ક્યાં પોરબંદર રાજ્ય અને ક્યાં ફ્રાન્સ? સંસ્કૃતિનો, લોકજીવનનો, ભૂગોળનો કેટલો બધો તફાવત! છતાં તે આત્મવિશ્વાસપૂર્વક પારી(સ) ગયા. મહારાણાશ્રીએ ત્યાંના સુવિખ્યાત ગુજરાતી ઝવેરી શ્રી સોમચંદભાઇને ભલામણ કરી તેનું વાલીપદ સોંપ્યું. ગુરુ પ્રતાપે ચિત્રાલેખનમાં તો તેઓ પ્રવીણ હતા, પણ ત્યાંની કળાશાળાઓમાં કલાનું શિક્ષણ અને વિવરણ ફ્રેન્ચ ભાષામાં થાય તેનું શું કરવું? સોમચંદભાઈએ એના ફ્રેન્ચ શિક્ષણ માટે સુવિધા કરી આપી અને છ માસમાં તો નારણભાઈએ ફ્રેન્ચ ભાષા પર કાબૂ મેળવી લીધો.

તે પારી(સ) પહોંચ્યા તે અરસામાં ત્યાં એક આંતરરાષ્ટ્રીય કલાપ્રદર્શન યોજાયું હતું. તેના



આ અંકના મુખચિત્રનાં કલાકાર શ્રીમતી મોહિની બક્ષીએ દેશના કલાક્ષેત્રમાં ગુજરાતનું નામ ઉજ્જ્વળ કર્યું છે. અગાઉ 'કુમાર'ના ૪૧૮માં અંકમાં એમનો પરિચય આવી ગયો હોઈ અહીં એમની કૃતિઓ એમના જ શબ્દોમાં જોઈએ. ઉપરના ચિત્રનું નામ છે 'જ્યાં જ્યાં દૃષ્ટિ મારી વસે.' 'સર્વત્ર'ની ભાવના પ્રકટ કરતા એમના એક પ્રદર્શનની ચિત્રમાળામાંના મોટા કદના આ બાટિક ચિત્રમાં, મુખચિત્રમાં છે એવી જ આકૃતિઓની ઝાંખી માનવસહજ હાવભાવમાં એમણે અહીં ઉતારી છે, તેઓ કહે છે: '...કંઈક અસ્વાભાવિક છતાં એકબીજામાં પરોવાતી જતી એ આકૃતિઓ સરળતાપૂર્વક હારબંધ ગોઠવાઈ જતાં એક અનોખી સુંદરતા તેમાંથી નીતરે છે. એના વેગભર્યા રેખાંકન સાથેનો ઘેરા રંગનો સંબંધ ભાવકને બે ઘડી જકડી રાખે છે...આ છે, આ નથી, આ તું છે અને તે આ જ છે' એવી દ્વૈતની ભાષાને ભાવનામાં ગૂંગળામણ થતાં બબ્બે ચંદ્ર અને તે યે કાળા ચંદ્રનું દર્શન અહીં ભાવકને નવાઈભર્યું નથી લાગતું, ઊલટું ભાવક આકાશમાંથી ઊતરતા એના વહેણમાં તણાવા લાગે છે.' આવા જ પ્રકારનું એક ભિન્ન સ્વરૂપ છે સામેના પાના પરના ચિત્ર 'તારી ખિન્નતા'માં. વૃક્ષઘટાઓ જેવા રંગ આકારોથી વીંટળાએલી ભીંસાતી-ઘેરાતી એ આકૃતિની આંખોમાંથી ખિન્નતા નીતરતી લાગે છે. 'અતીતમાં વસનારાઓ' એ હાથવણાટના કાપડ પરની કૃતિ છે. એમાં

પ્રમુખ મૉસ્યો પૉલ શાબાસ (Paul Chbas) હતા. તેમનો પરિચય સોમચંદભાઈએ નારણભાઇને કરાવ્યો હતો ને તેમની ભલામણથી પારી(સ)ની વિખ્યાત કલાશાળા આતેલિએ બિલુ (Atelier Biloue)માં તેઓ દાખલ થયા હતા. ત્યાં રહીને તેમણે પોર્ટ્રેઈટ પેઇન્ટિંગ (છવિચિત્રણ)અને મૉડેલિંગ (પ્રતિમાકલા)નું શિક્ષણ લીધું અને ચાર વર્ષના અભ્યાસને અંતે પ્રથમ શ્રેણીના વિદ્યાર્થી-કલાકાર તરીકે પંકાયા. કલાશાળાના પ્રિન્સિપલ મૉંસ્યો બિલુની એમના પર અંગત એટલી બધી કૃપા હતી કે તેઓ દર અઠવાડિક રજાએ ખેરને પારી(સ)ના સુપ્રસિદ્ધ મ્યૂઝિયમ લુવ્રમાં લઈ જતા અને ત્યાં પ્રત્યેક શિષ્ટ કલાસ્વામીની મહાકૃતિઓનો પ્રેરણાભરપૂર પરિચય કરાવતા. ખેર પણ આ ઉત્કૃષ્ટ કૃતિઓના આસ્વાદ હોંશેહોંશે લેતા ને તેની પાછળ રહેલા શાસ્ત્ર અને કલાવિષયક સિદ્ધાંતોને પચાવતા.

ચાર વર્ષના એમના આ અભ્યાસકાળ દરમ્યાન ઇકોલ-દ-બોઝાર (Ecol-des Beauxart) નામની કલાસંસ્થાને ઉપક્રમે ત્યાં એક પ્રદર્શન યોજાયું તેમાં દેશવિદેશના ચારસો કલાકારોને સ્થાન મળેલું. તેમાં ખેરની કૃતિઓ પણ રજૂ થઈ અને સ્પર્ધામાં પ્રથમ શ્રેણીમાં તેમણે નવમું સ્થાન મેળવ્યું. તેમની કલાસાધનાની સિદ્ધિથી તેમના આચાર્ય તથા સહાધ્યાયીઓ પ્રસન્ન થઈ ગયા.

ફ્રાંસમાં કલાશિક્ષણ પૂરું કરી પોરબંદર આવતાંવેંત મહારાણાશ્રી 'પૅલેસ આર્ટિસ્ટ' તરીકે તેમની નિમણૂક કરી. આગળ જતાં કૅપ્ટનનું બિરુદ મેળવી મહારાજાના રહસ્યમંત્રી તરીકે બે વાર તેમની સાથે યુરોપ પણ જઈ આવ્યા અને મહારાણાના વિશ્વસનીય પુરુષ તરીકે પ્રીતિ તથા આદરનું ભાજન બની ગયા. પૅલેસ આર્ટિસ્ટ નીમ્યા પછી મહારાણાશ્રીએ યુરોપની સર્વશ્રેષ્ઠ કૃતિઓની અનુકૃતિઓ તેમની પાસે તૈયાર કરાવી અને યુરોપના ઉત્તમ કલાકારોની વિરલ કૃતિઓની અધિકૃત નકલોથી પોરબંદરનો હઝૂર પૅલેસ સમૃદ્ધ થવા લાગ્યો. પરંતુ એમની માત્ર આવી અનુકૃતિઓ અને રાજકુટુંબોના છવિચિત્રણના નિર્માણમાં જ અટકી નહિ. તેમણે નાનપણમાં જે ગ્રામપ્રદેશ અને ગ્રામીણ લોકજીવન જોયું હતું તેને મૂર્ત કરવાને ગામડાનાં વિશિષ્ટ પાત્રોનો સંપુટ તૈયાર કર્યો અને ગ્રામવાસીઓના ઉત્સવો, પર્વો અને લોકમેળાઓને તેમાં સ્થાન આપ્યું. રબારીઓની પૂજ, જવારણાં અને ઘેરો જેવાં ચિત્રો એની પ્રતીતિ છે. પોરબંદરનાં હાલનાં મહારાણી શ્રી અનંતકુંવરબાના અને મહારાજાના ઉતાકામંડ ખાતેના ગ્રીષ્મ નિવાસ 'ફ્રગ્રવ'માં તેમણે યોજેલા 'સૌરાષ્ટ્ર-સંસ્કૃતિ'ના ખાસ ખંડમાં તેમનાં પોરબંદર-પંથકનાં વિશિષ્ટ ગ્રામપાત્રોનાં ચિત્રો મુકાયાં છે.

પોરબંદરની સાંસ્કારિક પ્રવૃત્તિ પ્રત્યે પણ એમનો સદૈવ મૂંગો પણ પ્રેરક અનુરાગ વહ્યો છે. તેને અનુસરીને 'પથદીપ' કલાસંસ્થાના 'રવીન્દ્ર સ્વાધ્યાય વર્તુળ' માટે તેમણે ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરનું સુંદર તૈલચિત્ર ને 'અરવિંદ સન્નિધિ' માટે શ્રીઅરવિંદનું ભવ્ય તૈલચિત્ર અર્પણ કરેલું છે. ગાંધીજીના કીર્તિમંદિરની મધ્યવર્તી છત્રી માટે તેમણે ગાંધીજી અને કસ્તૂરબાનાં મોટા કદનાં જે તૈલચિત્રો તૈયાર કર્યાં છે, તેમાં ભારતીય સ્વાતંત્ર્યના સાંકેતિક સંદર્ભના તથા કસ્તૂરબાના સૌભાગ્યના નિર્મળ ભાવના આલેખને તેમને આંતરરાષ્ટ્રીય કીર્તિ અપાવી છે.


ખેરની સંસ્કારપ્રીતિ અને ધર્મપ્રીતિએ



તારી ખિન્નતા



△ અતીતમાં વસનારાઓ • સંગીત ▽



કાજળકાળી રાત્રિની પશ્ચાદ્ભૂમિ પર ગહનઘેરી સ્થિર ઘટા વચ્ચે ગોઠવાએલા પંખીઓના આકારો એક અજબ સમતોલન રચી કોઈ ઊંડા અતીતના સૂર સંભળાવે છે. 'સંગીત'માં શંખના આલેખન દ્વારા ધ્વનિનું સૂચન કરી એના આકાર-આંદોલનોથી નીપજતી રેખાઓ દ્વારા વહેતા જળનો ભાસ કરાવ્યો છે. સરોવરનાં એ જળમાં ઘેરાભૂરા વિશાળ આકાશને પ્રતિબિંબિત ને પ્રતિઘોષિત કર્યું છે. પાળેપાળે ખીલેલી પુષ્પખચિત વનસ્પતિમાં પડઘાતા એ ઘોષને પાતળી થતી જતી લચલીટીઓમાં જાણે વિલીન થતો દર્શાવ્યો છે.'

તેમને અનેક મિત્રો મેળવી આપ્યા છે અને એ નિમિત્તે એમણે અનેક સુંદર અને ભાવવાહી તસ્વીરો સર્જી તેમની અર્ચના કરી છે. એમાં, ઉત્તરાવસ્થામાં તેમણે કરેલી મા આનંદમયીની તેમજ સ્વામી રામદાસ જેવા સંતપુરુષની, પોરબંદરના મહારાણાશ્રીની પ્રેરણાથી રાજકોટની રાજકુમાર કૉલેજ માટે મહાકવિ નાનાલાલની, મહારાણી અનંતકુંવરબાની ઇચ્છાથી ઉતાકામંડની લાયબ્રેરી માટે કવિવર ટાગોરની જિંદગીના છેલ્લા દિવસો દરમિયાન પોતાની સેવાશુશ્રૂષા કરનાર બે ડૉક્ટર મિત્રોમાંના એક ઍમેટર ફોટોકલા આર્ટિસ્ટ સર્જન ડૉ. હરિલાલ ચાવડાની, ને પોતાના આજીવન મિત્ર જાણીતા પુરાતત્ત્વવિદ શ્રી મણિલાલ વોરાની તસવીરો નોંધપાત્ર છે. એ ઉપરાંત છેલ્લા મહિના દરમિયાન એમણે પોતે પોતાનું પણ એક છવિચિત્ર બનાવેલું. જ્યારે તેમણે અંતિમ શ્વાસ લીધો ત્યારે એક દૃશ્યચિત્ર છેલ્લા સ્પર્શને માટે 'ઈઝલ' પર રાહ જોતું પડેલું હતું.

રાજ્યસેવામાંથી નિવૃત્ત થયા પછી તેઓ વચમાં આઠેક વર્ષ પૂર્વ આફ્રિકામાં રહી આવ્યા ત્યારે ત્યાંની રમણીય વનશ્રીમાંની રંગ પ્રકાશ અને છાયાની અનોખી રમત ચિત્રોમાં ઉતારી લાવ્યા હતા. પૂર્વ આફ્રિકામાં પણ સર્વશ્રી મૂળજીભાઈ માધવાણી, કાકુભાઈ કાલિદાસ તથા યુસુફઅલી કરીમજીની પેઢીના પ્રોત્સાહનથી ત્યાંના અનેક ગુજરાતી શ્રેષ્ઠીઓનાં, આફ્રિકન રાજપુરુષોનાં, તેમજ રવીન્દ્રનાથ ને ગાંધીજીનાં તૈલચિત્રો કરીને એમણે મોટી નામના મેળવેલી. એ વરસોમાં આફ્રિકાની પ્રાણીસૃષ્ટિ અને દૃશ્યસૃષ્ટિએ તેમને ખૂબ જ આકર્ષ્યા હતા. એ આકર્ષણમાંથી સર્જાએલી ચિત્રકૃતિઓ દર નાતાલના તહેવાર દરમિયાન જગતપ્રવાસીઓનું ધ્યાન ખેંચતાં આંતરરાષ્ટ્રીયગૃહો અને સંસ્થાઓનો શણગાર બની રહી છે.

એમના અવસાનના દસ જ દિવસ અગાઉ (ગઈ ૭મી માર્ચે) પોરબંદરની કલાપ્રેમી જનતાએ સ્થાપેલી કલાકારો અને કલારસિકોની એક સંસ્થા 'શ્રી રંગમ'નું પ્રથમ પ્રમુખપદ (કલાગુરુ શ્રી રવિશંકર રાવળની પ્રેરણાથી) તેમને જ આપવામાં આવ્યું. પોરબંદરના મહારાજાએ પ્રમુખસ્થાન લઈને પોતે તે સંસ્થાના 'પેટ્રન-ઈન-ચીફ' થવા અનુમતિ આપી છે.

વિખ્યાત કેળવણીકાર કલાપ્રેમી આચાર્ય શ્રી પ્ર. ત્રિવેદીએ શ્રી ખેરના અવસાન પ્રસંગે લખેલા શબ્દો સર્વથા યોગ્ય હોઈ અત્રે ઉતારીએ:

'પોર્ટ્રેઈટ પેઈન્ટર અને લૅન્ડસ્કેઈપ આર્ટિસ્ટ તરીકેની શ્રી ખેરની હથોટી વિશ્વના મહાન વાસ્તવદર્શી કલાસ્વામીઓની મુક્ત પ્રશંસા પામી લે એવી સચોટ અને અસરકારક હતી. ઑઈલ કલર્સના તો એ જાદુગર હતા ને રંગોની રમણીયતા અને આકારની અસ્લિયતનું તેઓ છાયા અને પ્રકાશની ગૂંથણી દ્વારા હૂબહૂ દર્શન કરાવી શકતા. કલાકાર તરીકેની તેમની કારકિર્દીએ પહોંચવા માટે પોતાના જીવનનું તેમણે જ અદ્ભુત રૂપાન્તર કરેલું ને પોતાના બાળપણ તથા કિશોરાવસ્થામાં તેમણે પોરબંદરના સમુદ્ર તેના શૈલો ને માનવદર્શનમાંની લીધેલી પ્રેરણાને અભિવ્યક્ત કરવા પારી(સ)માં જે કલાસાધના કરી તે કોઈ પણ કલાસ્વામીના જીવનને શોભાવે તેવાં હતાં…તેમનાં સુંદર ચિત્રોનો એક કલાસંપુટ ગુજરાતે સંઘરી રાખવા જેવો ગણાય …પોતાની બેનમૂન કલાથી, સુંદર સ્વભાવથી અને વિનમ્ર આભિજાત્યથી આપણે મૈત્રીનો જે અતૂટ સેતુ બાંધ્યો અને સંસ્કારિતાની ફોરમ પ્રસરાવી તે ફૂલ અને શીલનો સંયોગ કેવો

ચમત્કાર સરજી શકે છે તેની અદ્‌ભુત પ્રતીતિ કરાવી આપે છે.' —રતિલાલ છાયા

લોકપ્રિય ચિત્રકાર

કવિ નાનાલાલે લખ્યું છે કે માણસને જ્યાં સુધી આંખ છે ત્યાં સુધી એ મૂર્તિપૂજક રહેવાનો છે. સમાજના અતિ વિશાળ વર્ગની એ ભાવનાને સંતોષતા કલાકારો સર્વ દેશમાં સર્વકાળે થતા રહ્યા છે. આપણે ત્યાં યે પોથીચિત્રો ને ભીંતચિત્રો પછી શિલામુદ્રણ કળા વિકસવા સાથે એ પદ્ધતિથી છપાએલાં દેવદેવીઓનાં રંગચિત્રો આઠેક દાયકાઓ થયાં બહુજનસમાજનાં ઘરની ભીંતો, ઘરદેરાસરો, પૂજાની ઓરડીઓ, ઑફિસો વગેરેમાં (કૅલૅન્ડરો સુધ્ધાંનાં વાહન દ્વારા) એ લોકભાવનાને તૃપ્ત કરતાં રહ્યાં છે.

એ ચિત્રોની કક્ષામાં ઊંચું ગુણતત્ત્વ આણનાર રાજા રવિવર્મા પછી ગુજરાતમાં થએલા શ્રી વાસુદેવ હી. પંડ્યાના પ્રયત્નો ઘણી બહોળી લોકચાહના પામેલા. પંદર વર્ષની વયે પોતાના વતન હરસોલથી મુંબાઈ જઈને ચિત્રકળાનું ક્ષેત્ર ખેડતાં ખેડતાં ગ્રાહકોની તસવીરોથી શરૂ કરીને દેવદેવીઓની છબિઓ ચીતરવા માંડી. હૂબહૂ ચિત્રણા પરની ફાવટ ને હાથની સફાઈથી એમણે બહોળી લોકચાહના મેળવી. ઈ. ૧૯૧૯થી પોતાનાં ચિત્રોનું મુદ્રણ (રાજા રવિવર્માની જેમ) જર્મનીથી કરાવી મંગાવવાનું શરૂ કર્યું ને ધન-નામના કમાયા. એમની લોકરંજની શૈલી એટલી જનપ્રિય થએલી કે અમેરિકાની લૉંગ પ્લેઇંગ રેકર્ડો ઉપર તથા મંદિરોનાં ટાઈલ્સ સુધ્ધાંમાં એમની કૃતિઓ ઊતરી. ગયા એપ્રિલમાં ૭૫ વર્ષની વયે અમદાવાદમાં એમનું અવસાન થયું.




છબિચિત્રોના તો નારાયણભાઈ ઉત્તમ સર્જક હતા. ગાંધીજીની સ્મૃતિમાં પોરબંદરમાં રચાએલા કીર્તિમંદિર માટે નારાયણભાઈએ કસ્તૂરબા તથા ગાંધીજીનાં બે મોટાં કદનાં સુંદર અને લાક્ષણિક ચિત્ર કરી આપ્યાં હતાં (ઉપર). એ જ રીતે ભક્તિભાવથી પ્રેરાઈ એમણે કરેલી (નીચે અનુક્રમે) મા આનંદમયીની છબિ તથા પોતાના બે પરમ મિત્રો ડૉ. હરિલાલ ચાવડા તથા પુરાતત્ત્વવિદ્ મણિલાલ વોરાનાં છબિચિત્રો પણ એમના અંતરના ઉમળકા તથા એમની ચિત્રશક્તિનાં દ્યોતક છે.





'ગુજરાતમાં ડેરી ઉદ્યોગ' એ વિષય ઉપર નીચે જણાવેલી સંશોધન સમિતિ તરફથી એક નિબંધ લખાવવાનો નિર્ણય થયો છે. આ હરીફાઈમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત અને વલસાડ જિલ્લાના કોઈ પણ વતની ભાગ લઈ શકશે. નિબંધ ઓછામાં ઓછા ૧૦,૦૦૦ અને વધુમાં વધુ ૨૫,૦૦૦ શબ્દોનો, ફૂલ્સકેપ કાગળની એક જ બાજુએ સ્વચ્છ અક્ષરે ગુજરાતી, હિંદી કે મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી તા. ૩૧-૭-'૭૧ સુધીમાં મોકલી આપવાનો છે. શ્રેષ્ઠ નિબંધને રૂ. ૫૦૦/-નું ઈનામ અપાશે. નિબંધ મોકલવાનું સરનામું: મંત્રીશ્રી, કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ, પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ, પો. બો. નં. ૭૫, વડોદરા.

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૯ • પ્રથમ શારીરિક ફેરફારો]

આજનાં યુવકયુવતીઓને પોતાના શરીર-વ્યાપારનું જે કંઈ જ્ઞાન હોય છે તે મિત્રો, ફાલતુ સાધનો કે છાનીછપની વાંચેલી ચોપડીઓ દ્વારા મેળવેલું હોય છે. એ ઘણી વાર નુકસાનકર્તા નીવડે છે. એ જ્ઞાન (આ રીતે) સમજ અને ખાતરીપૂર્વક મેળવાય તો સ્વપ્નદોષ કે રજોદર્શન જેવા પ્રસંગો ઘણી સ્વસ્થતાપૂર્વક જીરવી શકાય.

ભણેલા છતાં ઘણા યુવાનો કામવૃત્તિ (સેક્સ) સંબંધી સાચું કે યોગ્ય જ્ઞાન ધરાવતા નથી. આ માટે યૌવનપ્રવેશ વખતે એમના પ્રબળ મનોભાવ જાગ્રત થતાં અગાઉ તેમણે જીવવિદ્યાની માહિતી મેળવવી ઈષ્ટ છે. યૌવનારંભનાં વર્ષો દરમિયાન મન અને શરીરની ઝડપી વૃદ્ધિથી તરુણના વ્યક્તિત્વમાં એકાએક ફેરફાર થવા લાગે છે. જાતીય સ્રાવોની પ્રવૃત્તિ હેઠળ નૂતન મનોભાવો ને અભિલાષાઓથી તે મૂંઝવણમાં મુકાય છે. આ નવી લાગણીઓ ન સમજવાથી, કે એને કાબૂમાં ન રાખી શકવાથી તે ચીડિયો, ધૂની કે અસ્થિરવૃત્તિ બને છે. તેનું વર્તન વિસંગત બને છે. સ્વતંત્ર થવાની ઇચ્છાથી તે માબાપનો ટીકાકાર બને છે. આ જોકે વૃદ્ધિનું જ લક્ષણ છે. કિશોરી અદ્યતન ફૅશન પ્રમાણે ટાપટીપ સજી આકર્ષક થવા મથે છે. તેના આવા વલણ માટે કપરી ટીકા કે વારંવાર ઠપકો આપવા કરતાં તેની ટાપટીપનાં વખાણ કરવાથી તે સહેલાઈથી કાબૂમાં રહે છે.

શારીરિક અને અંતઃસ્રાવી ગ્રંથિઓની ક્રિયાઓને લીધે પુખ્તતામાં પ્રવેશતા તરુણો સંવેદનાઓનો તરખાટ અનુભવે છે. કામનાની ગૂઢતામાં તેનો પ્રવેશ થાય છે. આ વખતે અનેક અનુભવો દ્વારા એ પોતાના પ્રશ્નોનું નિરાકરણ આપમેળે કરી તો લે છે, પણ સ્વતંત્ર થવાની એ મનઃસ્થિતિ છતાં ઘણાંને વડીલોનાં સલાહ ને માર્ગદર્શનની મોટી જરૂર છે. જો તેને વડીલોમાં પૂરતી શ્રદ્ધા હશે તો પોતાના પ્રશ્નો રજૂ કરતાં એ સંકોચ પામશે નહિ. પણ આમ ન હોય તો પછી એ બહારના માણસો આગળ પોતાની મૂંઝવણ રજૂ કરશે. પશ્ચિમના દેશોમાં તો તરુણો અને યુવાનો પોતાના સેક્સના પ્રશ્નો શિક્ષક કે ધર્મગુરુ પાસે રજૂ કરે છે. આપણે ત્યાં યુવાનો શું કરે છે એની કોઇએ તપાસ કરી છે ખરી? બિનઅનુભવી ને દુષ્ટ બુદ્ધિના મિત્રો દ્વારા સેક્સ સંબંધી ભડકાવનારા ખયાલો મેળવી ગૂંચવાડામાં પડેલા તરુણો માટે યોગ્ય જાતીય જ્ઞાન આવશ્યક છે.

વયમાં પરિપક્વ થતાં તરુણને સ્વપ્નસ્રાવ થાય એમાં કશું અજુગતું નથી. ખોટી ને દોષિત માહિતીને લીધે વીર્યસ્રાવથી કશુંક કિંમતી ગુમાવી દીધાના અને તેથી શારીરિક અશક્તિ આવવાના અવાસ્તવિક ખ્યાલોથી તે ગભરાય છે. પણ કુદરતી સ્વપ્નસ્રાવથી આવી હાનિ થવાનો ખયાલ ભૂલભરેલો છે. હા, કામાવેશ શમાવવા કેટલાક જે હસ્તમૈથુનને માર્ગે ઢળે છે તે ભારે અનિચ્છનીય આદત છે. એનાથી સીધું નુકસાન ન દેખાતું હોવા છતાં એના આડકતરા ગેરલાભ ઘણા છે. કિશોરીઓમાં પણ એમ રજોદર્શન અગાઉ કેટલીકને હતાશા આવી તેમનો સ્વભાવ ચીડિયો બને છે. આ 'પ્રિમેન્સ્ટ્રુઅલ ટેન્શન' (રજોદર્શન અગાઉની તાણ)ની સ્થિતિ છે, જે રજોદર્શનના ક્રમના છેલ્લા દિવસોમાં જાતીય સ્રાવોના પ્રમાણમાં ફેરફાર થવાથી ઉત્પન્ન થાય છે.

વળી, ઘણા એમ માને છે કે યૌવનપ્રવેશ વખતે થતા થોડાક શારીરિક ફેરફારો બહુ અસ્વસ્થ બન્યા વિના કન્યાઓ સ્વીકારી લેતી હોય છે. અમુક સમજુ સમજી શકતી કન્યા માટે આ સાચું હોઈ શકે, પણ કુદરતી શારીરિક ક્રિયાઓથી અજાણ માટે તો તે મહાન ફેરફાર હોઈ માનસિક અસ્વસ્થતા આણે છે. શરૂઆતના દિવસોમાં રજોદર્શન અનિયમિત હોય છે. રક્તક્ષયના કારણે રજોદર્શનમાં વિલંબ પણ થાય છે. આથી કન્યા ચિંતિત બને છે. જ્યારે અજ્ઞાન માતા એ સગર્ભા બની હશે એવા વહેમથી પ્રેરાઈ તેનામાંથી વિશ્વાસ ગુમાવી બેસે છે. આથી ઘરમાં શોક અને ચિંતાનું વાતાવરણ ઘેરાય છે અને દાક્તરોની સલાહ લેવાય છે.

ઘણી કૉલેજ-કન્યાઓ પ્રજનનતંત્ર વિષે અજ્ઞાન હોવાનું વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની હોમ સાયન્સ ફૅકલ્ટીનાં લેકચરર રેણુકા મુખરજીનું કહેવું છે. તેઓ વધુમાં લખે છે: 'માધ્યમિક શાળામાં ફીઝિયૉલૉજી-હાઈજીન વિષે ભણ્યા છતાં ય તેમને પ્રજનન અવયવોના વ્યાપારોની સમજણ નથી હોતી. રજોદર્શનના શરીરવ્યાપારનો તેમને સ્પષ્ટ ખયાલ નથી. જે કંઈ જ્ઞાન હોય છે તે મિત્રો, ફાલતું સાધનો કે છાનીછપની વાંચેલી ચોપડીઓમાંથી મેળવેલી માહિતીના આધારે ઘડાએલું હોય છે. જાતીય જીવન અને લગ્ન સંબંધી સાહિત્ય વાંચવા છતાં ય વાચન અને ચર્ચામાંથી તેઓ કંઈ સમજતી નથી, માત્ર શૃંગારિક આનંદ પામે છે.' જોકે મુંબાઈની થોડીક માધ્યમિક શાળાઓમાં અપાતા જાતીય શિક્ષણના કાર્યક્રમમાં કન્યાઓ આ વિષયમાં જ્ઞાનવાન થવા ઉત્સુક જણાઈ છે. બારથી ચૌદ વર્ષની વયના ગાળામાં તેમના પ્રશ્નો માનસિક બાજુના જ્યારે પંદરથી સત્તર વર્ષની કન્યાઓના પ્રશ્નોમાં કિશોરો સાથે ભળવા અંગેના, પ્રેમ અને મોહ વચ્ચેનો તફાવત સમજવા અંગેના, તથા પ્રેમલગ્ન અને વડીલોએ ગોઠવેલા લગ્ન વિષેની માનસિક અને સામાજિક બાબતો જાણવાની જિજ્ઞાસાવાળા જણાયા છે.

વળી આજે જ્યારે વર્તમાનપત્રો, સામયિકો, રસ્તા ઉપરની જાહેરાતો ને બુક સ્ટૉલ ઉપર મળતાં પુસ્તકો વગેરે દ્વારા જાતીય વિષયથી ભરપૂર સાહિત્ય સુલભ હોય ત્યારે તરુણો આ વિષયમાં અલિપ્ત હોઈ શકે ખરા? કુટુંબનિયોજનના લાલ ત્રિકોણ, નિરોધ ને લૂપની સર્વવ્યાપક બનેલી ઝુંબેશ નવયુવાનોમાં 'સેક્સ'ના વિચારો આણ્યા વિનાની રહે ખરી કે?

આવી પરિસ્થિતિમાં જિંદગીની ઘટનાઓ સંબંધીની અજ્ઞાનતા કે ખોટી માહિતીથી ઘણા સામાજિક પ્રશ્નો પેદા થાય છે. યુવાનોને સેક્સ સંબંધી કહેવામાં નીતિની વાતો જરૂરી હોવા છતાં પૂરતી નથી. સેક્સ વિષેનું પણ વૈજ્ઞાનિક અને યોગ્ય જ્ઞાન તે પામે એ જરૂરી છે. જિંદગીમાં ભૂખ પછી બીજું પ્રેરકબળ સેક્સનું છે. ઉંમરમાં વધતું બાળક સહજ બુદ્ધિ, નિરીક્ષણ અને અન્ય બાળકોની સોબતથી સેક્સ સંબંધી જાણવા માંડે છે. છોકરા-છોકરીઓના શારીરિક ફેરફારોની તે નોંધ લે છે. પક્ષી-પ્રાણીની કામક્રીડા પણ તે કયારેક જોવા પામે છે અને યૌવનપ્રવેશની વયે પહોંચે ત્યારે તો તેની ચારેપાસ એવું ઘણું બધું આવી મળે છે કે જે એની જાતીયવૃત્તિને બહેકાવે. પણ આ રીતે મળતું જાતીય જ્ઞાન અધૂરું જ નહિ, અનેક ખોટા ને ચિત્ર-વિચિત્ર ખયાલોથી ભરપૂર હોઈ કેટલીક વાર યુવાનના જીવનમાં ઘેરી માઠી અસરો નિપજાવે છે.

ત્રણેક વર્ષ સુધીનું બાળક પોતાના ગુહ્યાંગ સાથે રમત કરતું હોય ત્યારે માતા તેને કશું કહ્યા વગર વારે તો તે એક જાતનું શિક્ષણ છે. માબાપ બાળકની આ રમત પ્રત્યે વધુ સજાગ રહી વારંવાર તેને ટોકયા કરે તો એથી બાળકનું એ પ્રતિનું કુતૂહલ વધુ સતેજ થાય છે. અલબત્ત, આ રમત ગંદી તો છે જ પણ એ માટે કડક ઠપકો કે શિક્ષા આપવાથી બાળકમાં શરમ અને ગુનાની લાગણી પેદા થાય છે. નખ કરડવા, અંગૂઠો ચૂસવો, હોઠ ચાટવા વગેરે જેવી જ આ પ્રવૃત્તિ દ્વારા બાળક એક પ્રકારનો સંતોષ મેળવતાં હોવાનું પણ મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે. માબાપના યોગ્ય પ્રેમથી વંચિત રહેતું બાળક આમાં વિશેષ પ્રવૃત્ત થાય

વારતા
૧૧

વૈતાળ પચ્ચાસી

યોગ્યતા

વિનોદ ભટ્ટ

—અને ફરી એક વાર રાજા વિક્રમે મડાને સિદ્ધ વડ પરથી ઉતારી ખાંધે નાખી ચાલવા માંડયું એટલે મડાએ આ વારતા કહી:

'કોઈ એક નગરમાં કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. એને ત્રણ કુંવર હતા. ઉંમર લાયક થતાં ત્રણે ય કુંવરો બાપના મરવાની રાહ જોવા લાગ્યા ને તે માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા. તેમની પ્રાર્થના ઈશ્વર સાંભળે એ પહેલાં એમના પિતાશ્રીએ સાંભળી લીધી એટલે ત્રણેને બોલાવીને કહ્યું: દીકરાઓ હવે તો હું પાકું પાન કહેવાઉં. ક્યારે ખરી પડું એ કહેવાય નહિ રાજકાજમાં મને હવે રતિભાર રસ નથી. હું નિવૃત્ત થવા માગું છું. તમે તો જાણો છો કે અકસ્માતમાં હું નથી માનતો, અને એટલે તો આપણે લૉટરી નથી કાઢતા. આ જ કારણે પહેલા પુત્રને, માત્ર પહેલો જન્મ્યો હોવાને કારણે રાજ્ય આપી બીજા બેને હું અન્યાય કરવા નથી માગતો. વળી રાજ્યને ત્રણ ભાગમાં વહેંચવામાં ય હું નથી માનતો, કેમ કે રાજ્યના ભાગલા પાડવાથી પ્રજાના ય ભાગલા પડી જાય છે. આથી રાજ્યગાદી માટેની તમારી ત્રણેની લાયકાત હું ચકાસવા માગું છું. તમે ત્રણે અહીંથી વિદેશ ચાલ્યા જાઓ ને તમારી ચાતુરીના પુરાવા સાથે પાછા ફરો. તે માટે તમને એક વર્ષની મુદત આપું છું. તમારા પાછા ફર્યા પછી તમારી કસોટી માટે નીમેલી ખાસ સમિતિને જે કુંવર સૌથી વધારે ચતુર ને કાબેલ જણાશે એને હું ગાદી સોંપીશ.'

અને ત્રણે રાજકુમારો જુદાંજુદાં રાજ્યોમાં ગયા. પહેલા રાજકુમારે દાણચોર રાજ્યમાં જઈ ને એ ધંધાનો અભ્યાસ કરવા માંડયો. એ એમ માનતો હતો કે રાજા બનવા માટે અને રાજકીય કાવાદાવાને પહોંચી વળવા ગુણ કરતાં દુર્ગુણો વધુ મહત્ત્વરૂપ થઈ પડે છે. અને હે વિક્રમ, તું તો જાણે છે કે દાણચોરીનો ધંધો એ બધા જ દુર્ગુણોનો જનક છે.' થોડા વખતમાં જ રાજકુમારે એ ધંધામાં ઘણું જ પ્રાવીણ્ય મેળવ્યું.

બીજો રાજકુમાર, કરવેરા રાજ્યમાં પહોંચી ગયો. આ નગરની પ્રજા પર કિસમ કિસમના કરવેરા નાખવામાં આવ્યા હતા. રાજકુમારે સર્વત્ર ફરીને, નવા કરવેરા શાના પર નાખી શકાય એનો અભ્યાસ કરવા માંડયો ને કેટલાંક નવાં ક્ષેત્રો તથા પ્રકારો શોધી કાઢયા. જેમ કે કુંવારા રહેવા પર વેરો, પ્રેમ કરવા પર વેરો, બે કરતાં વધારે બાળકો હોય તેના પર વેરો, બાળકો ના હોય તેના પર વેરો, પચાસ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ પર વધુ જીવવા માટેનો વેરો, આત્મહત્યા-વેરો આદિ નાનાવિધ વેરા દ્વારા કેટકેટલી આવક મેળવી શકાય એનો એક અહેવાલ તેણે તૈયાર કરી નાખ્યો.

ત્રીજા રાજકુમારે 'સેવારાજ્યને પોતાનું ક્ષેત્ર બનાવ્યું અને ત્યાં રહીને તેણે પ્રજાની જરૂરિયાતો, માગ વગેરેનો અભ્યાસ કર્યો ને પછી એક સેવા-સંસ્થા સ્થાપી તેનો પ્રચંડ પ્રચાર કરવા માંડયો કે આ સંસ્થાનું મુખ્ય ધ્યેય પ્રજાની ગરીબી હટાવી સમાજવાદ લાવવાનું છે. ને ટૂંક સમયમાં અમારી સંસ્થા દરેક પ્રજાજનને રહેવા માટે ફ્લૅટ, ખાવા માટે શીરો ને ફરવા માટે એક એક મિની-કાર આપશે; અને આવા પ્રજા-કલ્યાણના કામ માટે તેણે મોટા મોટા ફંડ-ફાળા ઉઘરાવવા માંડયા. અને તું તો, હે વિક્રમ, જાણે જ છે કે સેવાના નામે પ્રજાને સહેલાઈથી પલાળીને પોતાનું કાર્ય સાધી શકાય છે. જોતજોતાંમાં રાજકુમારે કરોડો રૂપિયા એકઠા કરી નાખ્યા ને તે નાણાં લઈ પોતાના રાજ્યમાં ચાલ્યો આવ્યો.

પછી મુકરર કરેલા દિવસે ત્રણે રાજકુમારો રાજા પાસે આવ્યા ને પોતે વર્ષ દરમિયાન કરેલી પ્રવૃત્તિઓની રાજા ને સમિતિ આગળ રજૂઆત કરી.'

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછયું: 'તો હે વિક્રમ, આ ત્રણે ય રાજકુમારમાંથી ગાદી કોને અને શા માટે મળશે એ તું જાણતો હોય ને ના કહે તો તારા મસ્તકના સહસ્ર ટુકડા થઈ જાઓ.'

વિક્રમે ઘડીના પણ વિલંબ વિના ઉત્તર આપ્યો: 'ત્રીજા રાજકુમારને જ ગાદી મળશે કેમ કે બીજા બે તો માત્ર અભ્યાસ અને અહેવાલ જ તૈયાર કરી લાવ્યા હતા, જ્યારે ત્રીજો તો રોકડાં નાણાં લઈ આવ્યો હતો, જે વડે કમિટીના બધા સભ્યોને ફોડયા જ હશે...'

—અને મડું સિદ્ધ વડ પર લટકી ગયું.

છે એટલે ખરી રીતે તો તેમ થવા પાછળનું કારણ દૂર કરવાની જરૂર છે.

બાળપણમાં નખાએલા પાયા ઉપર જ યૌવન વખતે જાતીય શિક્ષણ આગળ વધે છે. જિંદગીના આ ઘડતરકાળમાં આદર્શો આકાર લે છે. તરુણોને માબાપ ઉપર એવો વિશ્વાસ જામ્યો હોવો જોઈએ કે ઠપકા કે શિક્ષાના ભય વગર તે માબાપની સલાહ માગી શકે. માતાએ કન્યાને રજોદર્શન અને જાતીય વર્તન અંગે માર્ગદર્શન આપવાનું છે. આમાં એનાં ભય અને ઘણા ભળવાં ન જોઈએ. રજોદર્શન નથી ઉપાધિ કે નથી અક્ષમતા, એ સમજાવવા સાથે કન્યાઓને તેનાં આશય અને મહત્તા સમજાવવાનાં છે. આવી રીતે કિશોરને સ્વપ્નસ્રાવ, હસ્તદોષ અને જાતીય-રોગોનું માર્ગદર્શન આપવાનું છે. આમાં માહિતી આપવા કરતાં તે આપવાની રીતનું વધુ મહત્ત્વ છે, જેથી બાળપણથી માંડી તરુણ વયમાં શરીરમાં થતા ફેરફારો સામાન્ય ને દરેકજણને સ્વાભાવિક હોવાની ખાતરી થાય.

યૌવન અને તરુણવયમાં શરીરમાં ઘણા શારીરિક અને લાગણીના ફેરફારો થાય છે. આ લાગણીઓ ક્રોધ કે ભૂખના જેવી છે. એમના પર અંકુશ રાખવાથી જેમ તે સ્વભાવનો એક ભાગ બની રહે છે તેવું કામવૃત્તિ માટે પણ છે. કામાવેગને આત્મસંયમથી ચારિત્ર્યઘડતરમાં પલટાવાનો છે. રમતગમત કે કલાકામમાં ચિત્ત ચોંટી એ શક્તિને ઊર્ધ્વગામી બનાવવાની છે. એકાકી રહી આનંદ પામવા કરતાં સમૂહગત રચનાત્મક કાર્યો અને રમતગમતમાં તરુણ-તરુણીઓએ સહકાર સાધી વિકાસ પામતા મનોભાવોનો નીરોગી નિકાલ સાધી પુખ્તવયમાં પ્રવેશ કરવાનો છે.

જાતીય શિક્ષણમાં માબાપનો મહત્ત્વનો ફાળો છે. ડૉ. રાધાકૃષ્ણનનું કહેવું છે 'સેક્સ એ પ્રેમ અને પ્રજનનનું દર્શક છે. આ જ્ઞાન સંતાડવાથી વિકાસ રૂંધાય છે. આ સમજવામાં આપણી, માબાપની સામાજિક જવાબદારી છે?' પણ આ એક નાજુક બાબત છે. તેમાં આવડત અને કુનેહ જોઈએ છે. પ્રશ્ન કેવળ જાતીય શિક્ષણ આપવાનો નથી પણ વ્યક્તિત્વના ઘડતરનો છે. દરેક માબાપ આ કામ યોગ્ય રીતે ઉપાડી ન શકે, દરેક શિક્ષક યોગ્ય માર્ગદર્શન આપી ન શકે; પણ શાળાઓમાં શરીરવિજ્ઞાન અને આરોગ્યના વિષયો સાથે એને સાંકળી શકાય ને ભવિષ્યમાં માબાપ બનનાર બાળકોને જ્ઞાનસજ્જ બનાવી શકાય.

આ શિક્ષણનો હેતુ જિંદગીની જૈવ ઘટનાઓના વિગતવાર જ્ઞાન સાથે નૈતિક અને ધાર્મિક શિક્ષણ ઉપરાંત પ્રેમનો અર્થ, લગ્નસાથી શોધવામાં મહત્ત્વનાં બળો ને લગ્નસંબંધના સ્વરૂપ વિષે પણ માર્ગદર્શન આપવાનું છે. તરુણોમાં અધીરાઈ અને જિજ્ઞાસા સાથે આદર્શ પણ ભળેલા છે, અને જો યોગ્ય માર્ગદર્શન મળે તો લાગણીવશતાની ભૂલોમાંથી ઉગારી ઉચ્ચ નૈતિક જીવનના માર્ગે વળાય છે. સમાજનાં સ્થાપિત ધોરણોની વિરુદ્ધ વર્તતા તરુણો કંઈ જાણીબૂઝીને આવો માર્ગ ગ્રહણ કરતા નથી, પણ માબાપ ને શિક્ષકોએ તેમને યોગ્ય રસ્તે દોર્યા નહિ હોવાથી તેઓ વિપથગામી બને છે. પશ્ચિમના કેટલાક દેશોમાં 'કૌટુમ્બિક જીવન શિક્ષણ'ને નામે ઓળખાતા જાતીય શિક્ષણમાં કંઈ જાતિ વચ્ચેના સીધા સંબંધોનું શિક્ષણ નથી પણ ચારિત્ર્ય ને નૈતિક વલણોના ઘડતરનું શિક્ષણ છે. ટૂંકામાં, જાતીય શિક્ષણ એ સામાજિક જિંદગી માટેનું શિક્ષણ હોઈ વ્યક્તિ પોતાની શક્તિઓ પોતાની જિંદગીના અને વ્યક્તિત્વના વિકાસ માટે અને સંબંધમાં આવતા માણસોના કલ્યાણ માટે વાપરી શકે છે.

(ચાલુ)

૩ ઘટનાઓમાંની પહેલી

ચન્દ્રવદન મહેતા

ત્રણ ઘટનાઓ સાંકળવાની છે. આ ત્રણે ઘટનાઓને કારણે મિશિગન વિદ્યાપીઠની ભૂમિ પ્રત્યે, અને ત્યાં વસતા ભદ્રલોક પ્રત્યે ભારે આદર, ગૂઢ મમત્વ અને ગાઢ પ્રેમભાવ બંધાઈ ગયો.

હું અહીં ઊતર્યો ત્યારે અહીંના લોકો ઓળખીતા જેવા લાગતા હતા, તે હવે નિકટના સ્વજનો જેવા બની ગયા હતા. પણ આ તો હજી વર્ષે ય પૂરું નથી થયું તે પહેલાંની વાત. પણ પાંચ-દસ વર્ષ અહીં ગાળી નાખત તો તો શું નું શું થઈ જાત! અને એ પ્રેમનો વિસ્તાર થોડી આપવડાઈ વિના શી રીતે વર્ણવી શકાય? એની ગડમથલ આ લખાણની શરૂઆત કરતાં જ અનુભવું છું. વિવેચકો કહે છે કે જે રીતે ઘટના મનમાં ઊપસવા માંડે એ રીતે લખાય તે સાહજિક અને સહૃદય નીપજે. બીજો વર્ગ કહે છે કે એવા ઉમળકાને મઠારવા, ઘાટ દેવા, ઓપ આપવા, જેથી તેમાંથી કલાકૃતિ ઊપજે. ત્રીજો વર્ગ કહે છે એવુંતેવું કરવા જશો તો કૃત્રિમતાનું ઝોડ વળગશે. અને આમ વિચારવમળમાં જે ગુંચવાય તે વમળોમાંથી કદી બહાર નહિ નીકળી શકે. કિયા મહાનુભાવનો મત સાચવવો?

સડસઠની સાલ જરા વિચિત્ર નીવડી હતી. આંખની તકલીફ વધી પડી હતી. એ કારણે હૉસ્પિટલમાં હતો. જાન્યુઆરીનો બરફ બિકાબૂ બની ચારેકોર ખડકાવા માંડ્યો હતો. એવે ટાણે ભારતથી અમારા ખાતામાં તાર-સમાચાર આવ્યા, તે અમારા વડા ડૉ. હર્બટ ઑયરે જાણી લઈ હૉસ્પિટલમાં મને જણાવ્યા વિના પોતે જ તેનો જવાબ આપી દીધો. હું મારી એક વખતની એક રીતે રમણીય ચેરીફૂલોથી સજ્જ, પણ હવે ડાળે ડાળે બરફના લત્રિંગિયા કે હંરાકણીથી સજ્જ ચેરી લેઇનમાં બારી બહાર નજર કરતો, હૉસ્પિટલમાંથી આવ્યા બાદ આરામ કરતો પડ્યો હતો. હજી બહુ બહાર નહોતો નીકળતો. વર્ગના વિદ્યાર્થીઓ મારા રૂમ ઉપર ભણવા આવતા જતા. હું એકલો હતો એટલે કંઈ લાવવા કહેવાનું હોય તે કામ પણ કરતા. કદીક રસોઇનું પણ પતાવતા, અને આમ દિવસ નીકળી જતો. એમ જ તા. ૨૫ જાન્યુઆરીએ ચળકતા બરફ ઉપર સૂરજે કિરણો પાથરેલી પથારી ધીમે રહીને ઉપાડી લીધી. ભૂખરો કજળતો બરફ જોતો હું પોઢી ગયો અને અધરાતે એકાએક ટેલિફોન રણકતાં જાગી ગયો. પથવંતમાં જ ફોન હતો તે ઉપાડ્યો ત્યાં તો 'કૉંગ્રેચ્યુલેશન્સ! પ્રેસિડેન્ટ ઈઝ પ્લીઝડ ટુ ઍવોર્ડ યુ પદ્મશ્રી. આઈ એમ હીઝ પર્સનલ સેક્રેટરી. ફિરસે 'ગૂડ મૉર્નિંગ મિ. મહેતા, કૉંગ્રેચ્યુલેશન્સ' હું અનાયાસ લવું છું, 'ગૂડ મૉર્નિંગ, થેન્ક યુ. બટ ઈટ ઈઝ મિડનાઈટ.' 'ભારતમેં, દિલ્હીમેં બ્રાઇટ મૉર્નિંગ હૈ. હમ પ્રેસિડેન્ટ સાહબ કી કોઠી સે બોલતે હૈ.'

બરફને લઇને મગજમાં થીજેલા યંત્રનાં ચક્રો ટેલિફોન મૂક્યા બાદ, જરાતરા બંધ પડેલું ઘડિયાળ જરા ચાલે, વળી અટકે, એમ ચાલતાં થયાં ત્યાં બીજો ટેલિફોન. એમણે યુનિવર્સિટી કૅમ્પસના મધ્યસ્થ ટેલિફોન સંવાહકને કહી રાખ્યું હશે તે ડૉ. ઑયર સાહેબ રણક્યા; ડૉ. ફારલી રિચમંડને કહ્યું હશે એટલે તે રણક્યા; ડૉ. રોસ રણક્યા ને જરાતરા નિંદ સાથે આંખ મેળવવા પ્રયત્નો કરું છું, ત્યાં ફરી ભારતથી દિલ્હીથી અમારા એક મિત્ર ઈશ્વરભાઈ પટેલ રણક્યા. લગભગ કલાકેક આમ ટેલિફોનની રમઝટ ચાલી એમાં નિદ્રાદેવીને પણ રસ પડ્યો હશે, તે સજાગ થઈ બેઠા. બહાર ચાંદનીમાં સુંવાળો-રૂવાળો બરફ અવનવીન ઘાટ સરજતો જતો હતો. અને કોણ જાણે, મારો આ પાકો અનુભવ છે કે બરફ તરફ એકીટશે જોતાં નિંદરતાં વાર લાગતી નથી, અને હું નિંદર્યો જ. પણ તે પહેલાં જો ડૉ. ઑયરે ઍવૉર્ડ લેવા વિષે આવેલા તાર ને એ સંબંધી પોતે બારોબાર આપેલા જવાબ વિષે ઘટસ્ફોટ ન કર્યો હોત તો હું હજી પ્રેસિડેન્ટ જૉન્સન અને દિલ્હીના શ્રી રાધાકૃષ્ણનના પર્સનલ સેક્રેટરી વચ્ચે કોણ, શુંની કડી બેસાડવામાં લહેરિયાં ખાતો હોત. મળસ્કાની મીઠી ઊંઘમાંથી તો હું ઊઠત જ નહિ. પણ સવારે બારણું ઠોકાતાં હું જાગ્યો. બારી બહાર જોઉં છું તો એક મોટો ખટારો આવીને ખડકાયો હતો. એમાંથી તારનાં દોરડાં મારા ઓરડામાં લાવવા ખેંચતાણ ચાલતી હતી. તેનો કંઈક તાળો મેળવું ન મેળવું ત્યાં તો એક અફસર સાહેબ મારા ભોંયતળિયાના ખંડમાં દાખલ થઈ ગયા અને પૂછ્યું: 'મેટા?' મેં હા પાડી. 'શૂટ ધ ગાઇ.' અને એના સાથીદારો શૂટિંગની તૈયારી કરવામાં પડ્યા. 'અલ્યા ભાઈ, પણ છે શું?' 'પ્રેસિડેન્ટ્સ ઍવૉર્ડ. યુ બીકમ બિગ.' 'પણ મોં ધોવા દો, કપડાં બરાબર પહેરવા દો, ચા બનાવવા દો.' કંઈ નહિ, એણે તો ટપોટપ સવાલો પૂછવા માંડ્યા. આજે રાતે યુનિવર્સિટી બ્રોડકાસ્ટ માટે અમારે પાકો અને પૂરતો મસાલો જોઇએ છે. અને એમણે તે એકડો પણ કરી લીધો. ગાઇને 'શૂટ' કરી બધું આટોપી ચા-નાસ્તા વિના એમને રસ્તે પડ્યા.

આ દરમિયાન અમારા પ્રેસિડેન્ટ એટલે કે ચાન્સેલર હાનાહ સાહેબનો ફોન: અભિનંદન, 'બૅન્ક્વેટ' માટેની તારીખ ને પોતાના અંતઃકરણનો આનંદ વ્યક્ત કરનારી વાતચીત. દરમિયાન કૅમ્પસ પેપરની પાંચ નકલ બારણામાં આવીને પડી. એના પહેલે જ પાને ફૅકલ્ટીમાંથી ઉઠાવેલો ફોટો, લાઈફ-સ્કેચ. બધું જ ડૉ. ઑયરે ગોઠવ્યું હોય એમ હવે શંકા વિના નિર્ણય લઈ શકાય. પછી તો ભણાવવા જતા સાથીદાર અધ્યાપકોની ગાડીઓ ફરકવા માંડી; ડૉ. રોસ તો વળી ફૂલનો ગુચ્છો લઇને આવ્યા; પડોશની મડોરીબાઈ પોતાની ચા અને કેકની આખી ટ્રે લઇને મારે ત્યાં પીવા આવી; આવનજાવન ચાલતી રહી.

બસો અઢીસો અધ્યાપકો સાથેનું બૅન્ક્વેટ પણ પત્યું. ટૂંકાં, મુદ્દાસરનાં ભાષણો પણ થયાં. એમાં આપણને લાગે કે કોઈ દેશના રાજ્યકર્તાઓ પોતાના પ્રજાજનને નવાજે, એ ઘટના સૌકોઇને માટે કેટલી મહત્ત્વની છે, અને એમ કરતાં મારા જેવા પારકાને આટલો મોટો કરવામાં પોતે કેટલી મોટાઈ અનુભવે છે. એ જોતાં એમની કાર્યવહીને માટે આપણને માન થયા વિના રહે નહિ. ત્યાં લગભગ સો-સવાસો હિન્દીઓ પણ હશે, અને એમનું એક મંડળ પણ ચાલે. તે એકાદ મહિના બાદ સળવળ્યું ત્યારે મેળાવડો કરીએ તો શ્રીયુત્ ચન્દ્રવદન મહેતાને પ્રમુખ અંજલી આપે કે મંત્રી અંજલી આપે, એ તકરાર પડેલી ને એ અતિગંભીર કારણને પરિણામે યોજવામાં આવનાર મેળાવડો પડતો મૂકવામાં આવ્યો હતો! પરંતુ જે પાંચ-સાત અજાણ્યાં છતાં હેતાળ હિન્દી-ગુજરાતી કુટુંબો ત્યાં હતાં તેમણે મને પોતાને ત્યાં જમવા બોલાવી ભારે ખુશાલી વ્યક્ત કરી હતી. પણ એવી નાની બાબતો જતી કરી મૂળ હકીકત ઉપર આવીએ તો અમારી ફૅકલ્ટીએ ટૂંક સમયમાં જ એક ભારે કાર્યક્રમ ગોઠવ્યો. એ એવી રીતે ગોઠવ્યો કે એકાએક તો મને એનો ઈશારો સરખો પણ આવ્યો નહિ. ડૉ. ઑયરે પોતાને ત્યાં એક દિવસ જમવા બોલાવ્યો અને ત્યાં મને એક તારીખ નોંધાવી તે દિવસે કશો કાર્યક્રમ ન રાખવાની સૂચના કરી. પરંતુ જેમ જેમ એ દિવસ પાસે આવતો ગયો તેમ તેમ મારા સાથીદાર ફારલી રિચમંડથી મને કહ્યા વિના ન રહેવાયું.

આ યુનિવર્સિટીમાં ૫૦ થી ૫૫ હજાર ભણનારાઓ; અને મારા જમાનામાં બે હજારથી પણ વધારે વિષયો સવારના આઠ વાગ્યાથી શીખવવાના શરૂ થાય તે રાતે દસ વાગ્યા સુધી. એમાં અમારી સ્પીચ ડ્રામા ઑડિયોલૉજી, ફાઈન આર્ટ્સ અને સાઉથ એશિયન સ્ટડીઝનો ભાગ એ-

હરિ: ૐ આશ્રમ તરફનાં
એપ્રિલ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર પારિતોષિક

'નારાયણ હેમચન્દ્ર'ના લેખક શ્રી ધીરુભાઈ પરીખને અને

વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક

શ્રી સુકુંદરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે.

કંઠો કરવામાં આવે તો જમેલો ખાસ્સો જોવા જેવો થઈ જાય. શનિ-રવિ તો અહીં કંઈ હોય જ નહિ. પર્ફોર્મિંગ આર્ટ્સના આંતરરાષ્ટ્રીય શો–અને આડે દિવસે અમારી ફૅકલ્ટીનાં નાટકો–ફેર ચાઈલ્ડ્સ એટલે ઉપરનું થીએટર, નીચે ભોંયરાનું અને ચાર હજાર વિદ્યાર્થી બેસે એવું બીજી બાજુ પરનું ઑાડિટોરિયમ, ત્રણે ચાલુ. એમાં એક શુક્રવારે ઑાડિટોરિયમમાં ડૉ. ઑાયર અને પ્રેસિડેન્ટ હાનાહ સાહેબે સમારંભ યોજ્યો હતો. દિવસ ચોખ્ખો હતો. બરાબર ચારમાં દસે ડૉ. ઑાયર મને પોતાની ગાડીમાં લેવા આવ્યા. પાંચ મિનિટમાં હૉલ ઉપર. પાછળને દરવાજેથી અંદર લઈ જઈ બે મિનિટમાં મને વાઘા પહેરાવ્યા. પોતે પણ પહેર્યા. સરસ ખાસ સિવડાવેલો ઝબ્બો; મને જોઈ જોઈ, અને ડૉ. ફાર્લી રિચમંડને પૂછી પૂછી માપ વેતર્યું હશે તે જામો; ઉપર ટોપી. બહારના વિશાળ ખંડમાં લગભગ બે એક હજાર પ્રેક્ષકો, અધ્યાપકો, વચગાળે યુનિવર્સિટી બૅન્ડના સભ્યો. જેવા અમે બહારના દરવાજેથી અંદર દાખલ થયા કે બધાં ખડાં થઈ ગયાં. બૅન્ડ વગાડનારાઓ ને વિદ્યાર્થીઓની બે હાર વચ્ચેથી અમારી સવારી સીધી વ્યાસપીઠ આગળ મૂકેલા નાના દાદર ઉપર થઇ ડાયસ ઉપર પહોંચી કે ત્યાં ઊભેલા પ્રેસિડેન્ટ હાનાહ દસ ડગલાં ચાલી, સામે આવી, મારું સ્વાગત કરી વચલી ખુરશી પર બેસવા મને દોરીને લઈ ગયા.


ડાયસ પર એક બાજુ અમે ત્રણ; બીજી બાજુ જરા કતરાતી હારમાં અમારી ફૅકલ્ટીના અધ્યાપક સભ્યો. અમે બેઠા કે તુરત યુનિવર્સિટી બૅન્ડે એક તેજ, ચમકદાર આરંભમાં ચાંચલ્ય અને સ્ફૂર્તિ વ્યક્ત કરનારી ને પછી ધીમેધીમે ધીર ગંભીર થતી એક ગૌરવભરી સિમ્ફની વગાડી. વીસેક મિનિટે એ પૂરી થતાં તુરત તાળીઓ પડી. પછી ઊભા થાય છે, ડૉ. ઑાયર. ચન્દ્રવદન મહેતા સંબંધી જે કંઈ એમને જાણવા મળ્યું છે તે વિષે, પદ્મશ્રી વિષે, પ્રેસિડેન્ટ્સ ઍવૉર્ડ ઉપર, ભારોભાર ભાર: ભારતે આવી વ્યક્તિનું સમ્માન કર્યું છે, એવી વ્યકિત આપણે ત્યાં છે, અમારી ફૅકલ્ટીમાં છે, એથી અમે મગરૂર છીએ, આપણે સૌ કોઈ આજે ગૌરવ અનુભવીએ છીએ, આજે એમનું આ સમ્માન કરવા હું પ્રેસિડેન્ટ હાનાહને વિનતિ કરું છું. હાનાહ સાહેબે બહુ ઠાવકાઈથી, પોતે હિન્દ પધારેલા ત્યાંથી શરૂ કરી, આવા સમ્માનનું મહત્ત્વ સમજાવી, મારે માટે થોડુંક કહી છેવટે ઉમેર્યું: 'આપણે બીજું તો શું કરી શકીએ, પણ આ માનદ પંડિતની પદવી એમને અર્પણ કરીએ છીએ.' એમ કહી એક ખરીતો મારા હાથમાં મૂક્યો.

હું ઊભો થયો ને લગાતાર તાળીઓ ચાલુ રહી. દરમિયાન હું ગળગળો તો થઈ ગયો હતો. કેટલાક લોકો મારે માટે માનતા આવ્યા છે કે હું જરાપણ 'સેન્ટિમેન્ટલ' નથી. એમની માન્યતા એ ઉદાર દિલવાળા ભાઇઓને મુબારક, પણ હાનાહ સાહેબના પ્રવચન દરમિયાન જ મારી આંખમાં આંસુ ઉભરાવા માંડયાં હતાં. હવે મારે બોલવાનું. શું બોલું? કઇ વિદ્વત્તા વ્યક્ત કરું? કયા શબ્દો થકી આ બધાંનો આભાર માનું? તૈયારી તો કશી હતી જ નહિ શ્રોતાજનોમાં બે પાંચ બાદ કરો તો બધાં જ અજાણ્યા હતાં, છતાં બધાં જ સ્વજન જેવાં હતાં. અને છતાં ચારે કોર આંખ ફેરવવા મથું તો પણ કોઇ એવું હાજર નહોતું કે જેની સામે જોઈ આંખ મિલાવી હૂંફ માગું, આધાર-આશરો લઉં! મારા થકી વડીલ પણ કોઇ નહિ કે દોડીને એને મસ્તક નમાવું. બહેર મારી ગએલા મગજને કાનના મૌન થએલા પરદાઓએ શાંતિ સૂચવી જાગ્રત કર્યું: તાળીઓ શમી ગઈ છે, પ્રેક્ષકો સમક્ષ ઘણા પાઠો કર્યા છે: મૂગી સ્ત્રીમાં ખાનબહાદુર ખરશેદજી ખરખરિયાનો આગગાડીમાં બાઘરજીનો, ને વ્હોરાજીનો; સંતાકૂકડીમાં ઇન્સ્પેક્ટરનો, રમકડાંની દુકાનમાં હુસેનચાચાનો, ડાકઘરમાં મોટા વૈદ્યરાજનો, વીર નર્મદનો, રંગલીલામાં નવાબનો, તાપીદાસ શેઠનો, ફ્રાન્સમાં નોંસી શહેરમાંના શહેર-થીએટરમાં લુઈ બ્રેઈલનો...ત્યાં હિંમત ઓગળી નહોતી ગઈ? ઘણાં ભાષણો પણ કર્યાં છે–મુંબાઈ, કલકત્તા, દિલ્હી, અમદાવાદ, સૂરત, વડોદરા, જયપુર, હૈદરાબાદ જેવાં શહેરોમાં; ફિનલૅન્ડમાં હેલસિન્કીમાં, પોલૅન્ડમાં વૉરસોમાં, પારી(સ)માં સારા બર્નહાર્ડ થીએટરમાં, ઈંગ્લૅન્ડમાં એડિનબરમાં, માન્ચેસ્ટરમાં, બ્રિસ્ટલમાં, લંડનમાં, બંને જર્મનીમાં, નટમંડળ આગળ મૉસ્કોમાં...પણ અહીં લુલીબાઇ લચકો થઈ મુખમાં ટૂંટિયું વાળી ખૂણામાં તાળવે ચોંટી લપાઈ ગયાં છે! કાન મગજને સજાગ કરે તો મગજ આંખને ફેરવવા તૈયાર પણ લપલપિયણ જીભ ઉપર આજે કોઇનું ચલણ નહોતું!

ઊંચે નજર કરી. મૂર્તિમંત માબાપની મૂર્તિ સ્મૃતિ થકી ખડી કરી દીધી. પહેલું જ વાક્ય: 'આજે ઇચ્છું છું કે મારાં માતાપિતા, મારા ગુરુજનો, મારા મિત્રવર્યો, સ્વજનો, મારી પદ્મા દીકરી અહીં હાજર હોત!' ત્યાં તો ડૂમો ભરાયો. માંડ માંડ એને નીચે ઠારી આગળ ચાલ્યો: 'ભલભલાને અદેખાઈ આવે એવું આજે આપ સૌ મારું સમ્માન કરો છો. મારી સ્મૃતિમાં સદૈવ સંઘરાએલું રહેશે એવું સ્મરણ, કોઇ કાવ્યમાં કે શિલ્પ ચિત્રમાં ન કંડારાય એવી રીતે આજે મારા આથમતા જીવનમાં સાકાર કરી આપો છો. એ માટે હું આપ સૌનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. આઈ એમ સો મચ ટચ્ડ ઍન્ડ સો મચ મૂવ્ડ ઈન ધિસ યુનિક ઍન્ડ ઈમ્મોર્ટલ મોમેન્ટ ફૉર મી! બાઈ ધીસ જેશ્ચર ઑાવ યૉર જેનેરૉસિટી, ધૅટ યુ વિલ ફરગિવ મી ઈફ વર્ડ્ઝ ફેઈલ મી, ઑાન ધીસ ઑાકેશ્ઝન...' આમ, કંઇક જીભમાં જીવ આવ્યો પણ ધાર્યું ન બોલાયું. બોલાયું તેમાં વિચારબાંધણી ન રહી. વકતવ્યમાં ઊર્મિતત્ત્વ અને લાગણીઓના અતિરેકે મિશ્રિત ભાવે અસ્પષ્ટતા આણી, અને એમ, અહીંથી ત્યાં, ક્યાંકથી અહીં, એવી વાક્યરચનાઓ અનાયાસ બોલી, આખરે ડળકડળક આંસુના ખરવા સાથે મેં મારું ભાષણ પૂરું કર્યું. એ પૂરું થતાં ફરી તાળીઓનો હેલારો ઉદ્ભવ્યો. એનાં ચારે કોરથી ઊછળેલાં મોજાંઓના જવાબમાં મને સૂઝી મતિ તે પ્રમાણે હું ફરી ઊભો થયો, તખ્તાના છેડા સુધી ચાલ્યો, ત્રણે દિશામાં ત્રણ વાર નમન કરી, માથું નમાવી, તખ્તા ઉપરની વ્યક્તિઓને આખર વંદના કરીને બેઠો, એટલે ફરી વાર પંદર મિનિટની એક અત્યંત હળવી સંગીતની બાંધણી યુનિવર્સિટી ઑાર્કેસ્ટ્રલ બૅન્ડની ટોળીએ પેશ કરી. એ પૂરી થતાં હાનાહ સાહેબે સભા બરખાસ્ત કરી. કુલ્લે સવા કલાકનો કાર્યક્રમ આમ સુંદર વ્યવસ્થાથી પૂર્ણાહુતિને પામ્યો.

બીજી ઘટના એવી જ, પણ હાજર સંખ્યામાં નાની. છતાં એટલા જ સમભાવ અને સહૃદયતાથી કેવળ અમારી ફૅકલ્ટીના સભ્યોએ જવાના થોડા દિવસ આગળ યોજી. તે તો વળી આ થકી પણ ટૂંક સમયમાં પૂરી થઈ. સત્રાંતે ફૅકલ્ટી મિટિંગ: રેનૉલ્ડ્સ, બર્ગર, ફ્રૅંક...બધા જ સાથીદારો; ડૉ. ઑાયરના જમણા હાથ જેવા ડૉ. ક્રાન્ઝ, 'સ્પીચ' ઉપરના એક એક મોટા સંશોધન-પુસ્તકના લેખક, ઘણા વિદ્વાન, એટલા જ હેતાળ, સાઠ આસપાસના, મારા સિવાય આખા સ્ટાફમાં બુઝર્ગ, એમણે શરૂઆતમાં ઠરાવ મૂક્યો, ઑાયર સાહેબે ટેકો આપ્યો, અને તાળીઓના ગડગડાટ થકી પસાર કરી, મને પધરાવ્યો. ત્યાં પણ બે મિનિટનું ભાષણ, પણ એ પ્રસંગ અનોખો હતો. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં | કુમાર | જૂન ૧૯૪૬ અંક ૨૭૦








તમને આવી કોઈ ટેવ ખરી કે?









કાનની બૂટ કે હોઠ ખેંચવા, નખ કરડવા, મુઠ્ઠી પછાડવી... આ બધી તમારા હાથની હીલચાલો તમારા સ્વભાવની ચાડી ખાય છે.

તમને તો તેનું ભાન પણ ન હોય, પરંતુ તમારા હાથ વડે જે અમુક હીલચાલો કરવાની ટેવ તમને પડી ગઈ હોય છે તે તમારામાં રહેલી ખામીઓ ને વિશેષતાઓ તથા તમારા વિચારો અને ભાવોદ્રેકોને ખુલ્લા પાડી દેતી હોય છે. દાખલા તરીકે કોઈ ચર્ચા કરતી વખતે તમારા હાથના પંજા વડે કે તર્જની આંગળી વડે ઠોક-ઠોક કરવા જેવી ક્રિયા કરવાની તમને ટેવ હોય તો તે તમારું નિશ્ચયબળ યા તો એ વિષય માટેની તમારી આંતરિક પ્રતીતિ બતાવે છે. આવી કેટલીક સામાન્ય ટેવોનાં ચિત્રો તથા તેનાં અર્થ-સૂચન આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ૨૭૦મા અંકમાં આપ્યાં હતાં તે જોઈએ:

૧ (જમણી બાજુ મથાળે): નખ કરડવાની કે અંગૂઠો મોંમાં રાખવાની ટેવવાળા માણસો, વણપૂરી કામના કે તૃષ્ણાને લીધે અસંતુષ્ટ અને તંગ રહેતા મનવાળા હોય છે. ૨ (ડાબી બાજુ ઉપર): વારંવાર કાનની બૂટ ચોળવાની કે ખેંચવાની ટેવ જેને હોય તે અસાધારણ માનસ ધરાવતા હોય છે અને એવા માણસો સામાન્યરીતે અભ્યાસી, નર્મ કટાક્ષ કરનારા, બુદ્ધિશાળી, ખબરદાર કે ભપકેદાર પણ હોય છે. ૩ (ડાબી બાજુ વચ્ચે): હોઠ ખેંચવાની ટેવ-વાળા શાંત, ગણતરીબાજ ને વિચારશીલ તથા બુદ્ધિપ્રધાન હોય છે. ૪ (ડાબી બાજુ છેડે): હાથના અંગૂઠા આંગળાંમાં દબાવી બેસવાની ટેવવાળાઓ બાળમાનસ વ્યક્ત કરતા હોય છે ને તે મોટે ભાગે પરાવલંબી અને આશ્રયવાંછુ હોય છે. ૫ (જમણી બાજુ નં. ૨): એ જ રીતે વાત કરતી વખતે સામાનો હાથ પકડવાની તમને ટેવ હોય તો તે તમારો મુદ્દો તેને સમજાવવાની તમારી શક્તિ વિષેની અશ્રદ્ધા કે આત્મ-વિશ્વાસની ખામી બતાવે છે. ૬ (જમણી બાજુ નં. ૩): ચર્ચા દરમ્યાન ટેબલ પર મુઠ્ઠી કે હાથ પછાડવાની ટેવ જલદ ને છેડાઈ પડે તેવો સ્વભાવ દર્શાવે છે અને એવાઓની બુદ્ધિ હમેશાં ભાવોદ્રેકથી ઢંકાઈ-ચંપાઈ જતી હોય છે. ૭ (જમણી બાજુ છેડે): ટેબલ કે કોઈ વસ્તુ પર નગારાની માફક આંગળાંના ટકોરા મારવાની ટેવ તમે કોઈ ગૂંચમાંથી અગર કંટાળાજનક પરિસ્થિતિ કે અણગમતી લપમાંથી છૂટવા માગો છો એવી અધીરતા બતાવે છે.

હીરાની વીંટી (અનુસંધાન પૃષ્ઠ ૨૧૧થી)

ને તે ટપાલમાં નાખવા જવા નીચે ઊતર્યો ત્યાં મોહન ચોકમાં પાટ પર બેઠો હતો. દુર્ગાદાસને જોતાંવેત મોહન પોતાના કોટનાં બટન ખોલી તેને કૈંક આપવા જતો હતો; પણ કાગળ ટપાલમાં નાખવાની કેટલી ઉતાવળ હતી? હમણાં જ પોતે પાછો આવે છે એમ કહી તે ઝડપથી નીકળી ગયો.

દુર્ગાદાસ પાછો આવી સિગારેટ સળગાવી પોતાની અડવી આંગળી તરફ જોતો મુસ્કરાતો વિચારતો બેઠો. એવામાં જમીપરવારીને મોહન આવ્યો. દુર્ગાદાસે તેને ઉમળકાપૂર્વક આવકાર્યો અને કબાટમાંથી ઑરેન્જ ક્રશનો શીશો કાઢી ઠંડા પીણાનાં બે મોટાં ટંબલર તૈયાર કર્યાં. તેને આખા દિવસ કરતાં અત્યારે ખૂબ ખુશમિજાજમાં જોઈ જરા હળવે મને તેણે પૂછ્યું: 'આજ કાંઈ તડાકો પડયો છે કે શું? બહુ મોજમાં લાગો છો!'

'હા; આજે પાસા પોબાર છે.' દુર્ગાદાસે કહ્યું.

મોહને ઝબ્બાના ગજવામાંથી એક કાગળ કાઢી દુર્ગાદાસના હાથમાં મૂકતાં કહ્યું, 'તો તો મારી આટલી ગલતી તમે માફ કરશો. આ કાગળ અમારી ટપાલ ભેગો અઠવાડિયા ઉપર ટપાલી નાખી ગએલો; પણ બાપા બહારગામ ગયા છે એટલે પેઢીના કામની જંજાળમાં હું તમને આપવાનું વિસરી ગએલો. આજે બે ય વખત હું તમને એ જ આપવા પ્રયત્ન કરતો હતો, પણ તમે બહુ જ ઉતાવળમાં હતા.'

પણ આ દરમ્યાન તો દુર્ગાદાસે કાગળ વાંચવા માંડયો હતો, અને તેની આંખ સામે, જાણે પ્રારબ્ધના લખ્યા કપરા લેખ હોય એવા શબ્દો તરતા હતા: 'આપની હીરાની વીંટીની પૉલીસીની છેલ્લી મુદત તા. ૨૯મી જુલાઈએ પૂરી થાય છે. તે જો ફરી ચાલુ રાખવા આપ ઇચ્છતા હો તો અમને જણાવશો; નહિતર...' (સૂચિત)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ ચુ. વૈદ્ય

૧૮

ડબ્લિન · તા. ૨૪-૫-'૭૦

વહાલાં બાળકો,

આયર્લૅન્ડ તેની ઑસ્પિટલ-સેવાઓ માટે બહુ જાણીતો દેશ છે. ડબ્લિન શહેરની વસ્તી અમદાવાદ કરતાં અરધીથી પણ ઓછી હશે પણ શહેરમાં ૮ તો સરકારી ઑસ્પિટલો છે ને બીજી બિનસરકારી યે ઘણી છે.

થોડા દિવસ ઉપર આ ઑસ્પિટલ-સર્વિસમાં મોટો ખળભળાટ ઊભો થયો હતો. ડબ્લિન શહેરની ઑસ્પિટલોમાં કામ કરતા ૪૦૦ જુનિયર ડાક્ટરોએ રાજીનામાં આપવાનો નિર્ણય કર્યો. આપણે ત્યાં હાઉસમૅન કહીએ છીએ તેને અહીં જુનિયર ડાક્ટર કહે છે. વચ્ચે આપણે ત્યાં ઑસ્પિટલોના હાઉસમૅનોએ હડતાલ પાડી હતી તેવી જ પરિસ્થિતિ અહીં ઊભી થઈ છે. પણ અહીંના જુનિયર ડાક્ટરો હડતાળ ઉપર જવાને બદલે સીધાં રાજીનામાં જ આપવાની વાત કરે છે, કારણ કે ઇંગ્લૅન્ડ, અમેરિકા અને કૅનૅડામાં વધુ સારી નોકરીઓ તરત જ મળે છે.

આ જુનિયર ડાક્ટરોની ફરિયાદ પણ આપણા હાઉસમૅનોની ફરિયાદ જેવી જ છે. આપણે ત્યાં જુદી જુદી ઑસ્પિટલોમાં હાઉસમૅનોના પગાર-દર જુદાજુદા છે. અહીં ટીચિંગ ઑસ્પિટલ્સ (સિવિલ, વાડીલાલ જેવી ઑસ્પિટલો જેની સાથે કૉલેજો સંકળાએલી છે) અને નૉન ટીચિંગ ઑસ્પિટલ્સ વચ્ચે પગારધોરણનો ભેદ છે. તે દૂર કરવો જોઇએ એવી ડાક્ટરોની એક માગણી છે. બીજી ફરિયાદ છે કામના કલાકોની. અહીં જુનિયર ડાક્ટરોને અઠવાડિયાના ૧૦૦ થી ૧૨૦ કલાક કામ કરવું પડે છે. ઊંઘવા-જમવાના રોજના દસ કલાક બાદ કરીએ તો દિવસના ૧૪ કલાક રહ્યા, અને સાતે દિવસ રોજના આ ૧૪ કલાક કામ કરે તો અઠવાડિયાના ૯૮ કલાક થાય! આ ડાક્ટરોને અઠવાડિયાના ૧૦૦ થી ૧૨૦ કલાક કામ કરવું પડે તેનો અર્થ તો એ થયો કે અઠવાડિયે કે પંદર દિવસે તેમને એક પણ રજા મળે નહિ અને રોજના ૧૬ કલાક જેટલું કામ કરવું પડે. તેમને અઠવાડિયાના ૨૦ પાઉન્ડ જેટલો પગાર મળે છે જે મિલ-મજૂરોના પગાર જેટલો થાય છે. (આપણે ત્યાં તો હાઉસમૅનનો પગાર મિલમજૂરના અત્યારના પગાર જેટલો પણ નથી.) પણ અઠવાડિયાના ૧૦૦ કલાક કામના ગણીએ તો કલાકના ૪ શિલિંગ થાય. અને અહીં કચરા-વાસણ કરવાવાળી બાઈઓને કલાકના ૪ શિલિંગ તો મળે છે! એટલે આ જુનિયર ડાક્ટરોનું કહેવું છે કે અમને તમે કચરા-વાસણ કરનારી કામવાળીઓ જેટલો જ પગાર આપો છો!!

માર્ચ મહિનામાં આ ડાક્ટરોએ સત્તાવાળાઓ સાથે વાટાઘાટ કરી હતી. અહીં બધા જ ધંધામાં વાટાઘાટ માટે વ્યવસ્થિત તંત્ર છે. આપણે ત્યાં હજુ બધા ધંધા માટે તેવું થયું નથી; માત્ર મિલઉદ્યોગમાં મિલ-મજૂરોની સંસ્થા મજૂર-મહાજન અને મિલમાલિકોની સંસ્થા મિલ-માલિકમંડળ એ બે છે. એમાં ઝગડો ઊભો થાય છે ત્યારે મજૂરમહાજન મિલ-માલિક મંડળ સાથે વાટાઘાટો કરે છે પણ અહીં દરેક વર્ગ માટે આવું તંત્ર છે. ડૉક્ટરોની સંસ્થા 'મેડિકલ યૂનિયન' તો ઑસ્પિટલોના સંચાલકોનું મંડળ તે 'કાઉન્ટી મૅનેજર્સ એસોસીએશન'. આપણે ત્યાં મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર હોય છે અને નાની મ્યુનિસિપાલિટીઓના ચીફ ઑફિસર હોય છે તેમ અહીં મ્યુનિસિપાલિટીઓના વડાને 'કાઉન્ટી મૅનેજર' કહે છે, અને દેશની સઘળી મ્યુનિસિપાલિટીઓના ચીફ ઑફિસરોનું મંડળ તે કાઉન્ટી મૅનેજર્સ એસોસીએશન. આ મૅનેજર્સ એસોસીએશન સાથે માર્ચ માસમાં વાટાઘાટો કરી જુનિયર ડાક્ટરોએ કેટલાક લાભ મેળવ્યા હતા. વાટાઘાટો દરમિયાન કામના કલાકો અઠવાડિયાના ૧૦૦ને બદલે ૭૦ કરવા, શિક્ષણ આપતી અને શિક્ષણ નહિ આપતી ઑસ્પિટલો વચ્ચેના પગારધોરણના ભેદ દૂર કરવા વગેરે મૌખિક રીતે નક્કી થયું હતું. પણ પહેલી એપ્રિલે જે લખાણ મૅનેજરોએ બહાર પાડ્યું તેમાં ઉપરની વાતોનો ઉલ્લેખ જ નહોતો. આથી ડબ્લિનના ૪૦૦ ડાક્ટરોએ મૅનેજરો ઉપર વચન-ભંગનો આરોપ મૂક્યો અને મતદાન કરી ૮૦ ટકાની બહુમતીએ રાજીનામાં આપી દેવાનો નિર્ણય જાહેર કર્યો. જનતામાં અને સરકારમાં ફફડાટ પેઠો. હડતાળ હોય તો તો થોડા દિવસોમાં બધું પાછું રાગે ચડી જાય, પણ રાજીનામું આપેલો ડાક્ટર તો બીજે ચાલ્યો જાય, અને પછી એકસાથે આટલા બધા ડાક્ટરો ઑસ્પિટલોને મળવા દુર્લભ. દેશની મેડિકલ સેવાને તો એથી બહુ મુશ્કેલી પડે. એટલે સરકાર વચ્ચે પડી. આરોગ્યખાતાના પ્રધાને ડાક્ટરો સાથે વાટાઘાટ કરીને એક ફૉર્મ્યુલા તૈયાર કરી. આ ફૉર્મ્યુલામાં ડાક્ટરોની ઘણીખરી માગણીઓ સંતોષાતી હતી. ગઈ કાલે ડૉક્ટરોએ મતદાન કરી મિનિસ્ટરની ફૉર્મ્યુલા સ્વીકારી છે. હવે મૅનેજરોનું મંડળ તે ફૉર્મ્યુલા પર વિચાર કરશે; પણ દેશના રિવાજ મુજબ સરકારની ફૉર્મ્યુલા જો એક પક્ષ સ્વીકારે તો બીજા પક્ષને સ્વીકાર્યા સિવાય છૂટકો નથી, તેથી આ ઝગડાનો હવે સુખદ અંત આવશે અને ડાક્ટરો રાજીનામાં આપશે નહિ.

—લિ. કાકાના આશિષ

આધુનિક ભારતની પાયાની સાધના ઉપર એક અનુભવમૂલક માર્મિક ચિંતનપોથી

કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપ

સં.: રવીન્દ્ર કેળેકર   પ્રસ્તાવના: ઉમાશંકર જોશી   અનુ.: સરોજબેન નાણાવટી


શ્રી રવીન્દ્ર કેળેકરે કાકાસાહેબ સાથે રહી તેમના વિચારોને શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન આ પુસ્તકમાં કર્યો છે. કાકાસાહેબ આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે: 'આજકાલના સમાજને જે વિષય ઉપર જાણવાની ઉત્કટ ઇચ્છા હોય છે એવા જ પ્રશ્નો છેડીને શ્રી કેળેકરે વાચકોની સારી સેવા કરી છે અને મારા અનુભવમૂલક વિચારો પોતાની સુંદર ઢબે વાચકો આગળ મૂકી એમણે મને પણ બધી રીતે રાજી કર્યો છે.' **શ્રી ઉમાશંકર જોષી** લખે છે: 'ભાઇ કેળેકરે કાકાસાહેબને કેન્દ્રમાં રાખી તેમની મદદથી છેલ્લાં સો વરસની આધુનિક ભારતની સાધના સમજવા પ્રયત્ન કર્યો છે. કાકાસાહેબની વ્યક્તિ પ્રતિભાનાં અનેક પાસાં છે. એમાં વિવેક પણ પુષ્કળ છે... સદ્‌ભાગ્યવશાત્ ચર્ચા શતક એક જ વિચાર દોર ઉપર આધુનિક ભારતની પાયાની સાધના ઉપર જ ચાલ્યું. એથી એક અત્યંત સુવાચ્ય અને માર્મિક ચિંતનપોથી આપણને મળી.'   પૃ. ૨૮૦ * રૂ. ૭

વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિમિટેડ


૩, રાઉન્ડ બિલ્ડિંગ · કાલબાદેવી રોડ · મુંબઈ ૨   ગાંધી ચેમ્બર્સ · ગાંધીરોડ · અમદાવાદ-૧

ટપાલટિકિટની કથા-૬

ઇ. ૧૮૯૫માં યુગાન્ડાના કબાકા(રાજા)એ પાટનગર મૅન્ગોમાં વસતા પોતાના અંગ્રેજ મિત્ર રેવન્ડ ઈ. મિલર-ને રાજ્યનું ટપાલખાતું સોંપ્યું. મિલરે પાતળા કાગળ પર ટાઈપ કરીને રાજ્યની ટપાલટિકિટો છાપી. (જુઓ સાથેનું ચિત્ર) એમાં તૂટક



રેખાની કિનાર બાંધી મથાળે 'U' તથા 'G' અક્ષરો છાપી વચ્ચે ટિકિટની કિંમત છાપેલી. એ કિંમત કોડીઓની છે. ત્યારે ત્યાં કોડીનું ચલણ હતું. ૫ થી ૬૦ કોડીની કિંમતની ટિકિટો મિલરે ટાઈપ કરેલી. એમાં ભૂલ થાય તો ત્યાં એણે ચોકડી પાડી એ ભૂલો સુધારેલી. આમાં યે ૧૮૯૫ની ટિકિટો કાળી રિબનથી ને ૧૮૯૬ની ટિકિટો બ્લ્યૂ રિબનથી છાપેલી છે.



બીજી એક રસમય ટિકિટ છે દક્ષિણ અમેરિકાના 'ગુયાના'ની. બ્રિટિશ ગીઆના તરીકે પહેલાં એ અંગ્રેજ તાબામાં હતું. ઉપર દર્શાવી છે તે એની ઈ. ૧૮૫૬ની એક સેંટની ટિકિટ ચારે ખૂણે કપાએલી અને કોઈના હસ્તાક્ષરોવાળી તથા ચોળાએલી હોવા છતાં ઈ. ૧૯૪૦માં એક અમેરિકને તેના ૧૫૦૦૦ પાઉન્ડ આપેલા. કારણ કે દુનિયામાં એ માત્ર એક જ ટિકિટ છે. ઈ. ૧૮૭૩માં એક વિદ્યાર્થીએ તે ૬ શિલિંગમાં વેચેલી. ફરતીફરતી તે વિશ્વવિખ્યાત ટિકિટસંગ્રાહક, ઈટાલીના એક રાજવંશી કાઉન્ટ ફિલિપ વૉન ફેરારી પાસે પહોંચી. આ કાઉન્ટ-ને પણ ટિકિટસંગ્રહનો અજબ શોખ હતો ને તેની પાછળ અઠવાડિએ એ સરાસરી ૮૮૦૦૦ રૂપિયા જેટલું ખર્ચ કરતો. દુનિયાની પ્રત્યેક ટપાલટિકિટ સંઘરવાનું એનું સ્વપ્ન હતું. ઈ. ૧૯૧૭માં એનું અવસાન થયું તે પછી એનો ટિકિટસંગ્રહ વિવિધ સંગ્રાહકોએ ત્રણ કરોડ રૂપિયા જેટલી કિંમતમાં ખરીદેલો. આજે ફેરારી જેટલાં નાણાં કોઈ એક સંગ્રાહક તો ખર્ચી જ ન શકે. પણ મજા તો એ છે કે પેલો અમેરિકન કોણ છે ને આજે એ ક્યાં છે તે કોઈ જાણતું નથી. એટલે હાલ તો ગુયાનાની આ ટિકિટ કોઈ પણ કિંમતે યે અપ્રાપ્ય જ છે.

—યશવંત મહેતા



મધુકરી

ધૈર્ય નવ ત્યાગશો, હૃદયબળ રાખશો,
કાર્યનો મંત્ર જે પરમ છે
સદ્ય તે સાધજો એ ખરો ધર્મ છે. —મનહરરામ મહેતા

એક ગુણિયલ ગૃહલક્ષ્મી

સામાન્ય સ્થિતિ-સંજોગોમાં જન્મીને લક્ષાધિપતિ ભદ્રકુટુંબનાં કુલવધૂ થવાનો સુભગ યોગ પામનાર મહિલાઓ જવલ્લે જ શ્રીમંતાઈના છાકની છાયાથી બચી અહંતારહિત ગરવું આભિજાત્ય જાળવી શકે છે. હિંદભરમાં મિલઉદ્યોગની સૌપ્રથમ સ્થાપના કરી અમદાવાદને સમૃદ્ધિને માર્ગે મૂકીને એને દેશનું એક અગ્રગણ્ય શહેર બનાવનાર રણછોડલાલ છોટાલાલ (બક્ષી)ના પૌત્ર સર ચિનુભાઈ માધવલાલ (બૅરોનેટ)નાં પુત્રવધૂ લેડી તનુમતીબહેન એવો વિરલ અપવાદ હતાં.

શ્વસુર પક્ષની સાહ્યબીની સરખામણીએ એક સામાન્ય, પણ સંસ્કારસંપન્ન કુટુંબમાં એમનો જન્મ થએલો. સર ચિનુભાઈના એકના એક પુત્ર સાથે એમનું સગપણ અગાઉથી નિશ્ચિત થઈ ચૂક્યું હોઈ, પોતાના મોટા ઘરની રીતરસમ અને વ્યવહારની પૂરતી જાણકારી મળે એ આશયથી એમની સાત વર્ષની વયથી જ સર ચિનુભાઈએ એમને પોતાના કુટુંબમાં જ સાથે રાખી કુટુંબનાં બાળકો સાથે એમને પણ યોગ્ય તાલીમ આપી હતી. પરિણામે સ્વ. શ્રી દેશળજી પરમાર અને 'ધૂમકેતુ'થી માંડીને રસિકલાલ છો. પરીખ જેવા આરૂઢ વિદ્વાનો પાસે જ્ઞાન મેળવી એમણે સાહિત્ય અંગે ઊંચી અભિરુચિ કેળવી હતી. આ સાથે અંગ્રેજીનું વાચન પણ ચાલતું અને સંસ્કૃત સાહિત્યમાં પણ તેમણે ઊંડો રસ દાખવ્યો હતો. મેઘદૂત તો એમને લગભગ કંઠસ્થ હતું. એમણે પોતે પણ કેટલીક પદ્યરચનાઓ કરેલી, પણ પોતાના સંકોચશીલ સ્વભાવને કારણે એ કૃતિઓ તેઓ લગભગ અપ્રકટ જ રાખતાં. આ ઉપરાંત શ્રી રવિશંકર રાવળ પાસેથી એમણે કલાના પાઠ પણ લીધેલા. એમાં ખાસ કરીને દૃશ્યચિત્રો તથા ભાવનાત્મક ચિત્રો પ્રતિ એમનું વલણ વધુ રહેતું. જોકે કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે લલિત કળા પાછળ સમય કાઢવો મુશ્કેલ હતો, પણ ઉનાળાની રજાઓમાં બધો પરિવાર કોઈ ગિરિપ્રદેશમાં રહેવા જાય ત્યારે ત્યાં રમતગમતો અને ઘોડેસવારી ઉપરાંત તેઓ મોટાં દૃશ્યચિત્રો પણ કરતાં. નવરાત્રિમાં જ્ઞાતિ તરફથી યોજાતા ગરબા-ઉત્સવોમાંનો આદિથી અંત સુધીનો એમનો સક્રિય રસ પણ એમની સાહિત્ય અને કળાની જેમ એક આગવી અભિરુચિનો દ્યોતક હતો. શ્રી શંકરરાવ વ્યાસ જેવા પાસે લીધેલું સંગીતનું જ્ઞાન તેઓ ગીત-ગરબાઓમાં પ્રયોજતાં. રાગરાગિણીઓથી પરિચિત હોઈ ઉચ્ચ સંગીતને પણ તેઓ સમજપૂર્વક માણી શકતાં, પણ એમનો ઝોક ગરબા અને ભજનો તરફ વિશેષ રહેતો. હળવી ક્ષણોમાં અંતકડીની રમતમાં પણ એ પાવરધાં પ્રિય, અને હલકભર્યાં હાલરડાં પણ એમનાં જ.

મોટા ઘરની ઘણી મોટી જવાબદારી પણ એમણે પોતાની સાહજિક ઋજુતા સાથે ખંત અને ઉમંગથી ઉપાડી લીધી હતી. ગૃહિણી તરીકેની એમની ઊંડી આવડત, નોકરો પ્રત્યેનો પ્રેમાળ વર્તાવ, શ્રીમંત ઘરનો બહોળો સામાજિક વ્યવહાર, આવડા મોટા સંપન્ન કુટુંબમાં સતત આવતા રહેતા ઉચ્ચાવચ અતિથિઓની આગતાસ્વાગતા, સારામાઠા પ્રસંગોએ સગાંસ્નેહીઓની પડખે ઊભા રહેવાનું એમનું હૂંફભર્યું સૌજન્ય અને નિયમિત પાઠપૂજાની વચ્ચે વહેંચાએલી એમની ભરચક દિનચર્યાનો બધો ભાર હસતે મોંએ ઉપાડી લેવાની તત્પરતા, આ સર્વ ગુણ વડે એમણે શ્વસુરગૃહની પ્રતિષ્ઠાને જીવ્યાં ત્યાં સુધી ગૌરવથી ઊજળી રાખી હતી.

આમ દુન્યવી દૃષ્ટિએ સર્વ રીતે સુખી છતાં મોટાઈ કે અહંનો અંશ સરખો એમણે પોતામાં પેસવા દીધો ન હતો. સત્તર-અઢાર વર્ષના પ્રસન્ન દાંપત્ય બાદ પતિએ અમદાવાદ છોડી કાયમ માટે મુંબાઇનો વસવાટ સ્વીકાર્યો ત્યારે તેઓ પોતાની સૌમ્ય પ્રૌઢ છાયા તળે ત્રણ પુત્રોના ને ગર્ભશ્રીમંત ગૃહના પરિવાર-વ્યવહારને એ જ સાહજિક સૌહાર્દપૂર્વક સંભાળતાં રહ્યાં; ને સાપ કાંચળી બદલે તેમ પોતાના રસને આધ્યાત્મિકતા તરફ વાળી પરમહંસ સ્વામી શ્રી હંસદેવજીના માર્ગદર્શન



નીચે ભક્તિપરાયણ જીવન ગાળવા લાગ્યાં.અંતરના નિગૂઢ ભાવોને અંદર જ ભંડારી દઈને હવે સાંસારિક બાબતોથી અલિપ્ત થઈ એમણે જળકમળવત્ રહીને કુટુંબના ગૌરવને તો સોહાવી જ રાખ્યું; ને શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી યુનિવર્સિટી વીમેન્સ કૉલેજ, ભોળાનાથ સારાભાઈ ઇન્સ્ટિટ્યૂટ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, જ્યોતિ સંઘ, મહિલામિલન અખિલ હિન્દ મહિલા પરિષદ, નૅશનલ વીમેન્સ કાઉન્સિલ, જ્યૂબિલી વીમેન્સ હૉસ્પિટલ અને પોતાની સાહોદરા નાગર જ્ઞાતિની બધી સ્ત્રીવિષયક પ્રવૃત્તિઓમાં અસલની જેમ જ, પોતાની વ્યથાનો સહેજે અણસર આપ્યા વિના, સદા હસતા મોંએ નાનીમોટી અનેક સેવાઓમાં સતત સક્રિય રસ લઇને છેક સુધી લેડી તનુમતી તરીકેની પોતાની ઊજળી પ્રતિભા અકબંધ જાળવી રાખી. આ બધી સંસ્થાઓની અનેક મુશ્કેલીઓમાં તે સદા સહાયરૂપ બની રહેતાં. વિચારભેદના પ્રસંગે પણ કોઈ પણ જાતની અથડામણમાં આવ્યા વિના તેઓ સહજ સરળતાથી કામ પાર ઉતારતાં.

આમ, સાચા અર્થમાં એક આદર્શ ગૃહિણી સમા એમના જીવનમાં એક વિશેષતા એ પણ હતી કે આજે જૂના લાગતા રીતરિવાજોનો સંપૂર્ણ ત્યાગ ન કરવા છતાં તેઓ નવા વિચારોને પણ ઉદારતાથી અપનાવતાં. ઊંડી ધાર્મિકતા કેળવ્યા છતાં ક્રિયાકાંડના વળગણને ચુસ્તપણે વળગી રહેવાનો આગ્રહ તેમણે કદી દાખવ્યો નહોતો. અનેક માનસિક મૂંઝવણો છતાં એમણે જીવનમાં કદી કાયરતાને ફરકવા દીધી ન હતી. જીવનની તડકી-છાંયડીમાં દુ:ખનિરાશાને ઓગાળી નાખીને રસથી જીવન જીવવાની કળા એમણે સાધી હતી અને એટલે જ સુખસમૃદ્ધિ ભર્યા જીવનમાંથી નીકળી અત્યંત સાદું (છતાં સોહામણું) જીવન પણ અપનાવી જાણ્યું હતું.

એમણે જીવનને જોયું, ઓળખ્યું, સમજ્યાં, સ્થિતપ્રજ્ઞતા કેળવી, અને અંતે પરમ ચૈતન્યની પરાકાષ્ઠાએ પહોંચી માનવજીવનની અંતિમ ઉચ્ચ કક્ષા—પરમ સાક્ષાત્કારનો અનુભવ કરવાના ગુરુ દ્વારા કરેલા પ્રયત્નને છેવટ સુધી જારી રાખીને નારીજીવનનો એક ઉત્તમ આદર્શ પૂરો પાડ્યો.

છેલ્લેછેલ્લે એમની એક વધુ આકરી કસોટી યે નિયતિએ કરી લીધી. ઈ. ૧૯૬૯ના ઑગસ્ટમાં માલૂમ પડ્યું કે એમને અન્નનળીનું કૅન્સર હતું. છેક અમેરિકા સુધી જઈ ઉપચાર કરાવ્યા પણ કારી ફાવી નહિ અને ૧૯૭૦ની ૧૩મી જાન્યુઆરીએ એમનું અવસાન થયું. જીવનના એ આખરી દિવસ સુધી એમણે પોતાની માનસિક સ્વસ્થતા જાળવી રાખી ભારતીય ગૃહલક્ષ્મીની સહનશીલતા અને મીઠાશનું જે આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે એ તો, શી ખબર, હવે જોવા મળે કે નહિ! ગૌરવર્ણું ભરાવદાર શરીર, સાદાં શોભતાં વસ્ત્રો, સાધારણ શણગાર, હસમુખું મોં અને ધૈર્ય, સૌજન્ય, વાત્સલ્ય ને સહિષ્ણુતાની મૂર્તિ સમાં, સૌમ્યશીળા વ્યક્તિત્વવાળાં એ ગૃહલક્ષ્મીની આજે તો માત્ર સ્મૃતિ જ રહી!

પથ્થરોમાં લિંગભેદ

કોઈને હસવું આવશે કે પથ્થરોમાં ય વળી જાતિ હોય ખરી? પરંતુ સ્થપતિ કે શિલ્પી કહેશે : 'હા, પથ્થરોમાં પણ ત્રણ જાતિ-વ્યાકરણની ભાષામાં કહીએ તો ત્રણ લિંગ હોય છે. કેટલાકને પુરુષશિલા કહેવામાં આવે છે, કેટલાક સ્ત્રીશિલા તો બીજા કેટલાક નપુંસકશિલા ગણાય છે.

વનસ્પતિશાસ્ત્રી જ્યારે પુષ્પોના પુંકેસર અને સ્ત્રીકેસરની વાત કરે છે, કે પ્રાણીશાસ્ત્રી કોઈ એવા ભેદ પાડે છે ત્યારે એના પાયામાં પ્રજનન-ક્રિયા રહેલી હોય છે. પરંતુ શિલ્પીના આ પથ્થરોના જાતિભેદના પાયામાં એ પથ્થરોના ગુણ તથા લાક્ષણિકતા રહેલાં હોય છે.

કોઇ પણ દક્ષ સ્થપતિ પથ્થરને હથેલીમાં મૂકતાં વેંત તેની જાતિને પારખી શકે છે. આ પરખ-શક્તિ એને વારસામાં મળેલી હોય છે. પ્રાચીન શિલ્પશાસ્ત્રમાં આ ભેદનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. એ શાસ્ત્ર અનુસાર નપુંસકશિલા સૌથી નક્કર હોય છે, જ્યારે સ્ત્રીશિલા સૌથી શ્રેષ્ઠ શિલા મનાય છે. શિલ્પશાસ્ત્ર એ પણ સ્પષ્ટ રીતે સૂચવે છે કે મંદિરોમાં અને મહાલયોમાં, સભામંડપોમાં અને રંગમંડપોમાં કયા પ્રકારની શિલા વાપરવી.

સ્ત્રીશિલા એના વિશિષ્ટ ગુણથી સૌમાં શ્રેષ્ઠ મનાઈ છે. એ વગાડતાં રણકો ઉત્પન્ન થાય છે. આવી સ્ત્રીશિલા અનેક પ્રાચીન મંદિરોમાં વપરાઈ છે. દક્ષિણ ભારતમાં પુરાણ-પ્રસિદ્ધ મદુરાઇના મીનાક્ષી મંદિરમાંના આવા સા રે ગ મ અનુસારના ક્રમબદ્ધ સ્વર કાઢતા સ્તંભો જાણીતા છે.

આપણે ત્યાં ગુજરાતમાં પણ સ્ત્રી-શિલાનો ઉપયોગ થતો હતો. અમદાવાદના કાંકરિયા તળાવમાં પાણીના મુખ્યગરનાળામાં આવી સંગીત શિલાઓ વપરાઇ હતી. થોડા સમય પર સંગીતસમ્રાટ પં૦ ઓમકારનાથે એ શિલાઓમાંથી સુરાવલીઓ રેલાવી હતી. અત્યારે એ સંગીત-શિલાઓ ત્યાંની બાલવાટિકામાં સુરક્ષિત છે.

કન્યાકુમારી પાસે વિવેકાનંદ સ્મારકનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિ ગિરિએ કર્યું તેમાં પણ આ વિશિષ્ટ શિલાઓનો ઉપયોગ થયો છે. સ્મારકના મુખ્ય સ્થપતિ શ્રી એસ. કે. આચાર્યએ પત્રકારોને જણાવ્યું હતું કે સ્મારકના મંડપની ચૌદ ટનની શિલા પુરુષશિલા છે અને ગર્ભગૃહમાં જે શિલાઓ પર શિલ્પકામ કરવામાં આવ્યું છે તે સ્ત્રીશિલા છે.

લાંગની દાળ સદંતર બંધ કરો

લાંગની દાળ જેને કેસરી દાળ પણ કહેવામાં આવે છે તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવાથી માણસ અપંગ બની જાય છે, જે રોગ અસાધ્ય છે. મધ્ય પ્રદેશમાં એક જિલ્લામાં ૯ લાખની વસ્તીમાં ૨૫,૦૦૦ માણસો આ રોગનો ભોગ બન્યાં છે.

પ્રસ્તુત રોગથી એકાએક પગમાં દારુણ પીડા થવા લાગે છે, જે ઘૂંટીથી શરૂ થઈ પગની ઉપર આગળ વધતી જાય છે જ્યાં સ્નાયુઓ દડા કે ગઠ્ઠાના રૂપમાં અકડાઈ જાય છે અને અંતે માણસ અપંગ બને છે. આ રોગને લેથિરિઝમ કહે છે. તે જ્ઞાનતંતુની વ્યવસ્થાને અસર કરે છે. આ દાળમાં ટૉક્સિન—ઝેરી પદાર્થ રહેલો છે,જે પેટમાં આંતરડાં મારફત ખોરાક પસાર થાય તે દરમિયાન ચુસાય છે અને જ્ઞાનતંતુઓ જકડાઈ જાય છે. આ ભયંકર રોગથી બચવા માટે લાંગની દાળનો બિલકુલ ઉપયોગ ન કરવાની ભલામણ કરવામાં આવે છે.

(કૃષિપત્ર)

સૌરાષ્ટ્રની એક વિરલ મૂર્તિ : સૂર્ય



દેહમાં ચમત્કાર સર્જતાં અંગોની પૂજા અ-નાર્યોએ શરૂ કરી; કુદરતમાં ચમત્કાર સર્જતાં તત્ત્વોની ઉપાસના આર્યોએ અપનાવી. આવાં તત્ત્વોમાં એક છે: સૂર્ય. વેદમાં પૂષા સૌથી પ્રિય દેવ જણાય છે. આ પ્રાકૃતિક તત્ત્વપૂજા-માં મૂર્તિ ક્યારે દાખલ થઈ તે હજુ પ્રશ્ન છે.

સૂર્યમૂર્તિવિધાન ઈશાનથી આવ્યું હોવાનું મોટા ભાગના વિદ્વાનો નોંધે છે. પગમાં આખા બૂટ, ટોપ જેવો ઊંચો મુકુટ અને કમરબંધ માટેનો 'વિયંગ' શબ્દ, તે પરદેશી હોવાનાં અનુમાન થાય છે. આ પ્રકારના 'ઉદ્દીચ્ય વેશ' વિનાની સૂર્યમૂર્તિઓ પણ મળે છે.

અનેક પ્રાકૃતિક તત્ત્વોની ઉપાસના કરતા આર્યોમાંથી સૂર્યને જ મહત્ત્વ આપતા લોકોનો એક સૌર પંથ પ્રવર્ત્યો. આ સૌરપંથી જ્યાં વસતા તે સૌર-રાષ્ટ્ર,—પાછળથી એમાંનો એક 'ર' વિલીન થયો અને થયું સૌરાષ્ટ્ર.

સૌરાષ્ટ્રમાં સૌથી પ્રથમ સૂર્યપૂજા હતી તેનાં ઘણાં એંધાણ મળે છે. અહીં આજ પણ અનેક પ્રાચીન સૂર્યમંદિરો અને સૂર્યમૂર્તિઓ પ્રાપ્ત છે. ઊભી, આજુબાજુ છાયા-સંજ્ઞાથી અલંકૃત, અને સપ્તઅશ્વયુક્ત રથમાં બિરાજ-માન એવા ત્રણ એના પ્રકાર છે, જેમાં રથારૂઢ અતિવિરલ છે. ડૉ. સાંકળિયાએ પ્રભાસક્ષેત્રની અને જૂનાગઢ મ્યૂઝિયમમાં પ્રદર્શિત થએલી એક વિરલ મૂર્તિ નોંધી છે. એવી જ એક બીજી વિરલ મૂર્તિ અહીં આપી છે.

પોરબંદર પાસેના નંદેશ્વર મંદિર-સમૂહમાં આવેલી આ મૂર્તિમાં સાત અશ્વો તથા રથમાં ઉત્કટિકાસનમાં બંને હાથે કમલધારી બિરા-જેલા સૂર્યદેવ, મૂર્તિ પૂરી સ્પષ્ટ ન હોવા છતાં ય, એની સૌમ્ય કાન્તિ વેરતા જણાય છે. પગ વચ્ચે વસ્ત્રની પાટલી જેવો લાગતો ભાગ કદાચ રથ હાંકતો અરુણ હોય. (આ પ્રકારની મૂર્તિ-ઓમાં એવી રીતે અરુણ હોય છે તેથી આ સંભા-વના કરું છું.) સાતમી સદીની લાગતી આ મૂર્તિ સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓમાંની એક છે.

લેખન અને તસવીર: નરોત્તમ પલાણ

'અંક રહસ્ય' (એમ. એન. ખત્રી)

સંખ્યાઓમાં અનેક પ્રકારની વિચિત્રતાઓ પરોક્ષ રીતે સમાએલી હોય છે, જે ગણિતના અભ્યાસીને સહજ છે. ૧ થી ૧૦ સુધીના આંકડાઓની ગમ્મતભરેલી બીજી થોડી વિચિત્રતાઓ જુઓ: [(૧)×(૨)]÷૨=૧

[(૧+૨+૩)×(૪+૫+૬)÷૨=(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯)=૪૫

[(૧+૨+૩+૪+૫)×(૬+૭+૮+૯+૧૦)]÷૨(૧+૨+૩+૪...+૨૪)=૩૦૦

[(૨+૩+૪+૫)×(૬+૭+૮+૯)]÷૨=૨૧૦=(૧+૨+૩+૪...+૨૦)

[(૧+૨+૩)×(૧+૨+૩+૪+૫)]÷૨=૪૫=(૧+૨+૩+૪+૫+૬+૭+૮÷૯)

(૧+૨)×(૩+૪)=(૧+૨+૩+૪+૫+૬)=૨૧

(૨+૩)×(૪+૫)=(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯)=૪૫

[(૧+૨)×(૩+૪)]+(૨+૩)×(૪+૫)]÷૬૬=(૧+૨+૩+૪+......+૧૧)

(૨+૩)×(૬+૭+૮)=(૧+૨+૩+૪......+૧૪)=૧૦૫

(૧+૨+૩+૪)×(૩+૪÷૫)=(૧+૨+૩+૪+......+૧૫)=૧૨૦

(૧+૨+૩+૪)×(૧+૨+૩+૪+૫+૬)=(૧+૨+૩+૪+......+૧૫=૨૧૦

---

for finest in School Exercise books etc.

BOMBAY AGENCIES MFG. CO.



ASSOCIATES OF CHIMANLAL PAPER CO.
MACMILLON BLDG.
276 • D.N. ROAD
BOMBAY-1 BR
PHONE- 262041 — 42 • 262210

ઉચ્ચ કક્ષાના કલાત્મક હેન્ડમેઈડ પેપરના દિવાળી તથા ક્રીસ્ટમસ કાર્ડ્સ-એક્સપોર્ટ ક્વૉલિટીના

ઉપરાંત

દરેક પ્રકારના સ્પેશીઅલ ઊંચી કક્ષાના કાગળો

વળી

કલાત્મક સ્ટેશનરી, સુંદર ઊંચી ક્વૉલિટીની જાણીતી અજન્ટા (CIPAPCO) એકસરસાઇઝ બુકો—નાની મોટી સ્કેચ ડ્રૉઈંગ અને ગ્રાફબુકો

બૉમ્બે એજન્સીસ મેન્યુ. કું.


૨૭૬, દાદાભાઇ નવરોજી રોડ, મેકમીલન બિલ્ડિંગ, મુંબાઇ BR. 1

(ચીમનલાલ પેપર કુાં.ના એસોશીએટ)

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૨, ૧૯૫૩ : ઇંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથ બીજાનો રાજ્યાભિષેક. વ્યાપક લોકશાહીના આ યુગમાં અને બ્રિટનની પ્રજા પોતાનો રાજ્ય-વહીવટ જાતે ચલાવતી હોવા છતાં ત્યાં રાજવીનો મોભો કદાચ દુનિયામાં સૌથી વધુ સારી રીતે જળવાઈ રહ્યો છે. એટલે આ રાજ્યારોહણનો અત્યંત દબદબાભર્યો પ્રસંગ દુનિયાભરના આકર્ષણનો વિષય બનેલો. એને વધુ ગૌરવ આપવા અંગ્રેજ પર્વતારોહકોએ દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટને સર કર્યાના ખબર પણ આ તારીખ સુધી ગોપિત રખાયા હતા.

તા. ૪, ૫૯૦ : સમ્રાટ હર્ષવર્ધનનો જન્મ. ભારતના ત્રણ મહાન ચક્રવર્તી સમ્રાટો-ચંદ્રગુપ્ત મૌર્ય, સમુદ્રગુપ્ત અને હર્ષવર્ધન. સ્થાણ્વીશ્વર (કુરુક્ષેત્ર પાસેના થાણેશ્વર)ના પ્રતાપી સૂર્યપૂજક રાજા પ્રભાકરવર્ધનનો એ બીજો પુત્ર. પિતા પછી ગાદીએ આવેલા મોટા ભાઈ રાજ્યવર્ધનના ખૂનનો બદલો લેવા કરેલી ચડાઈમાં અને પછી મિત્ર મહાનાગને સહાય



'સ્વહસ્તો મમ મહારાજાધિરાજ શ્રી હર્ષસ્ય'
સમ્રાટ હર્ષના હસ્તાક્ષરો

કરવા જતાં એણે વિંધ્યાચળની ઉત્તરના સમગ્ર ભારત પર વિજય મેળવ્યો હતો ને તેની સ્મૃતિમાં (ઈ. ૬૧૨ના ઑક્ટોબરથી) હર્ષસંવતનો પ્રારંભ કરેલો. આ પછી દક્ષિણમાં કોંગોદ મંડલ, ચોલમંડલ તથા મહામલ્લ જીતી ઈ. ૬૪૩માં એ સમસ્ત ભરતખંડનો ચક્રવર્તી સમ્રાટ બન્યો. હર્ષના પૂર્વજો સૂર્યોપાસક અને ભાઈ તથા બહેન બૌદ્ધ હતા. પોતે શૈવ હતો પણ બૌદ્ધો પ્રત્યે તેને પક્ષપાત હતો. નાલંદા વિહારને એણે પુનર્જીવિત કરી પ્રગતિની ટોચે પહોંચાડયો. પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુઆન સાંગને એણે આમંત્રણ આપ્યું. ચીની સમ્રાટ તઆઇત્સુન અને ઈરાનના શાહ યઝદેજર્દ સાથે તેણે મૈત્રી ને રાજકીય સંબંધો સાંધેલા. પોતે સંસ્કૃત કવિ પણ હતો. તેના દરબારમાં દિવાકર, મયૂર ને બાણભટ્ટ જેવા ખ્યાતનામ કવિઓ હતા. 'પ્રિયદર્શના', 'નાગાનન્દ' અને 'રત્નાવલી' નામનાં ત્રણ નાટકો પણ હર્ષવર્ધને લખેલાં. તેનો રાજ્યકાળ દેશનો સુવર્ણકાળ હતો. ઈ. ૬૪૮માં નિઃસંતાન અવસાન થવાથી તેના પછી તેનું ચક્રવર્તીત્વ છિન્નભિન્ન થઈ ગયું.

તા. ૫, ૧૮૫૭ : સ્વાતંત્ર્ય સંગ્રામમાં નાનાસાહેબે કાનપુર કબજે કર્યું.



કાનપુરના કિલ્લામાં ઘેરાએલા અંગ્રેજો

મધરાતે કાનપુરની છાવણીમાં અચાનક ત્રણ તોપધડાકા થયા. કાનપુરમાં વિપ્લવના આરંભનું એ સૂચન હતું. ટીકાસિંહની સરદારીમાં હજારો સૈનિકો મેદાને પડયા. અને અંગ્રેજ ખજાનો તથા દારૂગોળાનો ભંડાર કબજે કર્યો. નગરવાસીઓએ દિલ્હીસમ્રાટને અધીન નાનાસાહેબને પોતાનો રાજા બનાવ્યો. ૬ઠ્ઠીએ નાનાએ કિલ્લામાં ભરાઈ ગએલા અંગ્રેજો-ને ચેતવણી આપીને પછી ત્યાં સતત તોપમારો ચલાવી ૨૬મી એ તેમને શરણે આવવા ફરજ પાડી ને ત્યાંનો શસ્ત્રભંડાર તથા ખજાનો પણ કબજે કર્યો. કાનપુર શહેર, છાવણી અને આસપાસના વિસ્તારમાંથી કંપનીના રાજ્યનાં બધાં ચિહ્નોનો નાશ કર્યો. ૨૮મીએ એક દરબાર ભરી સિપાઈ-ઓ તથા પ્રજાની પ્રશંસા કરી ઈનામ તરીકે ફોજમાં એક લાખ રૂપિયા વહેંચ્યા ને તે પછી બિઠૂર જઈ જુલાઈની ૧લીએ નાનાસાહેબ વિધિસર પેશવાની ગાદી ઉપર બેઠો.

તા. ૧૦, ૧૯૦૦ : કવિ 'કલાપી'નું અવસાન. કાઠિયાવાડના લાઠી સંસ્થાનના એ રાજવી. સૂરસિંહજી ગોહિલ એમનું નામ. ૧૮૯૧માં દેશભરના



પ્રવાસમાંથી લખેલા એકવિસ્તીર્ણ ને સુંદર પત્ર 'કાશ્મીરનો પ્રવાસ'થી લેખનની અને 'ફકીરી હાલ' નામની ગઝલથી એમણે કાવ્યની શરૂઆત કર્યા પછી જે ધસારાબંધ કાવ્યપ્રવાહ ચલાવ્યો તેની પ્રતીતિ 'કલાપીના કેકારવ'માંથી મળે છે. સૌન્દર્ય ને સ્નેહ એ એમનાં કાવ્યનાં બે પ્રેરક બળો. સ્નેહથી પ્રેરાઈ એમણે પુનર્લગ્ન કર્યું. આ લગ્નજીવનનો પ્રેમ એ એમના આંતરજીવનનો સર્વોપરિ ભાગ છે. કાવ્યો ઉપરાંત, લઘુનવલ ને ધર્મતત્ત્વવિચાર પણ એમની કલમે ખેડયા હતા. એમના પત્રોમાં પણ એમના જીવનના ધબકાર જોવા મળે છે. માત્ર ૨૬ વર્ષની વયે એમનું અવસાન થયું ને આ વિચારવંત તથા રસમય જીવનનો અંત આવ્યો એ ગુજરાતી સાહિત્યનો એક કરુણતમ બનાવ છે.

તા. ૧૮, ૧૮૧૫ : વૉટર્લૂના યુદ્ધમાં યુરોપને ધ્રુજાવનાર ફ્રેંચ સમ્રાટ નેપોલીઅનનો અંગ્રેજોને હાથે પરાભવ. ઈ. ૧૮૧૭માં આ વિજયની



વૉટર્લૂનું યુદ્ધ

યાદમાં લંડનમાં 'વૉટર્લૂ બ્રિજ' નામે એક મોટો પુલ ખુલ્લો મુકાયો હતો જે જીર્ણ થઈ જતાં દસ વર્ષ સુધી ચાલેલા વિવાદ બાદ ૧૯૩૬માં તેને સ્થાને નવો પુલ મૂકવાનો નિર્ણય લેવાએલો.

તા. ૨૫, ૧૯૩૯ : ગુજરાતમાં બાળકેળવણીના પ્રખર પુરસ્કર્તા ગિજુભાઈ બધેકાનું અવસાન.


તા. ૨૭, ૭૧૨ : મહમદ બિન કાસિમની સિંધ પર ચડાઈ જેમાં રાજા દાહિરની હાર થતાં ભારતમાં ઈસ્લામના પગ પેસારાનો આરંભ થયો.

જાત ન પૂછો સાધ કી, પૂછ લીજિયે જ્ઞાન;
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.

અમેરિકાના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનની રાજકચેરીમાં એક મોભાદાર જગ્યા ખાલી પડેલી. તેને માટે આવેલી અરજીઓમાં વૉશિંગ્ટનના એક નિકટના મિત્રની પણ અરજી હતી, અને સૌને ખાતરી હતી કે એ જગ્યા તે મિત્રને જ મળશે. પણ નિમણૂક જાહેર થઈ ત્યારે સાંભળનારા સૌ સ્તબ્ધ થઈ ગયા કે વૉશિંગ્ટનનો એક વિરોધી જ એ જગ્યાએ નીમાયો છે! કોઇએ ખુલાસો પૂછતાં વૉશિંગ્ટને ઉત્તર દીધો: 'જે જગ્યા માટે તેણે ઉમેદવારી કરેલી તેને મારો મિત્ર લાયક ન હતો, જ્યારે ચૂંટાનાર જ ખરો લાયક હતો. તે મારો વિરોધી હતો તેથી શું થયું? ન્યાય તો શક્તિવાનની જ કદર માગે.'

ગણિતગમ્મત: ૪૩૫૬ એ એવી ચાર અંકી સંખ્યા છે જેમાં ૩ થી ૬ સુધીના ક્રમિક અંકો વપરાયા છે. ખૂબી એ છે કે એ સંખ્યાને દોઢ ગણી કરશો એટલે એ જ સંખ્યાના આંકડા ઉલટાઇને ૬૫૩૪ આવશે! —મ. ના. ખત્રી

કહેવતોના અર્થ: 'પાન ખાઇને પદમણી થયાં'–સત્ત્વ વિનાના માણસો ઉપરછલ્લી ટાપટીપ કરીને મોટાઇનો ખોટો ડોળ કરે છે તે દર્શાવવા માટે વપરાતી કહેવત.




થીએટર આગળ ટિકિટ લેવા ઊભી રહેલી માણસોની આ હારની લંબાઈ તમે શું ધારો છો? એ થીએટરની ઊંચાઈ જેટલી જ છે. ટૂંકી લાગે છે તે દૃષ્ટિભ્રમ છે.


'લગ્ન પછીનાં બે વર્ષમાં મારે માટે આ છેલ્લો મહિનો સારામાં સારો વીત્યો હતો.'

'અને હવે?'

'હવે એ પીયરથી પાછી આવી ગઈ છે.'



કલાકણિકા: આ અંકમાં જેનું ચરિત્ર આપ્યું છે એ આલ્બ્રેખ્ટ ડયુરરની એક સુંદર રેખાગૂંથણી. એમાં વચ્ચેના વર્તુળમાં દેખાતી સમગ્ર ભાત એકબીજા વળાંકામાં નીચે ઉપરથી પસાર થતી સળંગ એકજ રેખાની કૌશલભરી રચના છે.



જ્યારે શૂન્ય અંશ ફેરનહાઇટથી પણ નીચે ઉષ્ણતામાન જાય ત્યારે માણસની કાર્યશક્તિ દર અંશે બે ટકા જેટલી ઘટતી જણાઈ છે.



વીજળીના દીવાની શોધ જે ક્રમે આગળ વધી તે દર્શાવતા જુદાજુદા તબક્કાઓનાં ચિત્રો: (૧) ૧૮૭૭નો જેબ્લોચકૉફનો કાર્બન આર્કનો દીવો; (૨) ૧૮૭૮માં સ્વૉને ઇંગ્લૅંડમાં બનાવેલો કાર્બન ફિલામેન્ટવાળો લૅમ્પ; (૩) ૧૮૭૯માં એડિસને બનાવેલો તેવો જ લૅમ્પ; (૪) ૧૮૯૭માં નર્ન્સ્ટે બનાવેલો ધાતુની ફિલામેન્ટવાળો લૅમ્પ; (૫) વૅક્યૂમવાળો ફિલામેન્ટ લૅમ્પ; (૬) ૧૯૧૩માં લૅન્ગમૂરે શોધેલો ને હાલ ચાલતો ગૅસ ભરેલો ફિલામેન્ટ લૅમ્પ.

વગર પૈસાનું વૈદું!

નટવરલાલ માલવી કૃત નવાં

(૧) મારો શિવાંબુપ્રયોગ, (૨) બમીં યોગોપચાર, (૩) અલૂણાંનો જાદુ, (૪) બહુરૂપી ખરજવું, (૫) બફા સો નફા, (૬) ભામા: મનના તનના.

૭ ચોપડીઓ ૬–૦૦
[૭–૫૦ રૂ.નો મ. ઑ. કરવો]
(બંને ગુચ્છ માટે રૂ. ૧૩–૭૫)

શાળાનાટકો

(૧) સુંદર (૨) મજાનાં (૩) વીર (૪) શૂરાં (૫) સહેલાં (૬) રસમય (૭–૮) પ્રતાપી–શાળાનાટકો.
દરેકના રૂપિયા બે, કુલ રૂ. ૧૬–૦૦
[૧૮ રૂપિયાનો મ. ઑ. કરવો]

જયવંત દળવી

ઘાયલ કી ગત ઘાયલ જાણે!	૮–૦૦
દુનિયા: અંતરભીતર	૮–૫૦
ફજેતફાળકો	૮–૫૦
દુનિયા: ઊંધાં ચશમાં	૮–૫૦
દુનિયા: ચોરબજા...ર!	૫–૦૦

બ્રહ્માંડનો ભેદ

ગુપ્ત રહસ્યોની ખોજમાં	૧૨–૫૦
પારસમણિની શોધમાં	૯–૦૦
મોતની મુસાફરી	૫–૫૦
ઐરાવતની આરાધના	૧૫–૦૦

આખા ગુચ્છના રૂ. બેંતાળીસ.

બકોર પટેલ

(હરિપ્રસાદ વ્યાસ)

ધોળકું ધોળ્યું!	૩–૦૦
હસે તેનાં વસે!	૩–૦૦


ચંદ્રવદન મહેતા

નાટ્ય ગઠરિયાં	૮–૫૦
રૂપ ગઠરિયાં	૬–૫૦
રંગ ગઠરિયાં	૬–૫૦

ગાંડીવ સાહિત્ય મંદિર
લાલગેટ, ચૌટાપુલ, સુરત-૧

પ્રાર્થનાબદ્ધ હાથ : કહેવાય છે કે ચિત્રકાર બનવાની મહેચ્છાથી એક સાથે તાલીમ આરંભ્યા બાદ વર્ષો પછી આલ્બ્રેખ્ટ ડ્યુરર અને તેના મિત્ર ફ્રાન્ઝે 'પ્રભુનો પ્રેમ' નામે એક ચિત્ર દોરવા વિચાર્યું. કામ પૂરું થયું ત્યારે આલ્બ્રેખ્ટના ચિત્રની ઉત્કૃષ્ટતા જોઈ ફ્રાન્ઝને પોતાની મર્યાદાઓનું ભાન થયું ને એ હતાશ થઈ ગયો. બે હાથ જોડી ભાંગ્યાતૂટ્યા પણ મર્દાનગીભર્યા સ્વરે પોતાની મર્યાદા સ્વીકારી ડ્યુરરની પ્રશંસા કરી પોતાની સાધના જારી રાખવા કહેવા લાગ્યો. પણ આલ્બ્રેખ્ટ એને અધવચ્ચે જ રોકી પેલા જોડેલા હાથનો ત્વરિતાલેખ (સ્કેચ) કરવા લાગી ગયો. અંતરની ઉજ્જ્વલ આશાને ત્યજી દેતી વેળાએ પણ પ્રભુમાંથી શ્રદ્ધા નહિ ગુમાવનાર એ મિત્રની મધુર મર્દાનગીભરી વિરલ ભાવનાનું આલ્બ્રેખ્ટે એ જોડાએલા હાથમાં જે દર્શન કર્યું તેને તેણે તુરત જ કાગળ પર ઉતારી લીધું. આગળ જતાં 'ધ ઍસમ્પ્શન ઑવ ધ વર્જિન' નામના એક ચિત્રમાં આલ્બ્રેખ્ટે એક સંતના પ્રાર્થનાબદ્ધ હાથના આલેખનમાં તેનો સુંદર સચોટ વિનિયોગ કર્યો છે.





અજંટાના કલામંડપો શોધાયા પછી મુંબાઈ કલાશાળા (જે. જે. સ્કૂલ ઑવ આર્ટ)ના પ્રિન્સિપલ મિ. ગ્રિફિથ્સે એને પહેલવહેલા જોયા ત્યારે, આજના મુકાબલે ત્યાંનાં ભીંતચિત્રો રંગે ખૂબ તેજસ્વી અને સંખ્યામાં સવિશેષ હતાં. એ મંડપો જ્યારે જીવંત હશે ત્યારે બૌદ્ધ સાધુઓ ત્યાં કેમ વસતા-વિચરતા-વિહરતા હશે તેની કલ્પના કરીને ગ્રિફિથ્સે તેમાં સજીવારોપણ કરતાં કેટલાંક તૈલ ચિત્રો કરેલાં. તે પૈકીનું એક ચિત્ર ભાવનગરના મહારાજાના મહેલમાંથી કઢાવીને શ્રી રવિશંકર રાવળે તેના પરથી જાહેર જનતાના આસ્વાદ અર્થે આ અનુકૃતિ કરી લીધેલી. (જુઓ આ અંકમાં એમનું આત્મકથાનક). અજંતાનાં એ ગુફામંદિરો જેમણે જોયાં હશે, તેમને આ જોઈને પ્રસન્નતા થશે, અને જેમણે નહિ જોયાં હોય તેમને તેને વિષેની ઉત્કંઠા.



આલ્બ્રેખ્ટ તેર વર્ષની વયે






હબસી

◁ માનવદેહની અભ્યાસનોંધ



કલાગુરુ માઇકેલ વૉલ્ગમુટ

હતો તો સોની કારીગરનો પુત્ર, અને પિતાની ઇચ્છા પણ એને એ ધંધામાં જ પલોટવાની હતી, પણ મહત્ત્વાકાંક્ષી ડ્યુરરે છેક નાનપણથી ચિત્રકાર બનવા માટે આપમેળે પુરુષાર્થ કરવા માંડ્યો હતો. માત્ર તેર વર્ષની વયે તેણે તેમાં જે સિદ્ધિ મેળવેલી તે ત્યારે આલેખેલી એની પોતાની તસ્વીરમાં જોવા મળે છે. એના વખતમાં જર્મનીમાં સામે વિવસ્ત્ર પાત્ર બેસાડીને કે મૃત માનવીનું છેદન કરીને માનવદેહના અંગ-પ્રમાણનો અભ્યાસ નિસિદ્ધ હતો. પણ ડ્યુરરની જિજ્ઞાસા અને ચીવટ માત્ર કલ્પનાથી રાચે તેમ નહોતી. એણે પોતાના જ દેહને વિવસ્ત્ર આ-લેખીને તેનો અભ્યાસ કર્યો (વચ્ચેનું આલેખન). જમણી બાજુ હબસીની મુખાકૃતિની નોંધ છે. ડાબી બાજુ એના ચિત્રગુરુની તસવીરમાં એની ઘડાએલી હથોટીની સ્પષ્ટ છાપ દેખાય છે.


tia in labijs tuis. Responsori.
Propterea bñdixit te deus in
eternum. Pater noster. Et ne
nos. Benedictio. Precibus et
meritis vt sequitur post.
Iste psalmus et alij duo se-
quentes cum suis antiphonis
dicuntur diebus martis et ve-
neris: antiphona Specie tua:
et pulchritudine. Psalmus.
Eructauit cor meū ver-
bum bonum: dico ego
opera mea regi. Lingua mea
calamus scribe: velociter scri-

જમણી બાજુ : એમ્પરર મૅક્ષ્સિમિલિયનની પ્રાર્થનાપોથીના હાંસિયામાં ડ્યુરરે કરેલું શોભન-આલેખન. નીચે : દીપ-ઝુમ્મરને માટે ડ્યુરરે કરેલો એક જલરંગી સ્કેચ. ડ્યુરરની કલ્પનાશક્તિનો એક વ્યાવહારિક વિનિયોગ.

